પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૭-૦૮-૨૦૨૫-બુધવાર, સુરત



સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૨૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# વૈષ્ણોદેવી યાત્રા માર્ગમાં ભૂસ્ખલનમાં મૃત્યુઆંક ૩૩

## જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને પૂરથી તબાહીનું તાંડવ : અર્ધ કુંવારી વિસ્તારમાં કાટમાળ હેઠળ અનેક લોકો દટાયા : ૨૩ યાત્રાળુઓ ઘાયલ




નવી દિલ્હી, તા. ૨૭

જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ-ભૂસ્ખલનથી તબાહીનું તાંડવ સર્જાયુ છે.માતા વૈષ્ણોદેવી રૂટ પર સર્જાયેલા ભુસ્ખલનમાં ૩૩ લોકોના મોત નીપજયા હતા. જેમાં મોટાભાગનાં શ્રધ્ધાળુ હોવાની આશંકા છે. હજુ અનેક કાટમાળ હેઠળ દબાયેલા હોવાથી મૃત્યુંઆંક વધવાની ભીતિ સેવવામાં આવી રહી છે.ફોન-ઈન્ટરનેટ સહિતની સંચાર વ્યવસ્થા બંધ થવાથી ભારે મુશ્કેલી છે અનેક ટ્રેનો પણ રદ કરી નાખવામાં આવી છે.

પર્વતીય-પ્રવાસન રાજય એવા જમ્મુ-કાશ્મીરમાં સતત બે દિવસથી વરસી રહેલા વરસાદથી આફતની હાલત સર્જાઈ છે જમ્મુ-કટરાથી વૈષ્ણોદેવીના માર્ગે અધવચ્ચે જ અર્ધકુંવારી ક્ષેત્રમાં ભયાનક ભૂસ્ખલન સર્જાયુ હતુ. તેમાં ૩૦ લોકોનાં મોત નીપજયા હતા અને ૨૭ ઘાયલ હતા.કાટમાળ હેઠળ હજુ અનેક લોકો દબાયેલા હોવાની આશંકાથી યુદ્ધના ધોરણે રાહત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

સતાવાર સુત્રોએ કહ્યું કે બચાવ કામગીરીમાં સૈન્ય જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. ફસાયેલા લોકોને ઉગારવા માટે સૌથી હેલીકોપ્ટર સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે.જમ્મુનાં પોલીસ વડા પરમવીરસિંહે કહ્યું કે ભૂસ્ખલનમાં ૩૦ ના મોત થયા છે જયારે એક કાર તણાઈ જતાં ત્રણ લોકો તણાઈ ગયા હતા. આ ત્રણમાંથી બે શ્રધ્ધાળુઓ રાજસ્થાન તથા એક આગ્રાના હતા. એકધારા ભારે વરસાદથી માર્ગો પુલો ધસી જવા સાથે પૂરની હાલત સર્જાઈ છે.ભારે વરસાદ પુર જેવા પાણી તથા ભૂસ્ખલનને કારણે જમ્મુનો સંપર્ક દેશનાં અન્ય ભાગો સાથે કપાઈ ગયો છે. માર્ગ અને રેલસેવા પણ બંધ થઈ છે. જમ્મુની ૨૦ ટ્રેનો રદ કરી નાખવામાં આવી છે. ચિનાબ તથા ઉજજ સહીત તમામ નદી ખતરાની સપાટીથી ઉંચા સ્તરે હોવાથી લોકોને એલર્ટ કરવામાં આવ્યા છે.સતત વરસાદથી અનેક માર્ગો-બ્રિજ પણ તણાઈ ગયા છે. જમ્મુમાં પૂરની હાલતથી નિચાણવાળા ભાગોમાંથી ૩૫૦૦ લોકોને સુરક્ષીત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા.જમ્મુનાં સીનીયર અધિકારીએ કહ્યું કે તંત્ર બેવડા પડકારનો સામનો કરી રહ્યું છે. માતા વૈષ્ણોદેવી માર્ગે ભુસ્ખલનમાં બચાવ કામગીરી ઉપરાંત જમ્મુમાં પૂર સ્થિતિને કારણે બચાવ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.જીલ્લા તંત્ર, પોલીસ એનડીઆરએફ એસડીઆરએફ ઉપરાંત સૈન્ય જવાનો પણ રાહત બચાવ કામગીરીમાં સામેલ છે.

જમ્મુ ક્ષેત્રમાં તમામ નદી ગાંડીતુર થતા પૂર સ્થિતિથી સમગ્ર માળખાકીય સુવિધા અસ્તવ્યસ્ત નારાજ થઈ છે. મોટા પથ્થરો ઝાડ પડતા અને મકાનો-માર્ગો તણાયા હતા તેમાં ચાર લોકોનાં મોત થયા હતા.કાશ્મીરનાં મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાએ કહ્યુ કે સંચાર વ્યવસ્થા ખોરવાયેલી છે જે ફરી શરૂ કરવા પ્રયાસો છે અનેક સ્થળોએ ઓપ્ટીકલ ફાઈબરને નુકશાન થતા ફોન-નેટ સેવા ઠપ્પ થઈ ગઈ હતી.



**લાલ બાગચા રાજા** | આજથી ગણપતિ મહોત્સવનો આરંભ થયો છે. મુંબઈના સુપ્રસિદ્ધ લાલ બાગના રાજા તરીકે ઓળખાતા ભવ્ય ગણેશ મહોત્સવના ગણપતિ મહારાજાની પ્રતિમાની આ તસ્વીર છે

# પંજાબમાં છત પરથી હેલીકોપ્ટર ઉડયુ અને આખી ઈમારત તણાઈ ગઈ



## પંજાબના ૭ જિલ્લાઓ ભીષણ પુરની ઝપેટમાં

નવી દિલ્હી, તા. ૨૭

પંજાબમાં સતત વરસાદને કારણે ૭ જિલ્લાઓ પૂરની ઝપેટમાં છે. બુધવારે, સેનાએ રાજ્યના માધોપુર હેડવર્ક્સ ખાતે પૂરના પાણીમાં ઘેરાયેલી એક જર્જરિત ઈમારતમાંથી ૨૨ CRPF જવાનો અને ૩ નાગરિકોને હેલિકોપ્ટર દ્વારા રેસ્ક્યૂ કર્યા હતા.રેસ્ક્યૂ માટે, સેનાનું હેલિકોપ્ટર જર્જરિત ઈમારતની છત પર ઉતર્યું હતું.

હેલિકોપ્ટર છત પરથી ઉડાન ભર્યા પછી, ઈમારતનો આગળનો ભાગ તૂટી પડ્યો અને પાણીમાં સમાઈ ગયો. આ પછી પણ, સેનાએ કામગીરી બંધ કરી નહીં અને જર્જરિત ઈમારતની છત પર ફસાયેલા તમામ લોકોને બચાવ્યા. ભારતીય સેનાએ બચાવ કામગીરીનો વીડિયો ઠ પર શેર કર્યો છે.

મહારાષ્ટ્રમાં અવિરત વરસાદ વચ્ચે, બુધવારે સવારે પાલઘર જિલ્લાના વિરાર પૂર્વમાં એક ચાર માળની બિલ્ડિંગ ધરાશાયી થઈ. જેમાં ત્રણ લોકોના મોત થયા અને ૯ લોકો ઘાયલ થયા. લગભગ ૮ થી ૧૦ લોકો હજુ પણ ફસાયેલા છે. બચાવ કામગીરી ચાલુ છે. રમાબાઈ એપાર્ટમેન્ટ નામની આ બિલ્ડિંગમાં લગભગ

અનુસંધાન પાના ૭ પર

# વસઈમાં ઈમારતનો ભાગ તૂટી પડતા ૨નાં મોત, ૧૧નો ઉગારો

### ચારમાળની ઉમારતના કાટમાળ હેઠળ અનેક લોકો દટાયા હોવાની આશંક

નવી દિલ્હી, તા. ૨૭

મુંબઈના વસઈ વિસ્તારમાં નારંગી રોડ પર સ્થિત રમાબાઈ એપાર્ટમેન્ટનો એક ભાગ ધરાશાયી થયો. મોડી રાત્રે ચાર માળની ઈમારતનો પાછળનો ભાગ ધરાશાયી થયો. વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર બ્રિગેડ અને NDRFની ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી.

નારંગી રોડ પર ચામુંડા નગર અને વિજય નગર વચ્ચે સ્થિત રમાબાઈ એપાર્ટમેન્ટની ચાર માળની ઈમારતનો પાછળનો ભાગ ગઈકાલે મોડી રાત્રે ધરાશાયી થયો.અત્યાર સુધીમાં ૧૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ વિસ્તાર મુંબઈ ઉપનગરનો ભાગ છે પરંતુ પાલઘર જિલ્લામાં આવે છે. પાલઘર પોલીસે જણાવ્યું હતું કે, 'વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયર બ્રિગેડ અને બે NDRF ટીમોની મદદથી બચાવ કામગીરી ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૧૧ લોકોને

અનુસંધાન પાના ૭ પર

# ભારત પર ૫૦ ટકા ટેરિફનો અમેરિકામાં અમલ

## ભારતમાં ટેક્ષટાઈલ-ગારમેન્ટ ઉદ્યોગને સૌથી મોટી અસર : અમેરિકી બજારમાં ૪૫ અબજ ડોલરની નિકાસ પર અસર થશે

નવી દિલ્હી, તા. ૨૭

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજથી અમલી બનાવેલા ભારત પરના ૫૦% ટેરીફની અસર પ્રથમ દિવસથી જ શરૂ થઈ છે. ભારત સરકાર આ ટેરીફ સામે કઈ રીતે ૫૦% ટેરીફની અસર પ્રથમ દિવસથી જ શરૂ થઈ છે.

ભારત સરકાર આ ટેરીફ સામે કઈ રીતે મુકાબલો કરી ઘરઆંગણે ઉત્પાદન-રોજગાર વિ.ને અસર ન થાય તે માટેના વ્યુહો ગોઠવી રહી છે પણ આ ટેરીફ ભારતના અમેરિકા ખાતેની નિકાસના ૬૦ બીલીયન ડોલરની નિકાસ પર અસર કરશે.ખાસ કરીને ટેક્ષટાઈલ રેડીમેઈડ ગારમેન્ટ, જેમ્સ-જવેલરી દરિયાઈ પેદાશ- કારપેટ અને ફર્નીચર ઉદ્યોગને મોટું નુકશાન જશે જેની ૭૦% નિકાસ અમેરિકામાં થાય છે પણ આ ટેરીફ આવી રહ્યા છે તે નિશ્ચિત બનતા જ નિકાસલક્ષી એકમો સાવધ થઈ ગયા હતા.ધ ફેડરેશન ઓફ ઈન્ડીયન એકસપોર્ટના જણાવ્યા મુજબ તિરૂપતી નોઈડા સુરત સહિતના કેન્દ્રમાં જયાં ટેક્ષટાઈલ-ગારમેન્ટ ઉદ્યોગ નિકાસ પર આધારિત છે ત્યાં ફેકટરીઓમાં ઉત્પાદન થંભાવી દેવામાં આવ્યું છે તેમાં ૫૦% ટેરીફ વચ્ચે અમેરિકામાં નિકાસ કરી શકે તેમ નથી.

ખાસ કરીને વિયેતનામ-બાંગ્લાદેશ પર ઓછા ટેરીફ છે જે અગાઉ જ ભારતના સ્પર્ધક બની ગયા હતા તે આજે હવે વધુ લાભની સ્થિતિમાં છે. સમુદ્રી-ખાદ્ય પદાર્થ-સી ફુડ જે અમેરિકી માર્કેટમાં ૪૦% હિસ્સો ધરાવે છે તેની નિકાસ થંભી ગઈ છે અને તેના કારણે દરિયાઈ ખેડુતો- નિકાસકારોને મોટો ફટકો પડયો છે. એક વખત નિકાસ બજારમાં ટેરીફ ઘુસી જાય પછી કદાચ ટેરીફ-નીચા જાય તો આ પછી તેને છૂટ કરવા મુશ્કેલ બની જશે. કોફેડરેશન ઓફ ઈન્ડીયન ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝના જણાવ્યા મુજબ ટેક્ષટાઈલ ઉત્પાદકો હવે સરકાર સામે જુએ છે પણ જે કઈ પગલા

અનુસંધાન પાના ૭ પર

### અમેરિકાના પ્રમુખે હવે હદ વટાવી

# ભારત-પાકને ચેતવણી આપતા યુદ્ધનો તાકીદે અંત આવ્યો : ટ્રમ્પ

### પાક. સામેનું યુદ્ધ રોકવા મોદી સાથે વાત કરી હોવાનો ટ્રમ્પનો વધુ એક વખત દાવો

નવી દિલ્હી, તા. ૨૭

ઓપરેશન સિંદુર સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે કોઈ વાતચીત થઈ ન હતી તેવા વિદેશમંત્રી એસ.જયશંકરના દાવા વચ્ચે હવે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન મોદીનું નામ લઈને કહ્યું છે કે મે ભારત અને પાકિસ્તાન વચ્ચેનું પરમાણું યુદ્ધ રોકાવ્યુ હતું.

શ્રી ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં કેબીનેટ બેઠક સમયે પત્રાકારો સાથેની વાતચીતમાં કહ્યું કે, મે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી અને પાકિસ્તાનને પણ ચેતવણી આપી હતી કે જો બન્ને દેશો વચ્ચેનો તનાવ ચાલુ જ રહેશે તો અમેરિકા સાથેનો વ્યાપાર સમજુતી ઠપ્પ થઈ જશે.

ટ્રમ્પે જણાવ્યું કે, મારી આ ચેતવણીના કલાકોમાંજ ભારત-પાક વચ્ચેના યુદ્ધનો અંત આવ્યો હતો. ટ્રમ્પે ત્યાં સુધી કહ્યું કે મે મોદી સાથે વાત કરી હતી તે શાનદાર વ્યક્તિ છે.

મે પૂછયું કે પાકિસ્તાન સાથે શું

અનુસંધાન પાના ૭ પર

**મિચ્છામી દુક્કડં**

**આજે જૈન સંવત્સરીના પવિત્ર દિવસ નિમિત્તે 'પ્રતાપ દપર્ણ'દૈનિક સૌને મન, વચન અને કર્મથી મિચ્છામી દુક્કડં પાઠવે છે**



**લિ**
**વ્યવસ્થાપક**

### રાહુલ ગાંધીની બિહાર યાત્રામાં સીએમ સ્ટાલિન પણ જોડાશે

નવી દિલ્હી, તા. ૨૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા દરભંગાના જીવચ ઘાટથી શરૂ થઈ છે. યાત્રામાં સાથે તેમની બહેન પ્રિયંકા ગાંધી અને વિપક્ષના નેતા તેજસ્વી યાદવ પણ હાજર છે.

અનુસંધાન પાના ૭ પર



# એએમ-એનએસ ઇન્ટરનેશનલ સ્કૂલમાં નોલેજ ફેસ્ટનું આયોજન

## સ્વતંત્રતા સપ્તાહ નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં વિવિધ પ્રોજેક્ટ તથા મોડેલ રજૂ કરાયા



સુરત, તા.૨૭

એએમએનએસ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સ્વતંત્રતા સપ્તાહની ઉજવણી અંતર્ગત તાજેતરમાં "નોલેજ ફેસ્ટ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓએ, શિક્ષકો અને વાલીઓ સમક્ષ વિવિધ વિષયક પ્રોજેક્ટ્સ, પ્રસ્તુતિઓ અને મોડલ રજૂ કર્યા હતા.

ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ આગેવાની લેતા પોતાના વિષયક્ષેત્ર મુજબ અનોખાં પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. જેમાં કોમર્સના વિદ્યાર્થીઓએ હેઝ ફંડ્સ, હાઈપ માર્કેટ્સ, ઈન્ફ્લુએન્સર માર્કેટિંગ તથા સ્પોર્ટ્સ ઈકોનોમિના વિકાસ પર વિશ્લેષણ રજૂ કર્યા હતા. હ્યુમેનિટીઝના વિદ્યાર્થીઓએ સુરતના શહેર આયોજનનું મોડલ તૈયાર કરીને ભારત તથા વિદેશના શહેરોમાંથી શીખેલા પાઠને રજૂ કર્યા હતા. સાયકોલોજી અને બાયોલોજીના વિદ્યાર્થીઓએ સંયુક્ત રીતે "એપિજેનેટિક ડિસ્પ્લે" રજૂ કર્યું હતું, જેમાં સમજાવવામાં આવ્યું કે કેવી રીતે જીન્સની અભિવ્યક્તિ અને વર્તન પેઢી દર પેઢી અસર કરે છે. ફિઝિક્સના વિદ્યાર્થીઓએ રડાર સિસ્ટમ, અલ્ટ્રાસાઉન્ડ રેન્જિંગ અને રિન્યુએબલ એનર્જી સ્ટોરેજ માટે ગ્રેવિટી-બેટરી જેવા મોડલ પ્રદર્શિત કર્યા હતા. કોમ્પ્યુટર સાયન્સના વિદ્યાર્થીઓએ ફેસ રેકગ્નિશન ટૂલ અને હેન્ડ-જેસ્ચર્સને ટેક્સ્ટમાં રૂપાંતરિત કરતું સાઇન-લૅન્ગ્વેજ ઈન્ટરફેસ જેવા કાર્યરત પ્રોટોટાઈપ્સ પ્રદર્શનમાં રજૂ કર્યા હતા. આ ફેસ્ટને "જીવંત વર્ગખંડ" તરીકે સંબોધતા સુનિતા મટૂ, આચાર્ય, એએમએનએસ ઈન્ટરનેશનલ સ્કૂલે જણાવ્યું કે, "નોલેજ ફેસ્ટે સાબિત કર્યું કે શીખવું ત્યારે વધારે અસરકારક બને છે જયારે તે સહકારથી અને વાસ્તવિક જીવન સાથે જોડાયેલું હોય, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ મળીને નેશનલ એજયુકેશન પોલિસી ૨૦૨૦ની ભાવના કેમ્પસના દરેક ખૂણામાં જીવંત કરી બતાવી તે ગૌરવની વાત છે." કારકિર્દી ઘડતર તથા જીવનકૌશલ્યો પણ ફેસ્ટનું મહત્વનું આકર્ષણ રહ્યા હતા. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ "ફાઈનાન્સિયલ લિટરેસી કોર્નર" બનાવી બજેટિંગ અને સામાન્ય છેતરપિંડી વિશે સમજણ પૂરી પાડવાનો પ્રયત્ન કર્યો હતો. આ સાથે જ ન્યૂરોમાર્કેટિંગ, ફૂડ સ્ટાઈલિંગ, પબ્લિક પૉલિસી અને ગેમ ડિઝાઈનિંગ જેવા અનોખાં કરિયર વિકલ્પો પર માહિતી પણ પૂરી પાડવામાં આવી હતી. સાયબર સિક્યોરિટી, એથિકલ હેકિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર વિશેષ સત્રો પણ આ ફેસ્ટના મુખ્ય આકર્ષણો રહ્યા હતા.

# બેંક ઓફ બરોડા દ્વારા વડનગર ખાતે ૩૫ મહિલાઓને તાલિમ

## મહિલાઓને દ્વીચક્રીય તથા ત્રિચક્રીય વાહનો શિખવાડવામાં આવ્યા

સુરત, તા.૨૭

જિલ્લા વિકાસ અધિકારી મહેસાણાની પ્રેરણાથી વડનગર ખાતે પ્રવાસ પ્રવૃતિઓને વેગ મળે અને મહિલાઓને રોજગારી મળી રહે તે હેતુસર બેંક ઓફ બરોડા સંચાલિત ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા મહેસાણા ના ઉપક્રમે ૩૧ દિવસ ની તાલીમ - LMV Owner Driverનું આયોજન તારીખ ૨૨.૦૮.૨૦૨૫ ના રોજ વડનગર તાલુકાના જગાપુરા ગામ ખાતે કરવામાં આવ્યું. જેમાં વડનગર તાલુકાના ૧૦ જેટલા ગામોની સ્વ સહાય જૂથની ૩૫ જેટલી મહિલાઓ તાલીમ લઈ રહી છે. આ તાલીમમાં મહિલાઓ દ્વિચક્રીય અને ત્રી ચક્રીય અને મોટરકાર જેવા તમામ વાહનો શીખશે અને ચલાવશે. તારીખ ૨૫.૦૮.૨૦૨૫ ના રોજ તાલીમાર્થીઓની ની મુલાકાત ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન મહેસાણાના નિયામક શ્રી વિશાલકુમાર પટેલ અને તાલુકા વિકાસ અધિકારી શ્રી કેતનભાઈ કે પ્રજાપતિ તથા જિલ્લા લાઈવલી હુડ મેનેજર શ્રી રણજીતસિંહ પરમાર અને તાલુકા લાઈવલીહુડ મેનેજર પટેલ જીનલબેન કે સંયુક્ત રીતે મુલાકાત લીધી અને તાલીમાર્થીઓને પગભર થવા તથા આત્મનિર્ભર બનવા માટે નું માર્ગદર્શન કર્યું.





# નવચેતન અદાણી શાળામાં ઈકો ફ્રેન્ડલી ગણપતિ ઉત્સવ

## હજીરા વિસ્તારમાં વિદ્યાર્થીના ઘરે એમણે જાતે બનાવેલી પ્રતિમાનું સ્થાપન થશે

સુરત, તા.૨૭

અદાણી ફાઉન્ડેશન પુરસ્કૃત નવચેતન પ્રાથમિક વિભાગ, જૂનાગામ ખાતે શાળામાં ધોરણ ૧ થી ૮ ના ઈકો ફ્રેન્ડલી ગણપતિ ઉત્સવ અંગે જાગૃતતા માટે કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓ માટે પ્લાસ્ટર ઓફ પેરિસની આડ અસરો દર્શાવતું પ્રેઝન્ટેશન રજૂ કરી ઈકો ફ્રેન્ડલી ગણપતિ ઉત્સવ વિદ્યાર્થીઓ ઊજવે એ હિમાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ પ્લાસ્ટર ઑફ પેરિસની વિઘાતક અસરથી જાગૃત થઈ સાચી શ્રદ્ધા અને ઈકો ફ્રેન્ડલી ઉત્સવ ઉજવણી તરફ પાછા ફરે એ છે. વધુમાં પર્યાવરણનાં સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો, દરિયાઈ જીવોને નુકસાન ન પહોંચાડવાનું, પ્રદૂષણ રોકવું, સ્વચ્છતા રાખવી, સર્જનાત્મક કળા ખીલવવી એ હતો. આ કાર્યક્રમની ફળશ્રુતિ રૂપે વિદ્યાર્થીઓએ પોતાના હાથે માટીમાંથી ગણપતિ બાપાની ૮૦ પ્રતિમાઓ તૈયાર કરી હતી.

પ્રતિમા બનાવવા માટે વાંસની લાકડી, પોસ્ટર કલર, આભલાં, મણકા, રંગીન પથ્થર, રંગીન કાપડ, કાગળ, ઘાસ, મોરપીંછ, દિવાસળી વિવિધ પ્રકારનાં બીજનો સમાવેશ કરી પોતાની કલ્પનાશક્તિ અને કુશળતા વડે સુંદર અને અનોખી, આકર્ષક પ્રતિમાઓનું નિર્માણ કર્યું હતું. આ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું કે બનાવેલ પ્રતિમા તેઓ પોતાના ઘર આંગણે જ સ્થાપિત કરે, વિસર્જન સમયે પ્રતિમા પાણીમાં વિસર્જિત કરીને તે પાણી ફૂલછોડમાં અર્પણ કરે, જેથી પાણી પ્રદૂષિત થતું અટકે તથા પર્યાવરણને નુકસાન ના પહોંચે. દરવર્ષે યોજાતા આ પ્રકારના કાર્યક્રમના કારણે જુનાગામ અને હજીરાના આસપાસના વિદ્યાર્થીઓના ઘરે આ ઈકો ફ્રેન્ડલી ગણપતિની સ્થાપન થાય છે.

# સંશોધન માટે સમાજશાસ્ત્રનો ખ્યાલ હોવો જરૂરી છે : પ્રો. ત્રિવેદી



## વીર નર્મદ યુનિવર્સિટીમાં શિક્ષણ અને સંશોધનમાં સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય' પર વ્યાખ્યાન

સુરત, તા.૨૭

વીર નર્મદ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં 'શિક્ષણ અને સંશોધનમાં સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય' પર પ્રો.ડૉ. જયપ્રકાશ એમ. ત્રિવેદી (નિવૃત્ત અધ્યાપક અને અધ્યક્ષ સમાજશાસ્ત્ર વિભાગ, એસ.પી. યુનિવર્સિટી, વિદ્યાનગર)નું જ્ઞાનસભર વ્યાખ્યાન યોજાયું હતું. તેમણે સમાજશાસ્ત્રનો ઉદ્દભવ, વર્તમાન સમયમાં સમાજનો ખ્યાલ, સામાજિક આંતરક્રિયામાંથી સામાજિક સંબંધોનો ઉદ્દભવ, સામાજિક સંબંધોમાંથી સમૂહ/જૂથની રચના વિષે ખ્યાલ આપ્યો હતો.

સમૂહ/જુથને ટકાવી રાખવા માટે નિયમો/ધોરણો બનાવાય છે. તેમાંથી સામાજિક માળખું બને છે અને સામાજિક ધોરણોમાંથી સંસ્થા અને તેમાંથી સંસ્થાનું માળખું બને છે. ટાલકોટ પારસન્સ આધારે AGILના આધારે સમાજની જરૂરિયાત આધારે વિવિધ સંસ્થાઓ રચાતી હોય છે એમ જણાવી એમ. એન. શ્રીનિવાસને આપેલ પરસંસ્કૃતિકરણની ચર્ચા કરી હતી.

પ્રો.ત્રિવેદીએ વધુમાં કહ્યું કે, વિદ્યાર્થીઓને સંશોધન માટે સમાજશાસ્ત્રના ખ્યાલો અને સિદ્ધાંતો વિષે જ્ઞાન હોવું ખૂબ જ જરૂરી છે, જેમાં વસ્તુલક્ષી, વાસ્તવિક પરિસ્થિતિ શું? અને શા માટે? જેવા પ્રશ્નોનો ઉદ્દભવ અને સમાજની ઘટના/સમસ્યાને વાસ્તવિક ઘટના સાથે પરસ્પરના સંબંધને સમજવા

અનુસંધાન પાના ૭ પર

# ગણેશ મહોત્સવમાં ભક્તિ સાથે રક્તદાન શિબિરો ગોઠવાયા

## ગણેશોત્સવમાં શ્રીજીની આરાધના સાથે સેવાની સરવાણી

સુરત, તા.૨૭

સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરનાં પી. આર. ઓ. શ્રી નિતેષ મહેતા એક યાદી દ્વારા જણાવે છે કે પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ જેઓની ખરા અર્થમાં " સેવાનાં ભેખધારી " તરીકે ગણના થાય છે એવા આપણા સુરત શહેરનાં ગણેશ મંડળો દ્વારા તા. ૨૭ ઑગષ્ટ થી ૫ સપ્ટેમ્બર -૨૦૨૫ દરમ્યાન શાંતિકુંજ યુવક મંડળ, છાપરાભાઠા, ત્રિવેણી ગ્લોબલ, પાલ, માઉન્ટ લિટેરા ઝી સ્કુલ, નરથાણ, ચોકબજાર નવયુવક મંડળ , યંગ સિટીઝન ગ્રુપ, ઈચ્છાનાથ , કે. પી. સ્ટ્રીટ યુવક મંડળ, ભીમપોર, શક્તિ મંડળ, ભીમપોર, ઓરોવીલ યુવક મંડળ, ભટાર, ભરથાણા યુવક મંડળ, વેસુ , મીરાનગર યુવક મંડળ, ઉધના ખાતે રક્તદાન શિબિરો યોજાશે. સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર તમામ ગણેશ મંડળોનો ભક્તિ સાથે સેવા કાર્યો કરવા બદલ હાર્દિક અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કરે છે.

# વી. ટી. ચોકસી કોલેજમાં જોડણી અને ભાષાશુદ્ધિ સેમિનાર યોજાયો

## અંગ્રેજી લેખનમાં ભૂલ જોવા મળે તો લોકો તરત સુધારી લે છે, જ્યારે ગુજરાતીમાં ભૂલ હોય તો કહે 'ચાલે' ! : રાજેશ ધામેલિયા



સુરત, તા.૨૭

વી. ટી. ચોકસી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન - સુરતમાં વીર નર્મદ જયંતીના ઉપક્રમે જોડણી અને ભાષાશુદ્ધિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્યા ડૉ. પત્રલેખાબહેન બારડે તજજ્ઞ શ્રી રાજેશકુમાર ધામેલિયાનું પુસ્તક અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું અને પ્રાધ્યાપક શ્રી ડૉ. પ્રવીણચંદ્ર પરમારે પરિચય આપ્યો હતો. ડૉ. નલિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. જયશ્રીબહેન જાંબુસિયાએ કર્યું હતું.

આ સેમિનારમાં વિચાર પ્રેરક પ્રશ્નોત્તરી, ગુજરાતી-અંગ્રેજી સ્વ-મૂલ્યાંકન, ગુજરાતી-અંગ્રેજીનો તુલનાત્મક અભ્યાસ અને સાચી જોડણી સહેલાઈથી શીખવાની પ્રયુક્તિઓ વગેરે મુદ્દાઓની વિવિધ ઉદાહરણો અને વાર્તા દ્વારા સરળ સમજૂતી આપવામાં આવી.

આ પ્રસંગે શ્રી રાજેશકુમાર ધામેલિયાએ જણાવ્યું હતું કે, વીર નર્મદે ગુજરાતી ભાષાના પ્રથમ કોશ 'નર્મકોશ'ની રચના કરીને માતૃભાષા સજ્જતા માટેનું કાર્ય કર્યું હતું. ગોંડલના મહારાજા ભગવતસિંહજીએ 'ભગવદ્ગોમંડળ'નું નિર્માણ માતૃભાષાની ખૂબ મોટી સેવા કરી.

અનુસંધાન પાના ૭ પર



# સુરતમાં એક વર્ષમાં સાયબર ક્રાઈમના ૨૫ હજાર કેસ નોંધાયા

## સાયબર ફ્રોડમાં એક વર્ષમાં સુરતના લોકોએ રૂા.૧૭૦ કરોડ ગુમાવ્યા

સુરત, તા.૨૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના લેડિઝ વિંગ દ્વારા સોમવાર, તા. ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'સ્ટે સેફ ઓનલાઈનઃ સાયબર અવેરનેસ ફોર વુમન એન્ડ સીનિયર સિટીઝન્સ' વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં સુરત સાયબર ક્રાઈમ વિભાગના આસિસ્ટન્ટ કમિશનર સુશ્રી શ્વેતા ડેનિયલ્સ અને સુરત સિટી સાયબર ક્રાઈમ સેલના પોલિસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.વી. ગામિતે સાયબર ક્રાઈમથી બચવાના સૂચનો આપ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોન, સોશિયલ મીડિયા, ઑનલાઈન પેમેન્ટ અને ઈ-બેંકિંગ આપણા રોજિંદા જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. પરંતુ સાથે સાથે ફિશિંગ, OTP સ્કેમ, આઈડેન્ટિટી થેફ્ટ અને ઑનલાઈન ફ્રોડ જેવા સાયબર ખતરા પણ વધી રહ્યા છે. ખાસ કરીને મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો ઘણી વાર આવા ખતરાઓના નિશાન બને છે. તે માટે સાઈબર સુરક્ષા અંગે જાગૃતિ અનિવાર્ય છે.'

સુશ્રી શ્વેતા ડેનિયલ્સે જણાવ્યું હતું કે, 'જ્યારે એક વ્યક્તિ સાયબર ફ્રોડનો શિકાર બને છે, ત્યારે ભારતની અર્થવ્યવસ્થાને પણ નુકસાન થાય છે તેમ કહી શકાય છે. આખું વિશ્વ જ આંગળીના ટેરવે આવી ગયું છે. ત્યારે સાવચેતી રાખવી પણ અગત્યનું છે. સાયબર ક્રાઈમ દરેક વ્યક્તિ સાથે અલગ-અલગ રીતે કરવામાં આવે છે. વ્યક્તિ જ્યારે લાલચમાં ફસાઈ જાય ત્યારે

અનુસંધાન પાના ૭ પર

# નવસારી રેડક્રોસ દ્વારા ગરીબ દર્દીઓને નિઃશુલ્ક રક્ત સહાય

## આર્થિક ભારણને પહોંચી વળવા તિથિદાન યોજના શરૂ કરાઈ

નવસારી, તા.૨૭

"રેડક્રોસ નવસારીની રકતદાન પ્રવૃત્તિ માટે ગ્રામીણ સમાજ યુવા મંડળો, ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે ઉજવાતા ધાર્મિક ઉત્સવોનો સહકાર હવે મળે છે. રેડક્રોસ નવસારીના શરૂના દિવસો - રકતદાનની વાતો કરવા નાના રકતદાન કેમ્પ માટે ભાડૂતી ટેકસી લઈને ગામે ગામ ગયા છે. બ્લડ ડોનેશન વાન મળી તો એ જોઈને પણ લોકો ભાગી જતા હતા." આ શબ્દો રેડક્રોસ નવસારીના પ્રા. જશુભાઈ નાયકે રામકૃપા વસનજી નાયક પરિવાર, ગંગામાં સાર્વજનિક ટ્રસ્ટ, ક્રિકેટ કલબ, ગીતા મહિલા મંડળ પડઘાના ઉપક્રમે યોજાયેલ રકતદાન શિબિરનું દિપ પ્રગટીકરણ કરતા કરતા જણાવ્યા હતાં ઉમેર્યુ હતુ કે આજે પડઘા અને બીજા ગામો રકતદાન પ્રવૃતિને વ્હાલ કરે છે. મંડળો, સંગઠનો આ પ્રવૃતિને તેમના વાર્ષિક કાર્યક્રમો માં મુકે છે. ક્યારેક રવિવારે તો બે થી વધુ રકતદાન શિબિરનું આયોજન થયેલ હોય છે. રેડક્રોસ સ્ટાફ દોડે છે. રકતદાન શિબિર આયોજકો નક્કી કરેલા લક્ષાંકને - રકતબેગ એકત્ર કરવા ખૂબ મહેનત કરે છે. રેડક્રોસ નવસારી જ નવસારી તથા બીજી હોસ્પીટલોમાં ગરીબ દર્દીઓને વહીવટી ખર્ચ માફ કરીને રક્તબેગ આપે છે. ગત વર્ષે ૩૮૦૦ ગરીબ દર્દીઓએ લાભ લીધો છે. આ ખર્ચને પહોંચી વળવા રકતગ્રહીતા તિથિદાન યોજના શરૂ કરી છે.

# આહિર સમાજ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

## સમગ્ર આહિર સમાજ તરફથી પ્રિન્સ મહિડાનું બહુમાન



સુરત, તા.૨૭

શ્રી સુરત જિલ્લા આહીર સમાજ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા આયોજીત વર્ષ ૨૦૨૫ નાં તેજસ્વી તારલાઓ માટે ઈનામ વિતરણ સમારોહ તારીખ ૨૪/૦૮/૨૦૨૫ ને રવિવારે સવારે ૧૦-૦૦ વાગ્યે મણીબા આહીર સમાજની વાડી પલસાણા ખાતે રાખવામાં આવેલ હતો, જેમાં ખૂબ મોટી સંખ્યામાં આહીર સમાજના ભાઈઓ અને બહેનો ઉપસ્થિત

અનુસંધાન પાના ૭ પર

# નવસારીની જીઆઇડીસી કોલેજના વિદ્યાર્થીઓ વોલીબોલ અને કબ્બડી ટૂર્નામેન્ટમાં ઝળક્યા



## રાજકોટમાં આયોજીત ટુર્નામેન્ટમાં એન્જીનિયરીંગ કોલેજનો ઉત્કૃષ્ટ દેખાવ

નવસારી, તા.૨૭

VVP રાજકોટમાં યોજાયેલ GTUની આંતર ઝોન વોલીબોલ ટૂર્નામેન્ટ (ભાઈઓ)માં ઝોન-૫ (સુરત) નું પ્રતિનિધીત્વ કરનાર જી.આઈ.ડી.સી. ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજની ટીમ ચેમ્પીયન થઈ. આ ટીમ અગાઉ તા.૦૪/૦૮/૨૦૨૫માં ઝોન-૫ની ટૂર્નામેન્ટ જે જી.આઇ.ડી.સી. ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજ ખાતે યોજાયેલ હતી એમાં વિજેતા થઈ રાજકોટ મુકામે રમવા ગઈ હતી. આ સ્પર્ધામાં ટીમના કેપ્ટન દિપેન ટંડેલની આગેવાનીમાં નીલ ટંડેલ, નીવ ટંડેલ, રાહી ટંડેલ, ધ્રુવ ટંડેલ, હેનીલ ટંડેલ, રોશન ટંડેલ, નીલ ટંડેલ, સ્મિત ટંડેલ, માધવ ટંડેલ, ધ્રુવ બડઈક અને તપત્સુ ટંડેલે પોતાનું કૌશાલ્ય બતાવતા ટીમ સતત છેલ્લા ત્રણ વર્ષથી પ્રથમ ક્રમે રહી હેટ્રિક સિદ્ધી પ્રાપ્ત કરી હતી. વધુમાં એસોસીએસન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીસ (AIU) સ્પર્થામાં નીવ ટંડેલ, રાહી ટંડેલ, હેનીલ ટંડેલ વિદ્યાર્થીઓની પસંદગી થયેલ છે. ત્યારબાદ જી.આઇ.ડી.સી. ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજની ટીમ સલવાવ ખાતે શ્રીમતી બી.એન.બી. સ્વામીનારાયણ ફાર્મસી કોલેજમાં ઝોન-૫ માં કબ્બડી (ભાઇઓ)ની સ્પર્ધામાં રનર્સ-અપ થઇ હતી. જે ટીમમાંથી વૈભવ પટેલની પસંદગી AIU સ્પર્ધામાં થયેલ છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ જી.આઇ.ડી.સી એજયુકેશન સોસાયટી અને જી.આઇ.ડી.સી. ડિગ્રી

અનુસંધાન પાના ૭ પર

# પશ્ચિમ રેલવેએ ૧૫ સાપ્તાહિક વિશેષ ટ્રેનોની દોડને લંબાવી

## મુસાફરોના ઘસારાને પહોંચી વળવા રેલ્વેએ વધુ સુવિધા શરૂ કરી

સુરત, તા.૨૭

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા અને તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે હાલના માળખા, રૂટ અને સમય અનુસાર ૧૫ જોડી સાપ્તાહિક વિશેષ ટ્રેનોનો દોડ લંબાવ્યો છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

૧. ટ્રેન નં. ૦૯૦૭૫ મુંબઈ સેન્ટ્રલ-કાઠગોદામ સ્પેશિયલને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૭૬ કાઠગોદામ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલને ૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

૨. ટ્રેન નં. ૦૯૧૮૫ મુંબઈ સેન્ટ્રલ-કાનપુર અનવરગંજ સ્પેશિયલને ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૮૬ કાનપુર અનવરગંજ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલને ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૯૦૪૩ બાંદ્રા ટર્મિનસ-બરહની સ્પેશિયલને ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૪૪ બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલને ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. ડિસેમ્બર, ૨૦૨૫.

૪. ટ્રેન નંબર ૦૨૨૦૦ બાંદ્રા ટર્મિનસ - વીરંગના લક્ષ્મીબાઈ ઝાંસી સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૨૧૯૯ વીરંગના લક્ષ્મીબાઈ ઝાંસી - બાંદ્રા ટર્મિનસ

અનુસંધાન પાના ૭ પર

# પુંસરી પ્રાથમિક શાળાના સુરેશભાઈ માળીની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી

## રાજ્યનાં ૩૦ શ્રેષ્ઠ શિક્ષકોમાં દાહોદનાં પુંસરી પ્રાથમિક શાળાના શિક્ષકનો સમાવેશ

સુરત, તા.૨૭

દાહોદ જિલ્લાનાં દાહોદ તાલુકાની પુંસરી ગામની પ્રાથમિક શાળાનાં ધો ૬ થી ૮ નાં શિક્ષક સુરેશભાઈ માળીની અસાધારણ પ્રતિભાએ દાહોદ જિલ્લાને ગૌરવ અપાવી રાજ્યનાં શ્રેષ્ઠ શિક્ષકોની યાદીમાં સ્થાન હાંસલ કરેલ છે. રાજ્યકક્ષાનો સન્માન પારિતોષિક મેળવનારા શિક્ષકોમાં મધ્ય ઝોનમાંથી તેમની પસંદગી થતાં શિક્ષક સમાજમાં હર્ષ અને આનંદની લાગણી છવાય હતી. આગામી શિક્ષકદિને આ પારિતોષિક બદલ તેમને ૫૧ હજારનો પુરસ્કાર, શાલ અને સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રેષ્ઠ શિક્ષક તરીકેની બહુમુખી પ્રતિભા ધરાવતા આ શિક્ષક દાહોદ તાલુકાની પુંસરી પ્રાથમિક શાળામાં છેલ્લાં ૨૨ વર્ષથી ફરજ બજાવી રહ્યાં છે. આજપર્યંત તેઓ શાળાનાં વિદ્યાર્થીઓને તાલુકા, જિલ્લા સહિત રાજ્યકક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ વિજેતા બનાવી ચૂક્યા છે. સાથેજ તેમનાં દ્વારા ઈનોવેશન, ક્રિયાત્મક સંશોધન, ઓનલાઇન-ઓફલાઇન એજ્યુકેશનની સાથે રાજ્ય સરકાર દ્વારા આયોજિત

અનુસંધાન પાના ૭ પર


# ગણપતિ બાપ્પાને દુર્વા કેમ ચડાવવામાં આવે છે, જાણો કારણ અને નિયમો



મુંબઈ સહિત દેશભરમાં વિઘ્નહર્તા ગણપતિને ઘરે લાવવા સૌ કોઈ થનગની રહ્યા છે. તમે ઘરમાં જો બાપ્પાને પધરાવવાના હશો તો તમે ડેકોરેશન વગેરેની ઘણી તૈયારી કરી લીધી હશે. આ સાથે તમે પૂજાવિધિ માટે પણ ઘણું વિચારતા હશો તો તમને જણાવી દઈએ કે તમે જેટલા દિવસ પૂજા કરવાના હો, તેટલા દિવસ તમારા પૂજાપાની થાળીમાં દુર્વાનું હોવું જરૂરી છે. ત્યારે સવાલ એ છે કે આ ઘાસનું આટલું મહત્વ શા માટે છે. તો આવો તમને જણાવીએ ક ગણપતિની પૂજામાં દુર્વાનું આટલું મહત્વ શા માટે છે.

પૌરાણિક કથા અનુસાર અનલાસૂર નામનો એક રાક્ષસ હતો, જે તપ અને ધ્યાન ધરતા ઋષિઓ સહિત મનુષ્યોને પરેશાન કરતો અને તેને જીવતા ગળી જતો હતો. આ રાક્ષસનો ક્રોધ એટલો હતો કે તે બધુ નષ્ટ કરી નાખતો. તેના વેરેલા વિનાશથી સૌ કોઈ કંટાળ્યા હતા. તેમનાથી કંટાળી તમામ દેવી-દેવતા દેવોના દેવ મહાદેવ પાસે પહોંચ્યા અને અનલાસૂરનો વધ કરવા કહ્યું.

તે સમયે તમામ દેવી દેવતાને વિશ્વાસ હતો કે અનલાસૂરને ગણેશ હરાવી શકશે. દેવોની વિનંતીથી ગણેશજી અનલાસૂરને જ જીવતો ગળી ગયા, પણ પછી તેમના પેટમાં બળતરા થવા લાગી. બધા ઉપાયો કર્યા પણ કોઈ રાહત ન થતાં દેવી-દેવતાઓ ચિંતામાં મૂકાયા. તેવામાં ઋષિ કશ્યપને આ વાતની જાણ થઈ. તેમણે ગણેશ ભગવાનને દુર્વાના ૨૧ ગઠ્ઠા બનાવીને આપ્યા. તે આરોગતા જ ગણેશજીની પેટની અગન શમી અને ગણેશ ભગવાનને રાહત થઈ. આ કારણે આજે પણ ભક્તો ગણેશજીને દુર્વા ધરે છે.દુર્વા તમે ઘરે લાવો ત્યારે તેને સ્વચ્છ પાણીએ ધૂવો અને પછી ૧૧ જોડી બનાવી અર્પણ કરો. દુર્વા કયારેય એકી સંખ્યામાં ચડાવશો નહીં, હંમશાં જોડી બનાવી દુંદાળા દેવને ચડાવો. લોકોની એવી શ્રદ્ધા છે કે દુર્વા ચડાવવાથી મનોકામના પૂરી થાય છે. તો તમે પણ પૂજા કરો ત્યારે દુર્વા ચડાવવાનું ભૂલશો નહીં.



**પૌરાણિક કથા અનુસાર અનલાસૂર નામનો એક રાક્ષસ હતો, જે તપ અને ધ્યાન ધરતા ઋષિઓ સહિત મનુષ્યોને પરેશાન કરતો અને તેને જીવતા ગળી જતો હતો. આ રાક્ષસનો ક્રોધ એટલો હતો કે તે બધુ નષ્ટ કરી નાખતો. તેના વેરેલા વિનાશથી સૌ કોઈ કંટાળ્યા હતા.**

# સૌના લાડકાં ગણેશજીને પ્રિય તેવાં 'ઉકડીચે મોદક'માં છે પૌષ્ટિક્તાનો ખજાનો

શ્રાવણ માસ શરૂ થાય તેની સાથે મેઘરાજાની પધરામણી થાય. મોસમમાં બદલાવની સાથે વિવિધ તહેવારોની મોસમ શરૂ થઈ જતી હોય છે. તહેવારો માનવીય જીવનને ઉત્સાહ -ઉમગંથી ભરી દે છે. સતત કામ-ભણતરના બોજાની સાથે જીવનને નવી ઊર્જા મળી જાય છે. તેમાં પણ ભાદ્રપદની શરૂઆતમાં ગણેશજીના વધામણાના દિવસોનો આનંદ અનેરો હોય છે.

મહારાષ્ટ્રના ગણેશ ઉત્સવની વાત ઘણી નિરાળી ગણાય છે. માન્યું કે હવે તો ગણેશ ઉત્સવ દેશનાં બધાં જ રાજ્યોમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. તેમ છતાં મહારાષ્ટ્રના ગણેશ ઉત્સવની વાત આગવી ગણાય છેપકેમ? તો તેનો ઉત્તર છે ગણેશજીના પિય વિવિધ પ્રકારના મોદક-લાડુની મોજ આપને મહારાષ્ટ્રમાં જ માણવા મળે છે. સંસ્કૃત શબ્દ નૈવેદ્ય બે શબ્દ નિવિ (પ્રણામ કરવા કે ભેટ ધરવી) તથા એદ્ય (ભોજન) બંને મળીને બન્યો છે. ભગવાન ગણેશજીને ભક્તિભાવ પૂર્વક ભક્તો વિવિધ વ્યંજનો બનાવીને નૈવેદ્ય તરીકે અર્પણ કરે છે. જેમાં 'ઉકડીચે મોદક'નો નૈવેદ્ય ધરાવવાની આગવી પરંપરા છે.

મોદક-લાડુ શબ્દ વાંચીને મોંમાં અચૂક પાણી આવી જતું હોય છે. જેવા કે માવા મોદક, ચૉકલેટ મોદક, ગુલાબ મોદક, કેસર મોદક, ડ્રાયફ્રૂટ મોદક, મેંગો મોદકની વિવિધતા બજારમાં જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં મીઠાઈની વિવિધતા વિશાળ છે. લાડુની વાત કરીએ તો પ્રત્યેક રાજ્યમાં લાડુ બનાવવાની રીત તેમ જ સ્વાદમાં વિવિધતા જોવા મળે છે. જેમ કે ગોળના લાડુ, ખાંડના લાડુ, બુંદીના લાડુ, લક્કડીયા લાડુ, વરસાદી લાડુ, રવાના લાડુ વગેરે. મહારાષ્ટ્રમાં ઘરે-ઘરે બનતાં અત્યંત સ્વાદિષ્ટ લાડુ એટલે જ 'ઉકડીચે મોદક'. ભગવાન ગણેશજીને નૈવેદ્ય કે ભોગ તરીકે ધરાવવામાં આવતાં ઉકડીચે મોદકની વાત કંઈક હટકે જોવા મળે છે. કેમ કે લાડુ બનાવવાની વિધિમાં તળવા માટે ઉપયોગમાં લેવાતાં તેલ-ઘીનો વપરાશ ઘણો ઓછો કરવામાં આવે છે. તેથી જ ઉકડીચે મોદક નાના-મોટા બધાને પ્રિય હોય છે.

સામાન્ય રીતે લાડુની વાત આવે એટલે આપણે મોટા કે નાના આકારના ગોળ લાડુની કલ્પના કરીએ. મહારાષ્ટ્રમાં બનતાં 'ઉકડીચે મોદક' કદમાં સામાન્ય લાડુની સરખામણીમાં દેખાવમાં નાના તથા સફેદ હોય છે. તેમજ તેને બનાવતી વખતે તેને કમળના ફૂલનો આકાર આપવામાં આવે છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં લાડુ ઘઉંના કકરા લોટના કે ચણાનો લોટ ભેળવીને બનાવવામાં આવે છે. જે દેખાવમાં બેઠા આકારના ગોળાકાર હોય છે. મહારાષ્ટ્રમાં મોદક બનાવવામાં ચોખાના લોટનો ઉપયોગ કરવામાં આવે છે. ચોખાના ઉપરી પડની અંદર નાળિયેરનું છીણ, ગોળ તથા સૂકામેવાનો ઉપયોગ કરવામાં આવે છે. વળી આ લાડુને તૈયાર કર્યા બાદ તેને વરાળમાં બાફવામાં આવે છે.

ગરમાગરમ મોદકની ઉપર ૧ નાની ચમચી શુદ્ધ ઘી લગાવીને ભોગ ધરાવવામાં આવે છે. ગરમાગરમ મોદક તૈયાર થતાં હોય ત્યારે તેની અંદર ભરેલા માવા-તેજાનાને કારણે તેની સોડમ સમગ્ર વાતાવરણને મધઝરતું બનાવી દે છે. મહારાષ્ટ્રની પારંપારિક મીઠાઈમાં વિવિધ પ્રકારના સુંદર કમળ આકારના નાના-નાના માવાના મોદકની સાથે ઉકડીચે મોદક બનાવવાની ખાસ પરંપરા છે. મોદક બાફીને બનતા હોવાને કારણે તે વધુ સ્વાસ્થ્યવર્ધક ગણાય છે. ચોમાસામાં પેટને હલકું-ફૂલકું રાખે છે. ચોખાના લોટનો ઉપયોગ થતો હોવાને કારણે તેમાં વિટામિન બી-૧, પ્રોટીન તથા કાર્બોહાઈડ્રેટની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. મોદકની અંદર ભરવામાં આવતાં મિશ્રણમાં નાળિયેર-ગોળ-સૂકોમેવો- એલચી-જાયફળના પાઉડરને ભેળવીને શુદ્ધ ઘીમાં શેકવામાં આવે છે. જેને કારણે તે પાચન માટે ઉત્તમ બની જાય છે.

ઉકડીચે મોદક

સામગ્રી : ૧ કપ ખાસ ઉકડીચે મોદક માટેનો ચોખાનો તાજો લોટ, સવા કપ પાણી, પૂરણ બનાવવા માટે : દોઢ કપ તાજું છીણેલું નાળિયેર, ૧ નાની વાટકી ગોળ, ૧ નાની ચમચી એલચી પાઉડર, ૧ નાની ચમચી જાયફળ પાઉડર, ૧ મોટી ચમચી ઝીણો સમારેલો સૂકો મેવો ( કાજુ, દ્રાક્ષ, બદામ, પિસ્તા) ૫-૬ તાંતણા કેસર, ચપટી મીઠું, ૨ ચમચી ઘી, મોદક બનાવવાનો સંચો.

બનાવવાની રીત : સૌ પ્રથમ એક પિત્તળની કે સ્ટીલની જાડી કડાઈમાં સવા કપ પાણી ગરમ કરવા મૂકવું. તેમાં ચપટી મીઠું ભેળવવું. પાણી ઉકળવા લાગે એટલે આંચ ધીમી કરીને તેમાં ધીમે ધીમે ચોખાનો લોટ ભેળવવો. લોટ પાણીમાં બરાબર ભળી જાય ગાંઠા ના પડે તેમ હલાવી લેવું. મિશ્રણને ઢાંકીને ૨-૩ મિનિટ માટે રાખવું. હવે બીજી કડાઈમાં ગોળને ઓગાળવા મૂકવો. તેમાં નાળિયેરનું તાજું છીણ ભેળવીને બરાબર એકરસ કરી લેવું. સૂકો મેવો તથા કેસર, એલચી પાઉડર, જાયફળ પાઉડર ભેળવીને મિશ્રણ તૈયાર કરીને ઠંડું કરવું. ચોખાના લોટને બરાબર મસળી લેવો. ત્યારબાદ તેના નાના ગોળા બનાવી લેવાં. મોદક બનાવવાના સંચામાં લોટ લગાવીને અંદર તૈયાર કરેલું મિશ્રણ ભરીને દબાવીને મોદક તૈયાર કરવાં. મોદક બરાબર નીકળે તે માટે સંચામાં થોડું ઘી લગાવી લેવું. બધા જ મોદક તૈયાર થાય ત્યારબાદ તેને ચારણીમાં ગોઠવીને વરાળથી ૧૦ મિનિટ માટે બાફી લેવાં. ગરમાગરમ મોદકને એક નવી ડીશમાં કાઢીને ઉપરથી થોડું કેસરવાળું પાણી તથા શુદ્ધ ઘી લગાવી દેવું. સ્વાદિષ્ટ મોદકનું નૈવેદ્ય ગણેશજીને અર્પણ કરીને પસાદી ગ્રહણ કરવી.

ઉકડીચે મોદકના આરોગ્યવર્ધક ગુણો

આયર્નના સ્તરને વધારે છે

ઉકડીચે મોદકનું ખાસ પૂરણ (નાળિયેર-ગોળ-સૂકોમેવો-એલચી-જાયફળ) તૈયાર કરવામાં આવે છે. જેમાં આયર્નની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેથી તેનું સેવન કરવાથી લોહીમાં હિમોગ્લોબિનનું પ્રમાણ વધવા લાગે છે. શરીરમાં વારંવાર નબળાઈ આવી જવી ક

એનિમિયાની તકલીફમાં ઉકડીચે મોદકનું સેવન ગુણકારી ગણાય છે.

બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી

ઉકડીચે મોદક તૈયાર કરતી વખતે તેમાં નાળિયેરનું છીણ ખાસ ઉપયોગમાં લેવામાં આવે છે. જે હૃદયના સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. નાળિયેરમાં સ્ટેરોલ્સ હોય છે. જે એલડીએલ કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ

કરે છે. એચડીએલ જે સ્વાસ્થ્ય માટે સારા ગણાતા કૉલેસ્ટ્રોલના સ્તરને સુધારવામાં મદદ કરી શકે છે. વળી નાળિયેરમાં આવશ્યક્તા પમાણમાં ટ્રાયગ્લિસરાઈડ હૃદયના સ્વાસ્થ્યને જાળવી રાખવામાં મદદ કરે છે.

ઉકડીચે મોદકમાં સપ્રમાણ માત્રામાં શુદ્ધ ઘીનો ઉપયોગ કરવામાં આવે છે. પાચનતંત્રને મજબૂત બનાવવામાં ઉપયોગી બને છે. આંતરડામાં ચોંટી ગયેલાં ઝેરીલા પદાર્થોને બહાર કાઢવામાં મદદ કરે છે. જેથી પાચનતંત્રમાં સુધારો થાય છે. લાંબા સમયથી કબજિયાતની તકલીફ ધરાવતી વ્યક્તિ માટે ઉપયોગી બને છે.

## વજનને ઘટાડવામાં લાભકારી


તહેવારોમાં મન આનંદિત હોવાને કારણે તથા વિવિધ મીઠાઈનો સ્વાદ માણવાને કારણે વ્યક્તિનું વજન વધી જતું હોય છે. મોટાપો જે ઘણી વખત વ્યક્તિ માટે સમસ્યા બની જાય છે. ઉકડીચે મોદકનો આહારમાં ઉપયોગ વજનને નિયંત્રણમાં રાખવા માટે લાભકારી ગણાય છે.

## હાડકાંની મજબૂતાઈ માટે ગુણકારી

પ્રોટીન, વિટામિનથી ભરપૂર તેવા ઉકડીચે મોદકમાં ઉપયોગમાં લેવાતા નાળિયેરમાં મેંગેનિઝની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. જે હાડકાંની તંદુરસ્તી માટે ગુણકારી ગણાય છે. મોદક તૈયાર થઈ જાય ત્યારબાદ તેમાં ઉપરથી શુદ્ધ ગરમ ઘી મૂકવામાં આવે છે. તો ઘીમાં બ્યૂટિરિક એસિડની માત્રા વધુ હોય છે. જે હાડકાં તથા સાંધાની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે. તેમજ શરીરમાં સોજા વારંવાર આવી જતાં હોય તેને દૂર કરવામાં ઉપયોગી ગણાય છે. જેને કારણે ઉકડીચે મોદક સ્વાદની સાથે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે.

## રોગપ્રતિકારક શક્તિ વધારે છે

ઉકડીચે મોદક તૈયાર કરતી વખતે ભરવાનું જે પૂરણ તૈયાર કરવામાં આવે છે તેમાં નાળિયેરની સાથે ગોળ વાપરવામાં આવે છે. કેમ કે ગોળમાં ફોલેટ તથા આયર્ન જેવા પોષક ગુણો સમાયેલાં હોય છે. જે લોહીમાં હિમોગ્લોબીનની માત્રા વધારવામાં મદદ કરે છે. આમ આ મોદકનો આહારમાં ઉપયોગ સ્વાદની સાથે પ્રાકૃતિક રીતે જ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.



# ઘરનો ભેદી દુશ્મન એવો રોગ: લ્યુપસ

રોગપ્રતિકારક શક્તિની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. તે આપણા શરીરને હાનિકારક પદાર્થો, જે આપણને બીમાર કરી શકે છે એવા સૂક્ષ્મજંતુઓ અને કોષીય ફેરફારોથી રક્ષણ આપે છે. રોગપ્રતિકારક શક્તિ વિના, આપણી પાસે બહારથી આપણા શરીરમાં પ્રવેશતી હાનિકારક વસ્તુઓ અથવા આપણા શરીરની અંદર થતા હાનિકારક ફેરફારો સામે લડવાનો કોઈ રસ્તો ન હોત.

જોકે, ઘણીવાર 'ઘર કા ભેદી લંકા ઢાય' જેવી સ્થિતિ પેદા થાય છે અર્થાત કે આ રોગપ્રતિકારક શક્તિ શરીરના દુશ્મનો સાથે લડવાને બદલે શરીર સાથે જ લડવા લાગે છે! આવી પરિસ્થિતિને તબીબી ભાષામાં સ્વયંપ્રતિરક્ષા ગડબડ (ઓટો ઈમ્યુન ડિસઓર્ડર) કહેવાય છે.

આવો જ એક ઓટો ઈમ્યુન ડિસઓર્ડર છે : લ્યુપસ.

લ્યુપસ એક એવો રોગ છે જેમાં આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિ આપણા પોતાના પેશીઓ અને અવયવો પર હુમલો કરે છે. લ્યુપસને કારણે થતી ઉત્તેજના શરીરની ઘણી વિવિધ પ્રણાલીઓને અસર કરી શકે છે, જેમાં આપણા સાંધા, ત્વચા, કિડની, રક્તકણો, મગજ, હૃદય અને ફેફસાંનો સમાવેશ થાય છે.લ્યુપસનું નિદાન કરવું સરળ નથી હોતું, કારણ કે તેના ચિહ્નો અને લક્ષણો ઘણીવાર અન્ય બીમારીઓ સાથે મળતા આવે તેવા હોય છે.લ્યુપસનું સૌથી વિશિષ્ટ લક્ષણ — ચહેરા પર ફોલ્લીઓ જે બંને ગાલ પર ફેલાયેલી પતંગિયાની પાંખો જેવું લાગે છે લ્યુપસના અમુક કિસ્સાઓમાં જોવા મળે છે.કેટલાક લોકોમાં લ્યુપસ થવાની શક્યતા જન્મથી જ હોય છે, જે ચેપ, ચોક્કસ દવાઓ અથવા તો સૂર્યપ્રકાશને કારણે પણ થઈ શકે છે.

કેવા હોય છે લક્ષણો?

લ્યુપસનાં ચિહ્ન અને લક્ષણો એ વાત પર આધાર રાખે છે કે શરીરની કઈ સિસ્ટમો રોગથી





પ્રભાવિત છે. સૌથી સામાન્ય ચિહ્ન અને લક્ષણોમાં સામેલ છે: થાક, તાવ, સાંધાનો દુખાવો, જડતા અને સોજો, ચહેરા પર પતંગિયા આકારની ફોલ્લીઓ જે ગાલ અને નાકના ભાગને ઢાંકે છે અથવા શરીર પર અન્યત્ર ફોલ્લીઓ, ત્વચા પર થતા જખમ જે સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવાથી દેખાય છે અથવા વધુ ખરાબ થાય છે. આ ઉપરાંત શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં હળવો દુખાવો, સૂકી આંખો, માથાનો દુખાવો, મૂંઝવણ અને યાદશક્તિ ગુમાવવી, વાળ ખરવા, મોઢામાં ચાંદા, ગ્રંથીઓમાં સોજો, હાથ, પગ અથવા ચહેરા પર સોજો, પ્રકાશસંવેદનશીલતા (સૂર્યપ્રકાશ પ્રત્યે સંવેદનશીલતા), ઈત્યાદિ

કેવી રીતે થાય નિદાન?

લ્યુપસનું નિદાન કરવું મુશ્કેલ હોઈ શકે છે કારણ કે તે તમારા શરીરના ઘણા ભાગોને અસર કરી શકે છે અને લક્ષણોમાં ઘણી વિવિધતા હોય છે. નાના ફેરફારો અથવા સમસ્યાઓ જે આપણને અસામાન્ય લાગે છે તે પણ ચાવીરૂપ હોઈ શકે છે. તબીબો આ રોગનું નિદાન કરવા લોહી અને પેશાબનું પરીક્ષણ કરે છે. તે ઉપરાંત, એન્ટિન્યુક્લિયર એન્ટિબોડી (એએનએ) પરીક્ષણ જે એન્ટિબોડીઝ શોધે છે, તેનો આધાર લેવામાં આવે છે. આપણી ત્વચા અથવા કિડનીની પેશીઓની બાયોપ્સી બતાવી શકે છે કે શું રોગપ્રતિકારક શક્તિએ એમને નુકસાન પહોંચાડ્યું છે ખંપ

હાલમાં લ્યુપસનો કોઈ ઈલાજ નથી. તબીબ લક્ષણોને ધ્યાનમાં રાખીને સારવારનું સંયોજન શોધવામાં મદદ કરશે જે લ્યુપસને લાંબા સમય સુધી કોઈ લક્ષણો અથવા ફ્લેર-અપ્સ વિના નિયંત્રણમાં રાખી શકે. તો લ્યુપસને નિયંત્રણમાં રાખવા કેટલીક મહત્ત્વની બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે, જેમકે, તડકામાં વધુ સમય વિતાવવાથી કેટલાક લોકોમાં લ્યુપસના લક્ષણો દેખાઈ શકે છે. તેથી સૂર્ય જ્યારે તપતો હોય ત્યારે બહાર જવાનું ટાળવું, હાથ સંપૂર્ણ ઢંકાય તેવા કપડાં પહેરવા, સનસ્ક્રીનનો ઉપયોગ કરવો.

સાંધાના દુખાવાથી હલનચલન મુશ્કેલ અથવા પીડાદાયક બની શકે છે, પરંતુ તમારા સાંધાને હલાવવા અને હળવી રીતે વાપરવાથી દુખાવો અને જડતા જેવાં લક્ષણોમાં રાહત મળી શકે છે. ચાલવું, સાઈકલ ચલાવવું, તરવું, યોગ અને તાઈ ચી એ તમારા સાંધા પર વધુ પડતો ભાર મૂક્યા વિના તમારા શરીરને સક્રિય રાખવાની શ્રેષ્ઠ રીતો છે.

લ્યુપસ સાથે જીવવું નિરાશાજનક હોઈ શકે છે. યોગ્ય માત્રામાં ઊંઘ (પુખ્ત વયના લોકો માટે સાત થી નવ કલાક) અને તમારા તણાવને ઓછો કરવાથી કેટલાક લોકોમાં ફ્લેર-અપ્સને રોકવામાં મદદ મળી શકે છે. ક્રોનિક બીમારી સાથે જીવવું એ સખત મહેનત છે અને દરરોજ તમારાં લક્ષણો પર નિયંત્રણ માટે પ્રયત્નો કરવા જરૂરી થઈ જાય છે.

# શું છે સમાપત્તિ?

શરીર સપ્તધાતુનું બનેલું છે. આ સપ્તધાતુ આ પ્રમાણે છે — રસ, રક્ત, માંસ, મેદ, મજ્જા, અસ્થિ અને વીર્ય. આ સાતે ધાતુમાં ત્રણ તત્ત્વો છે — વાત, પિત્ત અને કફ. વાત, પિત્ત અને કફની વિષમ અવસ્થા રોગનું કારણ છે અને સમ અવસ્થા સ્વાસ્થ્યનું કારણ છે. સાતે ધાતુમાં ત્રણે તત્ત્વો સમ અવસ્થામાં હોય તે અવસ્થાને 'ધાતુ સામ્ય' કહેવામાં આવે છે. સાતે ધાતુમાંથી કોઈ પણ એક કે અધિકમાં વાત, પિત્ત કે કફમાંના કોઈ પણ એક કે અધિક દૂષિત થાય તો તે અવસ્થાને ધાતુની વિષમ અવસ્થા અર્થાત્? ધાતુવૈષમ્ય કહેવામાં આવે છે.ધાતુસામ્ય આરોગ્યનું અને ધાતુવૈષમ્ય રોગનું કારણ છે. શરીરને ધાતુવૈષમ્યથી મુક્ત કરીને ધાતુસામ્ય સિદ્ધ કરવું તે માત્ર આરોગ્ય માટે જ નહિ, પરંતુ યોગાભ્યાસ માટે પણ અનુકૂળ ભૂમિકા છે.'યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ.' ચિત્તની વૃત્તિઓ શાંત થાય એટલે યોગ સિદ્ધ થાય છે.ભક્તિમાર્ગે પ્રેમ દ્વારા, જ્ઞાનમાર્ગે આત્મચિંતન દ્વારા અને યોગમાર્ગે પ્રાણસંયમ દ્વારા ચિત્તની વૃત્તિઓનો નિરોધ સિદ્ધ થાય છે.આપણા સમર્થ અધ્યાત્મપુરુષોએ જોયું કે જ્યાં સુધી શરીરમાં ધાતુસામ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી ચિત્તની વૃત્તિઓનો નિરોધ સિદ્ધ કરવાનું કાર્ય ઘણું દુષ્કર છે. સપ્ત — ધાતુની સમ અવસ્થાને ચિત્તની સમતુલા સાથે સંબંધ છે. ધાતુસામ્ય ચિત્તની નિરુદ્ધ અવસ્થામાં ઘણી મૂલ્યવાન સહાય આપે છે અને ધાતુવૈષમ્ય ચિત્તની વૃત્તિઓને ચંચળ બનાવે છે.આ દર્શનને સ્વીકારીને યોગપથમાં પ્રારંભમાં ધાતુસામ્ય સિદ્ધ કરવાનો સમર્થ કાર્યક્રમ છે. શોધન કર્મ દ્વારા આ ધાતુસામ્ય સિદ્ધ કરવામાં ઘણી સહાયતા મળે છે. શોધન કર્મ અને યોગાસન આદિ અન્ય યોગાભ્યાસ દ્વારા ધાતુસામ્ય સિદ્ધ થાય છે અને પછી ઊચ્ચ યોગાભ્યાસ સાધક માટે સુકર અને અનુકૂળ બને છે.

(IV) યોગાભ્યાસ દરમિયાન સાધક ક્યારેક વ્યાધિઓનો ભોગ થઈ પડે, તેમ બને છે. આ વખતે જાણકારની સલાહ પ્રમાણે શોધનકર્મો દ્વારા રોગનિવારણ કરી શકાય છે. આમ શોધન કર્મો યૌગિક ચિકિત્સાનો પણ મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ બધી રીતે જોઈને આપણે કહી શકીએ કે શોધન કર્મો સાક્ષાત્? યોગસાધન નથી, પરંતુ એક મૂલ્યવાન સહાયક યોગસાધન છે.

(૩) યૌગિક શોધન કર્મોનું વિશિષ્ટ

સ્વરૂપ: આયુર્વેદ એક સમર્થ ભારતીય ચિકિત્સા પદ્ધતિ છે. આયુર્વેદમાં પણ શોધન કર્મનું સ્થાન છે અને ઘણું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આયુર્વેદમાં શોધન કર્મને પંચકર્મ કહેવામાં આવે છે. બસ્તિ, વમન, વિરેચન, સ્નેહન અને સ્વેદન — આ પાંચ આયુર્વેદનાં શોધન કર્મો છે. યૌગિક શોધન કર્મ અને આયુર્વેદનાં પંચકર્મમાં કેટલીક ભિન્નતાઓ રહેલી છે. યૌગિક શોધન કર્મોનું સ્વરૂપ આયુર્વેદનાં પંચકર્મની તુલનાએ ઘણું વિશિષ્ટ છે.

(I) આયુર્વેદના શોધન કર્મમાં સામાન્યત: ઔષધિનો ઉપયોગ થાય છે. યૌગિક શોધન કર્મમાં ઔષધિઓનો ઉપયોગ કરવમાં આવતો નથી. દા.ત. આયુર્વેદમાં વમન ઔષધિની સહાયથી કરાવવામાં આવે છે. વળી વિરેચનમાં પણ વિરેચક ઔષધિનો ઉપયોગ કરવામાં આવે છે.

પશ્ચિમ રેલવે

વિવિધ કામ

ડીવીઝનલ રેલવે મેનેજર (WA) પશ્ચિમ રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જીનીયરીંગ ડીપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ટેન્ડર નોટીસ નં. BCT/25-26/198 તા. ૨૫.૮.૨૦૨૫ આમંત્રિત કરે છે. કામ અને સ્થળ: (i) DEN/Central ના જ્યુરીડીકશન હેઠળ સીંગન્લીંગ અને ટેલીકોમ ઈન્સ્ટોલેશન આસપાસ ફેન્સીંગનો પુરવઠો. (ii) SSE(W)ST સેકશન હેઠળ ટ્રેક મેન્ટેનન્સ પ્રવૃત્તિઓ સેસ વાઈન્ડીંગ કામો અને LHS નાની સાઈઝોનાં ભવિષ્યના કામો દરમિયાન W બીમ ક્રેશ બેરીઅર આઈટમોના નિકાલ અને રીફીકસીંગ. કામનો અંદાજિત ખર્ચ: ₹ ૧,૫૪,૩૯,૨૭૫.૧૧/- બારડી: ₹ ૨૨૭૨૦૦.૦૦/- સબમીશનની તારીખ અને સમય: ૧૯.૦૯.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખૂલવાની તારીખ અને સમય: ૧૯.૦૯.૨૦૨૫ તારીખે ૧૫.૩૦ કલાકે. વધુ વિગત માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0539

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...-

**બુધવાર, તા. ૨૭ ઓગષ્ટ ૨૦૨૫**

# ‘આધાર’ આધારભૂત, વિપક્ષને આંચકો

મતદારયાદીમાં અપૂર્વ ગેરરીતિ થઈ હોવાના આક્ષેપ સાથે રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ બિહાર ધમરોળી રહ્યા છે, કોંગ્રેસના ગણ્યાં-ગાંઠયા કાર્યકર્તાઓ રેલી યોજીને શાસકોને ગાદી છોડવાનું કહી રહ્યા છે, તેની વચ્ચે બિહારની ચૂંટણીમાં મતદાન માટે જે ૧૧ દસ્તાવેજની સૂચિ હતી, તેમાં આધારકાર્ડ પણ સામેલ રાખવાનું સર્વોચ્ચ અદાલતે કહી દીધું છે. મતદારયાદીને માધ્યમ બનાવીને એક આંદોલન કરી રહેલા વિપક્ષ માટે આ આંચકો છે. મતદારયાદી પુનઃ નિરીક્ષણનો મુદ્દો પણ બિહારથી જ શરૂ થયો હતો અને પછી આખા દેશમાં આ પ્રક્રિયા હાથ ધરવાનું કેન્દ્રીય ચૂંટણીપંચે શરૂ કર્યું હતું. સાથે જ સંસદમાં અને શેરીઓમાં પણ વિપક્ષ આ મુદ્દો લઈને ફરી રહ્યો છે. સર્વોચ્ચ અદાલતે મતદારયાદીમાં નામ સમાવવા માટે આધારકાર્ડને પણ આધારભૂત ગણવાનો આદેશ કરીને બિહારના મતદારોને રાહત આપી છે. આવું ન કરવા પાછળ ચૂંટણીપંચનો તર્ક એ હતો કે, આધારકાર્ડ તો કદાચ નકલી પણ હોઈ શકે, તેથી તેનો ઉપયોગ થઈ શકે નહી. સર્વોચ્ચ અદાલતે આ આદેશ કર્યા પછી ઓનલાઈન આવેદનનો વિકલ્પ પણ આપી દીધો છે. વોટચોરીનો મુદ્દો બુલંદ સ્વરે ગજાવતા વિપક્ષે વળી આ નિર્ણયનું પણ સ્વાગત કર્યું છે. જયારથી ’વોટચોરી’નો આક્ષેપ સંગીન રીતે થયો છે, દેશભરના માધ્યમોમાં અને સામાન્ય લોકોની વાતોમાં એ જ ચર્ચા છે. સ્વાયત્ત ગણાતી વ્યવસ્થા ચૂંટણીપંચની પ્રતિષ્ઠા અને નિષ્પક્ષતા સામે સવાલ ઊભા થયા છે. ચૂંટણી કમિશનર કોના માનીતા છે? તેવા સવાલો ઊભા કરતા વીડિયો વાયરલ છે. જાતિ જનગણના, ઓપરેશન સિંદૂર સહિતના મુદ્દાની ચર્ચા સર્વત્ર ચાલી રહી હતી, તેમાં અચાનક આ વોટચોરીનો મુદ્દો આવી ગયો, ચૂંટણીપંચના અધિકારીઓ ઉપર વિપક્ષે તડાપીટ પણ બોલાવી. ભારતીય જનતા પાર્ટી અને તેના સમર્થકો સ્વાભાવિક રીતે બચાવમાં સક્રિય થયા જ છતાં દેશનો સજાગ નાગરિક એકવાર વિચાર તો કરતો થઈ જ ગયો કે ખરેખર શું મતદારયાદીમાં આવા ગોટાળા હશે ? અલબત્ત, આ હજી મોટો પ્રશ્નાર્થ છે. ઊલટું હવે તો અદાલતે વિપક્ષને પ્રતિપ્રશ્ન કર્યો છે કે, મતદારયાદીમાં લોકોના નામ ઉમેરાવવામાં તમે કેમ મદદ કરતા નથી ? આમ પણ આ મુદ્દો થોડા દિવસથી નબળો પડી ગયો હતો, તેમાં સર્વોચ્ચ અદાલતના આ આધારવાળા આદેશને લીધે વિપક્ષની સામે પણ સવાલ ઊભા થયા છે. ચૂંટણીપંચે જો કે, મતદારયાદી પુનઃનિરીક્ષણ પ્રક્રિયાની સમયાવધિ વધારવાનો પણ સ્પષ્ટ ઈનકાર કર્યો છે તે નોંધવાલાયક છે. મુદ્દો કોઈ પણ હોય તે ઉઠાવવાનો વિપક્ષનો અધિકાર છે. લોકશાહી માટે ચૂંટણી અને ચૂંટણીપંચ બંને અગત્યની બાબત છે. વિપક્ષ તે મુદ્દે જાગ્યો, લોકોને જગાડયા તે સારી વાત છે, તેના આક્ષેપો સાચા ઠરે તો તેની પીઠ પ્રજા થાબડે, પરંતુ ’સિર્ફ હંગામા ખડા કરના..’ એવા મકસદથી જો વિરોધ થતો હોય તો સર્વોચ્ચ અદાલત આ વલણ અપનાવે તેમાં પણ ખોટું નથી. આખરે સવાલ સરકાર કરતાં પણ ચૂંટણીપંચ જેવા સંસ્થાન કે વ્યવસ્થાની વિશ્વસનીયતાનો છે. પ્રજાના મનમાં એકવાર સંશય ઉત્પન્ન થાય તો તે લાંબાગાળે નુકસાનકારક સાબિત થઈ શકે.

# સંસદનું ચોમાસુ સત્ર ફરી ધાંધલમાં વેડફાયું

એક સમય હતો કે,જયારે સંસદના સત્રની કાર્યવાહી પર સાંસદો અને નાગરિકો ભારે ઉત્સુક્તા સાથે મીટ માંડતા હતા. ભારતીય હોય કે અન્ય કોઈ પણ લોકશાહી હોય, સંસદની ગરીમા અને મહત્ત્વ ધરાવતા હોય છે, પણ કમનસીબે ભારતીય લોકશાહીના ચલણમાં સંસદનું મહત્ત્વ સતત ધોવાતું રહ્યંઅ છે. આ દુર્ભાગ્યપૂર્ણ સંજોગો માટે માત્ર ને માત્ર સાંસદોના નિરંકુશ આચરણને જ જવાબદાર ઠેરવી શકાય તેમ છે. આ વખતે ચોમાસુ સત્રના આરંભે ધમાલની જાગેલી આશંકા વધુ એક વખત ખરી ઠરી છે અને કામકાજ સતત ખોરવાયેલું રહ્યં હતું.આખા ચોમાસુ સત્ર દરમ્યાન સંસદના દરેક ગૃહમાં કાર્યવાહી માટે ૧૨૦ કલાકની ઉપલબ્ધી હોવા છતાં લોકસભામાં માત્ર ૩૧ ટકા અને રાજયસભામાં ૩૯ ટકા સમયનો ઉપયોગ થઈ શક્યો હતો. લોકસભાએ ૩૭ કલાક અને રાજયસભાએ ૪૧ કલાક અને ૧૫ મિનિટની કામગીરી કરી અને તે દરમ્યાન ૧૫ ખરડા પસાર થયા અને ત્રણ ખરડાને સંયુક્ત સંસદીય સમિતિ પાસે મોકલી અપાયા હતા. ઉલ્લેખનીય છે કે, છેલ્લા લાંબા સમયથી સંસદના સત્ર દરમ્યાન ભારે ધાંધલ-ધમાલ થતી હોય છે અને ભાગ્યે જ કોઈ કાર્યવાહી હાથ ધરી શકાતી હોય છે. આ વખતે પણ ચોમાસુ સત્ર અગાઉ પણ આવી આશંકા હતી. આ આશંકા કમનસીબે સાચી ઠરી છે. જો કે, સત્રના આરંભે એવી અટકળો હતી કે, ઓપરેશન સિંદૂરના મુદ્દે ચર્ચાની માંગને આગળ ધરીને વિપક્ષ ધમાલ કરવા ટાંપીને બેઠો છે, પણ સરકારે આ મામલે બંને ગૃહમાં વિપક્ષની માંગને અનુરૂપ ખાસ ચર્ચા હાથ ધરીને તેમને પૂરો સંતોષ આપવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, બિહારમાં મતદારયાદીમાં ખાસ સમીક્ષાનો મુદ્દો વિપક્ષને હાથ લાગી ગયો હતો. બંને ગૃહની કાર્યવાહી વિરોધપક્ષના નેતાઓ અને સભ્યોએ સતત ખોરવી હતી. સત્તાધારી પક્ષની દલીલ હતી કે, આ મુદ્દો સર્વોચ્ચ અદાલત પાસે ચાલી રહ્યોઁ હોવાને લીધે તેના પર ગૃહમાં ચર્ચા થઈ શકે નહીં. પરિણામે સંસદીય કાર્યવાહીને રોકવાની કોઈ પણ તક જતી ન કરતા વિપક્ષે આ મુદ્દાને આગળ ધરીને રાબેતા મુજબ રીતે ધમાલ કરી હતી. હાલત એવી થઈ હતી કે, સંસદમાં પ્રશ્નકાલ અને શૂન્યકાળની કામગીરી પણ અંતરાયમાં અટવાઈ હતી. સાથોસાથ બિનસરકારી કામકાજ પણ હાથ ધરી શકાયું ન હતું. પરિણામે ચોમાસુ સત્ર દરમ્યાન સરકાર અને લોકોને લગતા સંખ્યાબંધ મુદ્દા પર ચર્ચા કે કઈ જવાબની કામગીરી હાથ ધરી શકાઈ નહીં. એમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે, સંસદની કાર્યવાહી સમીસૂતરી ચાલે તેની જવાબદારી વિપક્ષ અને સત્તાધરી પક્ષ બંનેની હોય છે. સ્વાભાવિક છે કે, વિરોધપક્ષ કોઈ પણ મુદ્દે તેમનો વિરોધ અને મત વ્યક્ત કરવાનો અધિકાર ધરાવે છે. સામે સત્તાધારી પક્ષ અને સરકારે વિપક્ષી વાંધા અને મતને ધ્યાને લઈને તેનું નિરાકરણ કરવા પર ધ્યાન આપવું જોઈએ. આ આદર્શ કાર્યવ્યવસ્થામાં વિપક્ષી જીદ અને દુરાગ્રહ નડતરરૂપ બનતા આવ્યા છે. સંસદીય નિયમો અને ગરીમાને વિસરીને માત્રને માત્ર સનસનાટીભરી લોકપ્રિયતા માટે ધમાલનો માર્ગ લેતા વિપક્ષી સભ્યોએ આવી માનસિકતાને છોડે એ લોકશાહીના હિતમાં રહેશે.

**આપેલ ચુકાદાનો ઉલેખ કરીને જસ્ટિસ રેડ્ડી અર્બન નકસલ સમર્થક હોવાનો દાવો કરાયો છે.**

# ગણપતિની પૂજા એટલે આપણા વિવેકની પૂજા

## રાજ્ય સરકારને બંધારણીય જોગવાઈઓ પ્રમાણે પોલીસ ફોર્સને નકસલવાદ સામે લડવા માટે ઉતારવાની સલાહ આપી હતી

રામચરિતમાનસ’ ગ્રંથનું જે રૂપ છે, બાહ્યરૂપ છે, એ સાત ભાગમાં વિભાજીત કરવામાં આવ્યું છે. આપ જાણો છો કે,વાલ્મીકિજીએરામાયણ’ના ભાગો માટે કાંડ’ શબ્દ પ્રયોજયો છે,બાલકાંડ’, અયોધ્યાકાંડ’,અરણ્યકાંડ’, કિષ્કિન્ધાકાંડ’,સુંદરકાંડ’, લંકાકાંડ’,ઉત્તરકાંડ’. આપણે પણ એ જ શબ્દનો પ્રયોગ કરીએ છીએ, પરંતુ ’રામચરિતમાનસ’માં તુલસીજીએ પ્રથમ સોપાન, દ્વિતીય સોપાન, તૃતીય સોપાન, ચતુર્થ સોપાન, પાંચમું સોપાન, છઠ્ઠું સોપાન, સાતમું સોપાન એમ સોપાનોમાં આ કથાનું સંયોજન કર્યું છે.બાલકાંડ’ના આરંભમાં ગોસ્વામીજી મંગલચરણના સાત મંત્રોનું ગાન કરે છે. ત્યારબાદ સાવ ગ્રામભાષામાં, સરળ હિન્દીમાં, દેહાતી હિન્દીમાં શ્લોકને લોક સુધી પહોંચાડવા માટે આપણા સુધી પહોંચવા માટે તુલસી શિખર પરથી સાવ નીચે આવે છે. વેદ, શાસ્ત્ર, પુરાણ, સંહિતા, બ્રાહ્મણગ્રંથ, અન્ય ગ્રંથ, ભારતના તત્ત્વજ્ઞાનનું જેટલું સાહિત્ય છે, સતસાહિત્ય છે, એ બધાનો ક્યાંક ને ક્યાંક ગોસ્વામીજીએ ઉલ્લેખ કર્યો છે. અને હેતુ એક માત્રસ્વાન્તઃ સુખાય તુલસી રઘુનાથ ગાથા.’આપણી સનાતનીય પરંપરામાં કોઈપણ મંગલકાર્યના આરંભમાં મોટે ભાગે આપણે પંચદેવની પૂજા કે પંચદેવનું સ્થાપન કરીએ છીએ. જગદગુરુ શંકરાચાર્યે આપણને પાંચ દેવની ઉપાસના કરવાનું શીખવ્યું છે કે, દરેક વ્યક્તિએ પાંચને પૂજવા. એક તો સૂર્યને, બીજા ગણપતિને, ત્રીજા મહાદેવને અને મા દુર્ગા ભવાની અને પાંચમા ચતુર્ભુજ નારાયણ ભગવાન વિષ્ણુ, જે કહો તે,આ પંચદેવની વાત. તુલસીદાસજી રામાનંદીય પરંપરામાં આવ્યા છે, પણ છતાંય ભગવાન શંકરાચાર્ય મહારાજના સિદ્ધાંતોનો આ કેટલો મોટો સમન્વય કર્યો છે કે એ વાતને એમણે ’રામાયણ’ના આરંભમાં મૂકી દીધી! માણસોએ આ પાંચ દેવને પૂજવા; તો, તુલસીએ પણ એમને જયારે આટલા મોટા શાસ્ત્રનું દાન કરવું છે ત્યારે પંચદેવોનું સ્મરણ કર્યું. ગણેશ, દુર્ગા, શિવ, ભગવાન વિષ્ણુ નારાયણ અને સૂર્ય ભગવાન. આ આપણી પરંપરામાં આવ્યું છે તો એનું આપણને ગૌરવ છે, પરંતુ આ પંચદેવની વાત સાર્વભૌમ છે. જો પોતાના હઠાગ્રહો છોડીને બધી વિચારધારાના લોકો આ વાતને સમજે તો પંચદેવની વિચારધારા મૂલતઃ સાર્વભૌમ છે, સંકીર્ણ નથી.ગણેશની પૂજા એટલે વિવેકની પૂજા. ગણેશ એટલે વિવેક. અને વિવેકની મનાઈ કયો ધર્મ કરે છે? વિવેક તો સૌ પાસે હોવો જોઈએ.

રમણ મહર્ષિએ આપણી વિચારધારામાં,આપણી પરંપરામાં, બીજા સ્વામી રામતીર્થે જે પાપની વ્યાખ્યા કરી, બહોત અદ્ભુત કરી. આજના કાળ માટે બિલકુલ યોગ્ય છે અને ચેતનાવંત મહાપુરુષોને અધિકાર હોય છે કે મૂળને સાચવીને નવાં નવાં ફૂલો આપે. એને અધિકાર હોય છે. ઈશ્વરે શુભ અવસર આપ્યો હોય અને ઈ અવસરને જે માણસ ચૂકી જાય એને રમણ મહર્ષિ પાપ કહે છે. શ્રીમદ્ રામતીર્થ પાપ કહે છે. હરિ ભજવાનો અવસર આવ્યો હોય ને માણસ ચૂકી જાય એ પાપ. બીજાને મદદ કરવાનો સમય આવ્યો હોય ને ચૂકી જાય એ પાપ. પ્રભુએ ધન આપ્યું હોય એનો સદ્ઉપયોગ કરવો. ધ્યાન કરવાનો અવસર આવ્યો હોય ને ચૂકી જાય એ પાપ.ઈશ્વરનું એવું છે કે, આપણા પાપનું બધું લીસ્ટ નથી રાખતો. કેવા તમે આવ્યા છો ઈ હશે ચિત્રગુપ્તના ચોપડામાં, નીચેની ઓફિસોમાં હશે, પરંતુ કોઈ બધાના વિધાતા સુધી આ બધું હશે. પરંતુ જેને આપણે પરમ સત્તા કહીએ છીએ, પરમાત્મા કહીએ એ કાંઈ આપણા પાપનું લીસ્ટ રાખે એટલો નાનો માણસ છે? એ તો એ લીસ્ટ રાખે છે કે તને અવસર મળ્યો ત્યારે તેં મને કેટલો ભજ્યો? તને અવસર મળ્યો ત્યારે તેં દીનહીનની મદદ કેટલી કરી? તને અવસર મળ્યો ત્યારે તેં વિષમતા છોડીને સમતાની ભૂમિ પર કામ કેટલું કર્યું? તને અવસર મળ્યો ત્યારે લોકોને આનંદ આપવામાં હિસ્સેદાર કેટલો બન્યો? ઈ લખે છે. આપણા બધાના પાપ લખવા બેસે તો આખી પૃથ્વી ઉપર લખાણ કરવું પડે અને ઈ બહુ નાના નાના અક્ષરોમાં કરવું પડે. પણ પરમસત્તા હશે જે આપણે ત્યાં વ્યવસ્થા પુરાણોમાં દેખાય છે હશે. કબૂલ કરું હશે, પરંતુ ઈશ્વર એ બધું લક્ષમાં થોડું રાખે ?



આવેલા અવસરનો આપણા વિવેકના અજવાળામાં, આપણી મર્યાદા પ્રમાણે સદ્ઉપયોગ કરવો એને ઈશ્વર યાદ રાખે છે. પછી ખેતીનો અવસર આવ્યો હોય ત્યારે વિવેકથી ખેતી કરી લ્યો, છોકરાઓને પરણાવવાનો અવસર આવે ત્યારે વિવેકથી તમારી ક્ષમતા પ્રમાણે તમારા સ્વધર્મને નિભાવો. ભગવાનની કથામાં આત્મ જાગૃતિ થતી હોય તો ઈ ઈશ્વરની પળને ચૂકો નહીં, પરંતુ બહુ જ મારી હૃદયની અપીલ કે કથામાં તો રામનો જન્મ કરાવીશ. પાંચમે-છઠ્ઠે દિવસે જ્યારે કરાવું ત્યારે અને પારણામાં જે પીતળનાં કે ચાંદીના લાલા હશે એને આપણે ઝુલાવીશું પણ તમારે ઘેર જે બાલકૃષ્ણ ઝૂલે છે એને પ્રેમ કરવાનું ચૂકશો નહીં, એ પુણ્ય છે. પ્રેમથી ધીમે ધીમે પરમ સુધી પહોંચવાનું છે. એ પણ એક સીડી છે.દુર્ગા એટલે શ્રદ્ધા. કોઈ ધર્મમાં શ્રદ્ધાનું ખંડન હોઈ શકે? બધા શ્રદ્ધા પર તો ટક્યા છે. શિવ એટલે કલ્યાણ. બધા ધર્મ વિશ્વના કલ્યાણની વાતો કરવા માટે આગળ આવે છે અને વિષ્ણુ એટલે વિશાળતા, વ્યાપકતા, ઉદારતા. ધ્યાન રાખજો, ઉદાર બન્યા વિના શાંતિ થતી નથી. પંચદેવોની સ્થાપનાનો આ સાર્વભૌમ વિચાર છે. ધર્મની અને એકબીજાની વાતો એકબીજા કાપશે તો કદાચ જયજયકાર થઈ શકશે, શાંતિકાર નહીં થઈ શકે. અને લોકો ધર્મના નામે, પોતપોતાની વિચારધારાને નામે બીજાનું કેવી રીતે અપમાન કરી શકાય, કેવી રીતે બીજાને પોતાનાથી નાના સિદ્ધ કરી શકાય એ માટે પ્રવૃત્ત છે ! અને હોશિયારી સાથે આ બધું થાય છે !તો, મારાં ભાઈ-બહેનો, આ સાર્વભૌમ સિદ્ધાંત છે. બીજાનું કલ્યાણ કરો એ શિવસ્થાપના. શ્રદ્ધાને અકબંધ રાખો એ દુર્ગાની સ્થાપના. વિવેક સંભાળો એ ગણેશ ઉપાસના. ઉદાર બની રહો એ વિષ્ણુની આરાધના અને પ્રકાશમાં જીવવાનો સંકલ્પ કરો એ સૂર્યની આરાધના. તો, ગોસ્વામીજીએ આરંભમાં પંચદેવોની વંદના કરી. અને પછી જેનામાં પાંચેય દેવ સમાઈ જાય છે એવા સદગુરુની વંદના તેઓ કરે છે. ગુરુમાં બધું આવી જાય છે. સદગુરુમાં બધું સમાઈ જાય છે.

**વન-ડે મેચોમાં પૂજારાએ ૧૦.૨૦ની સરેરાશથી કુલ ૫૧ રન બનાવ્યા હતા.**

# ચેતેશ્વર પૂજારા ભારતીય ક્રિકેટનો અનસંગ હીરો

- ૨૦૧૮ની સિરીઝમાં પૂજારાએ ૪ ટેસ્ટમાં ૩ સદી સાથે ૫૦૦થી વધુ રન બનાવ્યા હતા. પૂજારાએ એડીલેઈડ, મેલબોર્ન અને સીડનીમાં સદી ફટકારી હતી ને આ ત્રણ ટેસ્ટમાંથી બે ટેસ્ટ ભારતે જીતી હતી

લાંબા સમયથી ઉપેક્ષિત ચેતેશ્વર પૂજારાએ અંતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી. એક સમયે ભારતીય ક્રિકેટ ટીમના અત્યંત આધારભૂત બેટ્સમેન મનાતા આપણા ગુજરાતી પૂજારાને લગભગ છેલ્લાં બે વર્ષથી પસંદગીકારો ધ્યાનમાં જ નહોતા લેતા. પૂજારા જૂન ૨૦૨૩માં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના રૂપમાં પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા પછી તક જ નહોતી મળતી. પૂજારા ભારત માટે ૫ વન ડે ઈન્ટરનેશનલ મેચો રમ્યા હતા અને તેમાં દેખાવ બહુ સારો નહોતો. વન-ડે મેચોમાં પૂજારાએ ૧૦.૨૦ની સરેરાશથી કુલ ૫૧ રન બનાવ્યા હતા. પૂજારા ભારત માટે કોઈ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા નહોતા તેથી વન ડે કે ટી-૨૦માં તક મળે એવી આશા પૂજારાને પણ નહોતી પણ ટેસ્ટમાં પૂજારા ચોક્કસ ટીમમાં સ્થાનના હકદાર હતા છતાં અવગણના થતી હતી. ચેતેશ્વર પૂજારાની ઉંમર ૩૭ વર્ષ છે તેથી હવે તક ના મળે તો બહુ રાહ જોવાનો મતલબ નથી એમ સમજીને પૂજારાએ અંતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને ઝાઝા જુહાર કરી દીધા. પસંદગીકારો વન ડાઉન બેટ્સમેન માટે પ્રયોગો પર પ્રયોગો કર્યા કરતા હતા પણ પોતાની ક્ષમતા સાબિત કરી ચૂકેલા પૂજારાને તક નહોતી મળતી. ચેતેશ્વર જૂન ૨૦૨૩માં પોતાની છેલ્લી ટેસ્ટ મેચ રમ્યા પછી લગભગ સવા બે વર્ષમાં રમાયેલી ૨૪ ટેસ્ટમાં બોર્ડના પસંદગીકારોએ વન ડાઉન તરીકે શુભમન ગિલ, સાઈ સુદર્શન, કણ નાયર, વિરાટ કોહલી, દેવદત્ત પડિકલ અને કે.એલ. રાહુલને અજમાવ્યા છે. આ ૬ ધુરંધરોએ મળીને ૨૪ ટેસ્ટની ૪૫ ઈનિંગ્સમાં માત્ર ૩૧ રનની સરેરાશથી રન કર્યા જ્યારે પૂજારાની ટેસ્ટ કરીયરની એવરેજ જ ૪૪ રનની છે. ટેસ્ટ ક્રિકેટમાં પૂજારા આંકડાની રીતે બધા કરતાં ચડિયાતા સાબિત થયા છે છતાં પસંદગીકારોએ તેમને ફરી તક ના આપી. ચેતેશ્વર પૂજારાએ ૨૦૧૦માં બેંગ્લૂમાં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ રમીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો એ જોતાં તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ૧૫ વર્ષ ચાલી. આ ૧૫ વર્ષની કારકિર્દીમાં પૂજારા દિલથી દેશ માટે રમ્યા અને ભારતીય ટીમને કલ્પના ના કરી હોય એવા વિજયો અપાવ્યા પણ રોહિત શર્મા કે વિરાટ કોહલી જેવા પોતાના સમકાલીનો જેટલો જશ પૂજારાને કદી ના મળ્યો એ જોતાં પૂજારા ભારતના અનસંગ હીરો છે. ટેસ્ટ ક્રિકેટમાં પૂજારાએ ૧૦૩ મેચની ૧૭૬ ઈનિંગ્સમાં ૪૩.૬૦ની સરેરાશથી કુલ ૭,૧૯૫ રન બનાવ્યા. પૂજારાએ ટેસ્ટમાં ૧૯ સદી અને ૩૫ અડધી સદી ફટકારી છે. અને શ્રેષ્ઠ સ્કોર ૨૦૬★ રન છે. આંકડાની રીતે ઘણા ક્રિકેટરોનો દેખાવ પૂજારા કરતાં બહેતર લાગે પણ પૂજારાએ ભારતને જે વિજયો અપાવ્યા એવા વિજય કોઈએ અપાવ્યા નથી. આપણા કહેવાતા મહારથીઓ ચાલ્યા ના હોય ત્યારે પૂજારા ક્રિઝ પર અડીખમ ઊભા રહી જતા. પૂજારાની આ તાકાતની બરોબરી કોઈ કરી શકે તેમ નથી. પૂજારાની બેટિંગનું મહત્ત્વ એ વાત પરથી સમજાય કે પૂજારાએ ફટકારેલી ૧૯ ટેસ્ટ સદી વખતે માત્ર ૨ ટેસ્ટમાં જ ભારત હાર્યું છે જ્યારે બાકીની મેચો ભારત જીત્યું કે પછી ડ્રો થઈ છે. પૂજારા વિદેશની ધરતી પર પણ સફળ હતા. પૂજારાની ૧૯ ટેસ્ટ સદીમાંથી ૯ ટેસ્ટ સદી વિદેશની ધરતી પર છે.પૂજારાએ પોતાની કારકિર્દીની શરૂઆત જ ભારતને જીત અપાવીને કરેલી. પોતાની પહેલી ટેસ્ટ ઈનિંગમાં પૂજારાએ માત્ર ૪ રન બનાવ્યા હતા અને ત્રીજા જ બોલે મિશેલ જોહનસનને એલબીડબલ્યુ કરતાં શરૂઆત નિરાશાજનક રહી હતી પણ પૂજારાએ બીજી ઈનિંગમાં આ નિરાશા ખંખેરાય જાય એવી ઈનિંગ રમી બતાવી હતી. બીજી ઈનિંગમાં કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ પૂજારાને રાહુલ દ્રવિડની જગ્યાએ ત્રીજા નંબરે મોકલીને આશ્ચર્ય સર્જેલું. પૂજારાની પહેલી ઈનિંગની બેટિંગના કારણે કોઈને સારા દેખાવની આશા નહોતી પણ પૂજારાએ સૌને ખોટા પાડેલા. ભારતને જીતવા માટે ૨૦૭ રનની જરૂર હતી ત્યારે પૂજારાએ ૭૨ રનની યાદગાર ઈનિંગ રમીને ભારતને જીતાડ્યું હતું.પૂજારાની કારકિર્દીનું સુવર્ણ પ્રકરણ ઓસ્ટ્રેલિયા સામેની ૨૦૧૮-૧૯ની સિરીઝ છે. ૨૦૧૮ પહેલાં ભારતે ઓસ્ટ્રેલિયામાં ક્યારેય સિરીઝ જીતી ન હતી પણ ૨૦૧૯માં ભારતે પહેલી વાર સિરીઝ જીતીને ઈતિહાસ રચી દીધો હતો. આ ઈતિહાસ સર્જવામાં પૂજારા કેન્દ્રસ્થાને હતા. ૨૦૧૮ની સિરીઝમાં પૂજારાએ ૪ ટેસ્ટમાં ૩ સદી સાથે ૫૦૦થી વધુ રન બનાવ્યા હતા. પૂજારાએ એડીલેઈડ, મેલબોર્ન અને સીડનીમાં સદી ફટકારી હતી ને આ ત્રણ ટેસ્ટમાંથી બે ટેસ્ટ ભારતે જીતી હતી જ્યારે એક ટેસ્ટ ડ્રો ગઈ હતી. આ સિરીઝમાં પૂજારા રન બનાવવામાં જ નહીં પણ બોલ રમવામાં પણ બંને ટીમમાં સૌથી આગળ હતા. બીજો કોઈ બેટ્સમેન ૭૦૦ બોલ પણ રમી શક્યો ન હતો ત્યારે પૂજારાએ ૧૨૦૦થી વધુ બોલ રમીને. સાબિત કરેલું કે, ટેસ્ટ ક્રિકેટ રમવા માટે જરૂરી ધીરજ અને ટેમ્પરમેન્ટ તેમની પાસે છે એવો બીજો કોઈ પાસે નથી. આવા જોરદાર દેખાવ છતાં રિષભ પંત કે વિરાટ કોહલીની જેમ ચેતેશ્વરનાં કદી ગુણગાન ના ગવાયાં.પૂજારાને વન ડે મેચોમાં પૂરતી તક ના મળી, બાકી પૂજારા વન ડેમાં પણ ચાલે એવા ખેલાડી હતા. ભારતમાં કોઈ પણ ક્રિકેટર પર એક ફોર્મેટના ખેલાડીનો સિક્કો વાગી જાય પછી તેને બીજા ફોર્મેટમાં તક જ નથી મળતી ને પૂજારા સાથે એવું જ થયું. આ માન્યતા સાવ ખોટી છે એ વાત વિરેન્દ્ર સેહવાગ અને રાહુલ દ્રવિડે સાબિત કરેલી. સેહવાગ પર વન ડે મેચોના ખેલાડીનો સિક્કો વાગી ગયેલો તેથી ટેસ્ટમાં તક જ નહોતી મળતી પણ તક મળી પછી સેહવાગે ટેસ્ટમાં પણ પોતે ઉપયોગી છે એ સાબિત કર્યું.ટેસ્ટ ક્રિકેટમાં ભારત વતી ગણીને ત્રણ ત્રેવડી સદી થઈ છે ને તેમાંથી બે તો સેહવાગે ફટકારી છે. સુનિલ ગાવસકર, સચિન તેંડુલકર, વિરાટ કોહલી સહિતના મહાન બેટ્સમેન ના કરી શક્યા એ પરાક્રમ સેહવાગે બે વાર કરી બતાવ્યું. રાહુલ દ્રવિડ પર પણ ટેસ્ટના ખેલાડી હોવાનો સિક્કો વાગી ગયો પછી વન ડે મેચોમાં તક નહોતી મળતી. તક મળી પછી દ્રવિડે વન ડેમાં પણ પોતાની ઉપયોગિતા સાબિત કરી હતી. કમનસીબે ચેતેશ્વર પૂજારાના કેસમાં એવું ના થયું પણ તેના કારણે ચેતેશ્વરનું યોગદાન ઘટતું નથી. પૂજારાને ક્રિકેટ ચાહકો ભારતના એક મહાન ટેસ્ટ ક્રિકેટર તરીકે હંમેશાં યાદ રાખશે. જબરદસ્ત ધીરજ અને ગજબનાક ટેમ્પરામેન્ટ ધરાવતા બેટ્સમેન તરીકે પૂજારા હંમેશાં ક્રિકેટ ચાહકોના દિલ પર રાજ કરશે.

**ચિંતાની બાબત : બંગાળમાં તો સ્થિતી ખુબ દયનીય બની ચુકી છે...**

# માનવ તસ્કરી : એક મોટી સમસ્યા છે

## માનવ તસ્કરીનો શિકાર થયેલી ૨૬ ટકા મહિલાઓ દેહ વેપારમાં બાળપણમાં જ ધકેલી દેવાય છે : મહિલાઓ જાતિય શોષણનો શિકાર

માવ તસ્કરીના મામલા ચિંતાજનક રીતે વધી રહ્યા છે. દેશના અનેક રાજયોમાં તો આ સમસ્યા ખુબ ગંભીર બની ચુકી છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં માનવ તસ્કરીની સ્થિતી સૌથી દેયનીય બનેલી છે. ભારતમાં તસ્કરી કરવામાં આવેલા દરેક પાંચ મામલામાં ત્રણ મામલા બાળકોના રહેલા છે. જે વધારે ચિંતા ઉપજાવે છે. ઈન્ડિયા સ્પેન્ડના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૦ના આંકડા મુજબ પશ્ચિમ બંગાળમાં સૌથી વધારે સંખ્યામાં બાળકોના તસ્કરીના કેસ સપાટી પર આવ્યા છે. બંગાળમાં સૌથી વધારે હાલત કફોડી દેખાઇ છે. એટલે કે કુલ મામલામાં ૩૪ ટકા મામલાનો માત્ર બંગાળના રહ્યા છે. નેશનલ ક્રાઇમ રિકોર્ડ બ્યુરોના આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે આમાંથી ૮૬ ટકા એટલે કે ૨૬૮૭ યુવતિઓ નિકળી છે. વર્લ્ડ વિજન ઈન્ડિયાના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૫૯ ટકા કિશોરીઓને તસ્કરીથી બચાવી લેવાને લઈને કોઇ માહિતી નથી. ૭૨ ટકા લોકોને તો એ અંગે પણ માહિતી નથી જે તેમની મદદ કરી શકે છે. તસ્કરીનો શિકાર થયેલી ૫૦ ટકા મહિલાઓ જાતિય શોષણનો શિકાર થઇ રહી છે. ૨૬ ટકા જેટલી મહિલાઓ દેહ વેપારમાં બાળપણમાં ધકેલી દેવામાં આવે છે. બંગાળમાં એક મોટો હિસ્સો બાંગ્લાદેશ, નેપાળ, ભુટાણ,બિહાર, ઓરિસ્સા, ઝારખંડ અને સિક્કિમ તેમજ આસામની સરહદ સાથે જોડાયેલ છે. આના કારણે તસ્કરી વધારે સરળ બની જાય છે. રાજસ્થાનમાં પણ હાલત સારી નથી. બંગાળની વાત કરવામાં આવે તો અહીં વર્ષ ૨૦૨૦માં ૩૧૧૩ બનાવો બન્યા હતા. રાજસ્થાનમાં પણ ઓછા તસ્કરીના બનાવો રહ્યા ન હતા. રાજસ્થાનમાં ૨૫૧૯ જેટલા તસ્કરીના બનાવો બન્યા હતા. ગરીબી અને હતાશાના કારણે કોઇ પણ વ્યક્તિ બિનસુરક્ષિત અનુભવ કરે છે. ગરીબી અને હતાશા લોકોને બિનસુરિક્ષત પ્રવાસ તરફ ખેંચી જાય છે. જ્યાં આ હતાશ અને દુખી લોકો વધારે મુશ્કેલીમાં મુકાઇ જાય છે અને માનવ તસ્કરીનો શિકાર થઇ જાય છે. યુવતિઓ અને મહિલાઓ તો દેહ વેપારનો શિકાર થઇ જાય છે. આ આંકડો ૨૬ ટકાની આસપાસ રહે છે. ૫૦ ટકા કરતા વધારે મહિલાઓ જાતિય શોષણનો શિકાર થઇ જાય છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૦માં ભારતમાં ૧૫૩૭૯ લોકોની તસ્કરી ભારતમાં થઇ હતી. જે પૈકી ૫૪ ટકા તો મહિલાઓ હતી. મહિલાઓની સંખ્યા આમાંથી ૪૯૧૧ જેટલી નોંધાઇ છે. આવી જ રીતે ૪૬ ટકા યુવકોની તસ્કરી કરવામાં આવી છે. આ સંખ્યા ૪૧૨૩ જેટલી છે. રિપોર્ટ તસ્કરી માટે જુદા જુદા કારણ દર્શાવે છે. જે પૈકી એક કારણ લગ્નની લાલચ પણ છે. વર્લ્ડ વિજન ઇન્ડિયાના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેહ વેપાર માટે થતી તસ્કરીમાં મોટા ભાગે પહેલા લગ્ન કરવાની લાલચ આપવામાં આવે છે. આ મામલા બોયફ્રેન્ડની સાથે ભગાડી દેવાના મામલા સામેલ છે. યુવતિઓને લગ્ન કરવાની અને નોકરી આપવાની લાલચ આપીને ફસાવી દેવામાં આવે છે. આ દિશામાં વધારે સક્રિયતા સાથે આગળ વધવાની જરૂર છે. કાયદાઓને વધારે કઠોર રીતે લાગુ કરવા અને પોલીસ વધારે ગંભીરતા સાથે આગળ વધે તે જરૂરી છે. શકમંદો પર નજર રાખવાની પણ જરૂર દેખાઇ રહી છે. માનવ તસ્કરી આજની સમસ્યા નથી. વર્ષોથી આ સમસ્યા રહેલી છે. પરંતુ આને રોકી પણ શકાય છે. આના માટે મજબુત ઇચ્છાશક્તિ અને યોગ્ય કાયદાને અમલી કરવાની જરૂર દેખાઇ રહી છે. માનવ તસ્કરીના કેસો કઇ રીતે રોકી શકાય તેને લઇને સંબંધિત વિભાગોમાં ચર્ચા થઇ રહી છે.

સાથે સાથે જુદા જુદા રાજયો દ્વારા પગલા પણ લેવામાં આવી ચુક્યા છે. પરંતુ આની અસર દેખાઇ રહી નથી. માનવ તસ્કરીનો શિકાર મોટા ભાગે ગરીબ બાળકો અને ગરીબ પરિવાર વધારે બને છે. કારણ કે આવા પરિવારના લોકો તેમના બાળકોને નોકરી અને અન્ય લાલચમાં અન્યત્ર મોકલી દે છે. માનવ તસ્કરીમાં સામેલ લોકોના સકંજામાં આ પરિવારના લોકો સરળતાથી આવી જાય છે. જયારે વાસ્તવિકતા ખુલે છે ત્યાર સુધી તો ખુબ મોડુ થઇ જાય છે. દેશમાં માનવ તસ્કરીના ૧૫ હજારથી વધારે મામલા બની ચુક્યા છે.



# શ્રીદેવીની ચેન્નાઈની મિલકત પર ગેરકાયદેસર દાવાઓ અંગે બોની કપૂર મદ્રાસ હાઈકોર્ટના શરણે


બોલિવૂડના ડિરેક્ટર અને પ્રોડ્યુસર બોની કપૂરે મદ્રાસ હાઈકોર્ટમાં અરજી કરી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ત્રણ વ્યક્તિઓ ગેરકાયદેસર રીતે ચેન્નાઈના ફાર્મહાઉસની માલિકીનો દાવો કરી રહ્યા છે જે એક સમયે તેમની સ્વર્ગસ્થ પત્ની, સુપ્રસિદ્ધ અભિનેત્રી શ્રીદેવીનું હતું.

બોનીએ કાનૂની અરજી દાખલ કરી છે, જેમાં તેમણે ત્રણેય દ્વારા છેતરપિંડી કરવાનો પ્રયાસ ગણાવ્યો છે. ચેન્નાઈમાં ઈસ્ટ કોસ્ટ રોડ (ઈઝઈ) પર સ્થિત વિવાદિત મિલકત શ્રીદેવીએ ૧૯ એપ્રિલ ૧૯૮૮ના રોજ એમ.સી. સંબંદા મુદલિયાર પાસેથી ખરીદી હતી. મુદલિયારના પરિવારે ૧૯૬૦માં પરસ્પર મિલકતનું વિભાજન કર્યું હતું અને આ પારિવારીક વહેંચણીના આધારે, શ્રીદેવીએ કાયદેસર રીતે પ્લોટ મેળવ્યો હતો.

જોકે, બોનીનો દાવો છે કે ત્રણ વ્યક્તિઓ, એક મહિલા અને તેનાં બે પુત્રોએ, તાજેતરમાં જમીન પર કાયદેસરના અધિકારો મેળવવાનું શરૂ કર્યું છે. મહિલાનો આરોપ છે કે તે મુદલિયારના એક પુત્રની બીજી પત્ની છે અને તેણીએ ૧૯૭૫માં તેની સાથે લગ્ન કર્યા હતા. બોનીએ આ દાવાની કાયદેસરતાને પડકાર ફેંક્યો, દલીલ કરી કે પુરુષની પહેલી પત્ની ૧૯૯૯ સુધી જીવિત હતી, જેના કારણે કથિત બીજા લગ્ન કાયદેસર રીતે અમાન્ય બન્યા.

બોનીએ તાંબરમ તાલુક તહસીલદારના અધિકારક્ષેત્ર પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, જેમણે ત્રણ વ્યક્તિઓનું કાનૂની વારસા પ્રમાણપત્ર મંજુર કર્યું હતું. તેમણે કોર્ટને પ્રમાણપત્ર રદ કરવા અને માલિકીના કોઈપણ ટ્રાન્સફરને રોકવા વિનંતી કરી. અરજીની નોંધ લેતા, ન્યાયાધીશ એન. આનંદ વેંકટેશે તાંબરમ તહસીલદારને આ મામલાની તપાસ કરવા અને ચાર અઠવાડિયામાં નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે.

ઈઝઈ પરની મિલકતનો ઉપયોગ કૌટુંબિક ફાર્મહાઉસ રીટ્રીટ તરીકે થાય છે અને બોની અને તેની પુત્રીઓ, જાહ્નવી અને ખુશી કપૂર આ ઘર પ્રત્યે વિશેષ લાગણી ધરાવે છે. બોની કપૂરે જૂન ૧૯૯૬માં શ્રીદેવી સાથે લગ્ન કર્યાં હતાં. આ દંપતીને બે પુત્રીઓ છે, જાહ્નવી અને ખુશી કપૂર. બંને હવે બોલીવુડમાં અભિનેત્રીઓ છે. શ્રીદેવીનું ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ દુબઈમાં દુઃખદ અવસાન થયું હતું.




# ‘ના સચ્ચા પ્યાર હુઆ હૈ, ના કુછ અધુરા રહા હૈ’ સલમાન ભાવુક થયો

## બિગ બોસ ૧૯ ના પ્રીમિયર દરમિયાન સલમાન ખાને પહેલી વખત પ્રેમ અને જીવન વિશે ખુલીને વાત કરી

સલમાન ખાનની લવ લાઈફ હંમેશા એક ચર્ચાનો વિષય રહી છે. તેના લગ્ન વિશે પણ હંમેશા પ્રશ્નો ઉઠતા રહ્યા છે. તાજેતરમાં બિગ બોસ ૧૯ના પ્રીમિયર એપિસોડ દરમિયાન, સલમાન ખાને કન્ટેન્ટ ક્રિએટર તાન્યા મિત્તલ સાથે સ્ટેજ પર વાતચીત દરમિયાન પોતાના અંગત જીવન વિશે વાત કરી. રવિવારે એક ભવ્ય પ્રીમિયર એપિસોડ દ્વારા સલમાન ખાન શોના હોસ્ટ તરીકે ફરી એક વખત પાછો ફર્યો અને સ્પર્ધકોનો પરિચય કરાવ્યો. બિગ બોસ ૧૯ની સફર સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે. ત્યારે સ્પર્ધક તાન્યા મિત્તલ સાથેની વાતચીત દરમિયાન સલમાને પોતાની લવ લાઈફ વિશે સ્પષ્ટતા કરી, જે તેના માટે થોડી અંગત બની ગઈ હતી.

બિગ બોસ ૧૯ના પ્રીમિયર એપિસોડ દરમિયાન, સલમાને કન્ટેન્ટ ક્રિએટર અને ઉદ્યોગસાહસિક તાન્યા મિત્તલનો પરિચય એક સ્પર્ધક તરીકે કરાવ્યો. પરિચય પછી, કલ્ટ હિટ ‘ગેંગ્સ ઓફ વાસેપુર’નાં સ્ક્રિપ્ટ રાઈટર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર ઝીશાન કાદરીને સલમાને તાન્યા સાથે પરિચય કરાવ્યો હતો.

તે સમયે, સલમાને તાન્યાને પૂછ્યું કે શું તેણે ગેંગ્સ ઓફ વાસેપુર ફિલ્મ જોઈ છે, જેના જવાબમાં તેણે કહ્યું કે, તેણે નથી જોઈ. સલમાને પછી જિજ્ઞાસાથી પૂછ્યું કે તેને કયા પ્રકારનું કન્ટેન્ટ જોવાનું ગમે છે. તાન્યાએ ઉલ્લેખ કર્યો કે તેણે ‘પ્રેમ રતન ધન પાયો’ જોઈ છે.

વાતચીત દરમિયાન, તાન્યાએ સલમાનને પ્રશ્ન કર્યો, “સાહેબ, સચ્ચા પ્યાર હમેશા અધુરા રહેતા હૈ ક્યા? (સાહેબ, શું સાચો પ્રેમ હંમેશા અધૂરો રહે છે?).”

જેના જવાબમાં સલમાને જવાબ આપ્યો, “સચ્ચા પ્યાર, મુજે પતા નહીં... ક્યુંકી અભી તક હુઆ હી નહીં. ના સચ્ચા પ્યાર હુઆ હૈ, ના કુછ અધુરા રહે હૈ (સાચો પ્રેમ? મને ખબર નથી... કારણ કે મારી સાથે હજુ સુધી એવું બન્યું નથી. સાચો પ્રેમ થયો નથી, કે કંઈ પણ અધૂરું રહેતું નથી).” સલમાન વર્ષોથી ઘણા લોકો સાથે સંબંધોમાં રહ્યો છે. અહેવાલ મુજબ તેણે ૧૯૯૧થી ૧૯૯૯ સુધી ભૂતપૂર્વ અભિનેત્રી સોમી અલીને ડેટ કરી હતી.

સલમાન અને સંગીતા બિજલાની વર્ષો પહેલા ડેટ કરી રહ્યાં હતાં અને પછીથી અલગ થઈ ગયાં. તેઓ બોલિવૂડમાં તેમના શરૂઆતના વર્ષો દરમિયાન એક ટીવી જાહેરાતના સેટ પર મળ્યાં હતાં. બંને પ્રેમમાં પડ્યાં અને લગભગ એક દાયકા સુધી ડેટિંગ કર્યું; તે સલમાનના સૌથી લાંબા સંબંધોમાંનો એક હતો. બંનેએ લગ્ન કરવાનું પણ નક્કી કર્યું હતું, પરંતુ પછીથી તે તોડી નાખ્યું. તાજેતરમાં ઈન્ડિયન આઈડલ ૧૫ના એક એપિસોડમાં, સંગીતાએ કહ્યું હતું કે સમારંભ રદ થાય તે પહેલાં તેના અને સલમાનના લગ્નના કાર્ડ છાપવામાં આવી રહ્યાં હતાં.

સલમાન અને ઐશ્વર્યા રાય ૧૯૯૯માં ‘હમ દિલ દે ચૂકે સનમ’ના સેટ પર મળ્યાં પછી સાથે આવ્યાં હોવાના અહેવાલ હતાં, પરંતુ ૨૦૦૨ સુધીમાં તેઓ અલગ થઈ ગયાં હતાં. તાજેતરના વર્ષોમાં, સલમાનનું નામ કેટરિના કૈફ અને યુલિયા વેંન્ટોર સહિત ઘણા કલાકારો સાથે જોડાયું છે. જો કે, તેમણે ક્યારેય આ અહેવાલો સંદર્ભે જાહેરમાં વાત કરી નથી.

રવિવારે, સલમાન ખાન રિયાલિટી શો બિગ બોસની ૧૯મી સીઝનનાં હોસ્ટ તરીકે પાછો ફર્યો. સલમાને બિગ બોસ ૧૯ના સ્પર્ધકોનો ખૂબ જ ધામધૂમથી પરિચય કરાવ્યો. સ્પર્ધકોમાં અશ્નૂર કૌર, ઝીશાન કાદરી, તાન્યા મિત્તલ, નગમા મિરાજકર, અવેઝ દરબાર, નેહલ ચુડાસમા, અભિષેક બજાજ, બસીર અલી, ગૌરવ ખન્ના, નતાલિયા જાનોઝેક, પ્રણિત મોરે, ફરહાના ભટ્ટ, નીલમ ગિરી, કુનિકા મલ્લ સુદાનંદ અને શ્રીમાન તિલાનંદ જેવા નામોનો સમાવેશ થાય છે.

નવી સીઝન “ઘરવાલો કી સરકાર” થીમ હેઠળ આવી છે. આ શો પહેલા ર્તેઉૅંજંદ્વપિર સ્ટ્રીમ થશે અને પછી કલર્સ ટીવી પર વિલંબિત ટેલિકાસ્ટ થશે.

# તમન્ના ભાટિયા અને ડાયના પેન્ટી ‘ડુ યુ વોના પાર્ટનર’ માં એક સાથે આવશે



કરણ જોહરના ડિજીટલ કન્ટેન્ટ માટેના પ્રોડક્શન હાઉસ ધર્મેટીક એન્ટરટેઈનમેન્ટ દ્વારા પ્રોડ્યુસ થયેલી સિરીઝ વીમેન આન્ત્રપ્રિન્યોરની વાત કરે છે, જે એમેઝોન પ્રાઈમ વિડિયો પર સ્ટ્રીમ થશે. પ્રાઈમ વિડિયો તેની આગામી હિન્દી ઓરિજિનલ સિરીઝ, ‘ડુ યુ વોના પાર્ટનર’ ૧૨ સપ્ટેમ્બરના રોજ પ્રીમિયર થશે તેની સત્તાવાર જાહેરાત થઈ ગઈ છે. હળવી કોમેડી-ડ્રામામાં તમન્ના ભાટિયા અને ડાયના પેન્ટી લીડ રોલમાં છે અને પ્રાઈમ વિડિયો અને ધર્માટિક એન્ટરટેઈનમેન્ટ વચ્ચેની પાર્ટનરશિપમાં આ બીજી સિરીઝ છે. આ સિરીઝ ફક્ત ભારતમાં જ નહીં વિશ્વભરના ૨૪૦થી વધુ દેશો અને પ્રદેશોમાં પ્રેક્ષકો માટે ઉપલબ્ધ રહેશે. ‘ડુ યુ વોના પાર્ટનર’ શિખા અને અનાહિતા (તમન્ના અને ડાયના)ની વિચિત્ર અને હૃદયસ્પર્શી સફરને દર્શાવે છે, જે બે ઉત્સાહી બેસ્ટ ફ્રેન્ડ છે, જેઓ પોતાનું આલ્કોહોલ સ્ટાર્ટ-અપ શરૂ કરવા માટે નીકળે છે. મેગા સિટીમાં આકાર લેતી આ વાર્તા પુરુષોનું પ્રભુત્વ ધરાવતા ક્રાફ્ટ બીયર ઉદ્યોગમાં પ્રવેશવા માટેના તેમના સંઘર્ષને દર્શાવે છે. જેમ જેમ તેઓ રૂઢિઓને પડકારે છે, નિયમોને મરોડે છે અને વિચિત્ર અનુભવોમાંથી પસાર થાય છે, તેમ તેમ સિરીઝ સ્ત્રી મહત્વાકાંક્ષાની અંધાધુંધી અને વિજય બંનેને બતાવે છે, જે રમૂજ, હૂંફ અને પુષ્કળ જુગાડ સાથે પીરસવામાં આવશે.

પ્લેટફોર્મના વિઝનને શેર કરતા, પ્રાઈમ વિડિયો ઓરિજિનલ્સના ઈન્ડિયાના ડિરેક્ટર અને હેડ નિખિલ મધોકે કહ્યું, “ડુ યુ વોના પાર્ટનર એ મહત્વાકાંક્ષા, મિત્રતા અને ધમાલની એક બોલ્ડ વાર્તા છે જે પુરુષ-પ્રભુત્વ ધરાવતા ઉદ્યોગમાં નિયમોને ફરીથી લખતી બે મહિલાઓના દ્રષ્ટિકોણથી કહેવામાં આવે છે.”નિર્માતા કરણ જોહરે કહ્યું કે આ સિરીઝ ભારતના લોકો કોઈ પણ સ્થિતિમાં જુગાડ શોધવાની ભાવનામાં મૂળ ધરાવે છે અને અપરંપરાગત ઉદ્યોગસાહસિકતાના અસ્તવ્યસ્ત છતાં પ્રેરણાદાયક વિશ્વને દર્શાવે છે.

# ૫૭ વર્ષના અક્ષયની ફિટનેસનું રહસ્ય સોમવારના ઉપવાસ ઊર્જાવાન રાખે

બોલિવૂડ સ્ટાર અક્ષય કુમાર પોતાની ફિટનેસ અને કડક શિસ્ત પાલન માટે જાણીતો કલાકાર છે. અનેક યુવાનો અને ઈન્ડસ્ટ્રીના લોકો તેની તંદુરસ્તીમાંથી પ્રેરણા લે છે. તાજેતરમાં, ‘યોર બોડી ઓલરેડી નોઝ’ નામના પુસ્તક વિમોચનના એક કાર્યક્રમમાં તે હાજર રહ્યો હતો. જેમાં તેણે તેની શિસ્તબદ્ધ જીવનશૈલીનું રહસ્ય જાહેર કર્યું હતું, જે તેને ૫૭ વર્ષની ઉંમરે પણ ફિટ રાખે છે. અક્ષયે કહ્યું કે તે સોમવારે આખો દિવસ ઉપવાસ રાખે છે અને સાંજે ૬:૩૦ વાગ્યે વહેલા જમી લે છે કારણ કે સ્વસ્થ પેટ બધી સ્વાસ્થ્યલક્ષી સમસ્યાઓ ટાળવાની ચાવી છે. તેણે ઉમેર્યું કે તે પરંપરાગત રીતે કોઈ ખાસ ટ્રેનિંગ લેતો નથી અને વજન વધારતો નથી. પુસ્તક વિમોચન કાર્યક્રમ દરમિયાન, અક્ષયે અઠવાડિયામાં એક વાર ઉપવાસ કરવાની એક આદત વિશે વાત કરી જે તેને હળવો અને ઉર્જાવાન રહેવામાં મદદ કરે છે. તેણે કહ્યું, “હું સોમવારે ઉપવાસ કરું છું, જેમ કે આખો દિવસ ભુખ્યો રહું છું. રવિવારે છેલ્લું ભોજન લઉં છું અને તે પછી, સોમવાર આખો અને મંગળવાર સવાર સુધી ઉપવાસ હોય છે.”ઘણા ડાયેટિશિન્સ અને ન્યુટ્રીશનિસ્ટ્સ સાંજનું ભોદન વહેલું લેવાની સલાહ આપતા હોય છે. આ આદત અંગે અક્ષયે કહ્યું, કે તે પોતાનું રાત્રિભોજન ૬:૩૦ વાગ્યે પૂરું કરી લે છે. તેનો દાવો છે કે, વહેલું રાત્રિભોજન કરવું એ તમારા શરીર માટે સૌથી મહત્વની બાબત છે, કારણ કે જ્યારે આપણે રાત્રે સૂઈએ છીએ, ત્યારે આપણી આંખો આરામ કરે છે, આપણા પગ આરામ કરે છે, આપણા હાથ આરામ કરે છે, મૂળભૂત રીતે, આપણા શરીરનો દરેક ભાગ આરામ કરે છે. પરંતુ જ્યારે આપણે મોડા રાત્રિભોજન કરીએ છીએ, ત્યારે આપણે આપણા પેટને આરામ કરવાનો યોગ્ય સમય આપતા નથી. અક્ષયે કહ્યું, “જ્યારે તમે ઉઠો છો, ત્યારે તમારા પેટને આરામ કરવાનો સમય થઈ ગયો હોય છે. પરંતુ જ્યારે આપણે ઉઠીએ છીએ


# ‘આપણે જ એડજસ્ટ થવું પડશે કારણ કે પસ્તાવાનો કોઈ અર્થ નથી’

## બોક્સ ઓફિસ પર પડકારો સામે લડવા અંગે રાશા થડાનીએ પોતાનાં વિચારો વ્યક્ત કર્યાં



રાશા થડાની એક ન્યુ કમર તરીકે બોક્સ ઓફિસના દબાણનો સામનો કરવા, કસોટી અને ટીકાનો સામનો કરવા અને લાઈકે લાઈકા માટે અભય વર્મા સાથે જોડાણ કરવા વિશે ખુલીને વાત કરે છે. હિન્દી ફિલ્મોના બોક્સ ઓફિસનાં અનિશ્ચિતતાઓભર્ય સમયમાં, ખાસ કરીને એક ન્યુ કમર તરીકે, પોતાની છાપ છોડવી એક પડકારજનક કામ બની ગયું છે. રાશા થડાનીએ આ વર્ષે ‘આઝાદ’ ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું અને તેની ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ રહી ન હતી. જોકે,તે પરિસ્થિતિને પડકાર તરીકે નહીં, પણ પ્રેરણા તરીકે જુએ છે. “બિલકુલ, હવે સમય બદલાઈ ગયો છે, પણ મને લાગે છે કે કલાકારો તરીકે આપણું કામ એ છે કે આપણે તે સ્વીકારવાની સાથે આગળ વધીએ.

આપણે એડજસ્ટ થવું પડશે કારણ કે ‘ઓહો, હવે આપણે શું કરીશું?’ એવું વિચારવાનો કોઈ અર્થ નથી અને પસ્તાવો કરવાનું શરૂ કરવું પડશે. હવે જે છે તે આ જ છે અને આપણે તેના પર કામ કરવું પડશે. ફિલ્મ ઉદ્યોગ તરીકે આપણું કામ દર્શકોને જે જોઈએ છે તે આપવાનું છે. આપણું કામ એવી વાર્તાઓ બનાવવાનું છે જે લોકોને થિયેટરમાં જોવી ગમે છે. અમારું કામ તે વાર્તાઓ દ્વારા સુંદરતાથી સંદેશો પહોંચાડવાનું છે અને તે ઘણી પેઢીઓથી કરવામાં આવી રહ્યું છે, તેથી આપણે પણ કામ કરતા રહેવું પડશે. મને ૧૦૦% ખાતરી છે કે આપણે ખૂબ જ ટૂંક સમયમાં વધુ સારો સમય જોઈશું.” ઈન્ટરનેટ પર ટીકા અને સતત પોતાને સાબાત કરતા રહેવા બાબતે રાશાએ કહ્યું, “દરેક પ્રોજેક્ટ સાથે આ વધુને વધુ થતું રહેશે. પરંતુ તે એવી વસ્તુ છે જેને તમે પ્રેરણાના સ્ત્રોત અને પડકાર તરીકે લઈ શકો છો. ભગવાન ના કરે કાલે કંઈક કામ ન કરે અથવા હું કંઈક સારું ન કરું, તો હું બિલકુલ નારાજ થઈશ. પરંતુ તે એવી વસ્તુ છે જેના પર હું પગલા પર લઈ શકું છું અને તેના પર કામ કરું છું, જેથી હું આગામી ફિલ્મ માટે વધુ સારી બની શકું. આવી પરિસ્થિતિમાં હું એવું જ કરવા માંગુ છું અને મને આશા છે કે હું તે કરીશ. દરેકને પોતાના મંતવ્યો રાખવાનો અધિકાર છે અને તેમણે તે વ્યક્ત કરવું જ જોઈએ. પરંતુ, મારા માટે, ટીકા મને વધુ સારું કરવા માટે વધુ પ્રેરિત કરે છે.” હાલમાં, રાશા તેની બીજી ફિલ્મ લાઈકે લાઈકા માટે શૂટિંગ કરી રહી છે. તેની બીજી ફિલ્મમાં, રાશા અભિનેતા અભય વર્મા સાથે જોડી બનાવશે.



# મનીષ મલ્હોત્રાની વિજય વર્મા અને ફાતિમા સાથેની ‘ગુસ્તાખ ઇશ્ક’ નવેમ્બરમાં રિલીઝ થશે

ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ રવિવારે ડિરેક્ટર તરીકેની તેની પહેલી ફિલ્મની જાહેરાત કરી. ‘ગુસ્તાખ ઈશ્ક’ નામની આ ફિલ્મમાં વિજય વર્મા અને ફાતિમા સના શેખ મુખ્ય ભૂમિકામાં છે. આ વર્ષે નવેમ્બરમાં રિલીઝ થવાની તૈયારીમાં છે, આ ફિલ્મનો ફર્સ્ટ લૂક સોમવારે લોંચ કરવામાં આવ્યો છે. ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રા આગામી રોમેન્ટિક ડ્રામા ‘ગુસ્તાખ ઈશ્ક’ સાથે ફિલ્મ ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરવા માટે તૈયાર છે. આ ફિલ્મમાં વિજય વર્મા, ફાતિમા સના શેખ, નસીરુદ્દીન શાહ અને શારિબ હાશ્મી સહિત નોંધપાત્ર કલાકારો છે.આ ફિલ્મ આ નવેમ્બરમાં થિયેટરમાં રિલીઝ થવાની છે. મલ્હોત્રાએ આ નવા સાહસ પાછળ પ્રેરણા તરીકે સિનેમા પ્રત્યેના તેમના જીવનભરના જુસ્સાને જવાબદાર કહ્યો છે. સોમવારે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં, ડિઝાઈનરે કહ્યું, “બાળપણથી જ, હું સિનેમા માટે ઊંડા ઈશ્ક (પ્રેમ) સાથે જીવ્યો છું. વાર્તાઓનો જાદુ, મોટા પડદાની ચમક અને પડદા પર નામ રોલ થયા પછી લાંબા સમય સુધી મનમાં રહી જતી લાગણીઓ.”ત્યારબાદ તેમણે પોતાની પહેલી ફિલ્મની જાહેરાત કરતા કહ્યું, “આ પ્રેમે મારા વ્યક્તિત્વને આકાર આપ્યો છે. આજે, મને સૌથી વધુ આનંદ એ વાતનો છે કે મારું એ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. આ નવેમ્બરમાં, નિર્માતા તરીકે મારી પહેલી ફિલ્મ, ‘ગુસ્તાખ ઈશ્ક - કુછ પહેલે જૈસા’ થિયેટરમાં રિલીઝ થશે.” મલ્હોત્રાએ આગળ કહ્યું, “આ સફર ખાસ, વ્યક્તિગત અને ખરેખર હૃદયથી નજીક છે. બાળપણથી જ ફિલ્મો સાથે મારો ઈશ્ક રહ્યો છે.” આ વર્ષની શરૂઆતમાં, એવા અહેવાલો આવ્યા હતા કે મનિષ મલ્હોત્રા સુપ્રસિદ્ધ અભિનેત્રી મીના કુમારીની બહુપ્રતિક્ષિત બાયોપિક પર ફિલ્મ બનાવી શકે છે. જોકે, તેમણે ગોવામાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)માં એક સેશન દરમિયાન આ સમાચારને નકારી કાઢ્યા હતા. મલ્હોત્રાએ ‘ટૂંક સમયમાં કંઈક બીજું’ ડિરેક્શન કરવાનો સંકેત આપ્યો હતો. તેણે કહ્યું હતું,

# એશિયન શૂટિંગમાં વિમેન્સ ટીમ ઈવેન્ટમાં ભારતને ગોલ્ડ



ઓલિમ્પિયન સિફ્ત કૌર સામરા, અંજુમ મુદગિલ અને આશી ચોક્સેની બનેલી ટીમે એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં મંગળવારે ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. વિમેન્સ ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં ભારતને આ સફળતા મળી હતી. વર્લ્ડ રેકોર્ડ ધારક સામરાએ ૫૮૯, આશીએ ૫૮૬ અને અંજિમ મુદગિલે ૫૭૮ નો સ્કોર કર્યો હતો જેને કારણે આ ત્રિપુટીએ ૧૭૫૩ પોઈન્ટના સ્કોર સાથે મોખરાનો ક્રમ હાંસલ કરીને જાપાનને પાછળ રાખી દીધું હતું. જાપાને ૧૭૫૦ના સ્કોર સાથે સિલ્વર તથા સાઉથ કોરિયાએ ૧૭૪૫ના સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સામરા અને આશીએ આ જ ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં વ્યક્તિગત ઈવેન્ટમાં પણ ભાગ લીધો હતો અને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ બંનેએ ક્વોલિફિકેશન રાઉન્ડમાં અનુક્રમે બીજો અને પાંચમો ક્રમ હાંસલ કર્યો હતો. જોકે અન્ય ભારતીય શૂટર શ્રીયંકા સદાનંદી ક્વોલિફિકેશન રાઉન્ડમાં મોખરે રહી હોવાથી અને તે રેન્કિંગ પોઈન્ટ ઓન્લી (આરપીઓ)માં ભાગ લઈ રહી હોવાથી સમારા અને આશીએ વ્યક્તિગત ઈવેન્ટની આઠ શૂટરની ફાઈનલમાં પ્રથમ અને ચોથા ક્રમાંકિત તરીકે કવોલિફાઈ કરી લીધું હતું. ઉલ્લેખનીય છે કે આરપીઓ શૂટર મેડલ ઈવેન્ટમાં ભાગ લઈ શકતા નથી. અગાઉ સોમવારે ભારતની નેશનલ ગેમ્સ ચેમ્પિયન નીરુ ઢાંડાએ વિમેન્સ ટ્રેપ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારત માટે સોમવારનો દિવસ ઘણી સફળતા લાવનારો બની રહ્યો હતો. જ્યાં મનુ ભાકરે ૧૦ મીટર એક પિસ્તોલમાં વ્યક્તિગત અને ટીમ બંને ઈવેન્ટમાં ભારત માટે બ્રોન્ઝ જીત્યો હતો જ્યારે ઈશા ત્યાર પછીના ક્રમે રહીને સિલ્વર જીતી ગઈ હતી પરંતુ ૨૫ મીટર પિસ્તોલમાં તે બંને પાછળ રહી ગઈ હતી અને મેડલથી વંચિત રહી હતી.

# GSLમાં મલ્ટિમેટ અજેય, ટોપનોચ અને કટારિયા કિંગ્સનો વિજય



ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના સહકારથી મંગળવારે અહીના નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે યોજાયેલી ટેબલ ટેનિસ લીગ ગુજરાત સુપર લીગ (GSL)માં ઓલિમ્પિયન હરમિત દેસાઈની મદદથી મલ્ટિમેટ માર્વેલ્સે તેની વિજયકૂચ આગળ ધપાવીને ૫૭૮ પોઈન્ટ હાંસલ કરી લીધા હતા. મંગળવારે મલ્ટિમેટની ટીમે ભાયાણી સ્ટાર્સ સામે ૧૪૫-૧૩૮થી વિજય હાંસલ કર્યો હતો. ભાયાણી સ્ટાર્સ ૫૩૨ પોઈન્ટ સાથે હાલમાં ચોથા ક્રમે છે.

ત્રીજા ટેબલ પર ગુજરાતની સ્ટાર પેડલર ફ્રેનાઝ છિપીયા અને ચિત્રાક્ષ ભટ્ટે ટોપનોચ એચિવર્સના વર્તમાન ચેમ્પિયન તાપ્તિ ટાઈગર્સ સામેના ૧૪૨-૧૩૨ના વિજયમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ત એચિવર્સ અને ટાઈગર્સ હાલમાં ૫૪૯-૫૪૯ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે.

કટારિયા કિંગ્સે તેના સુકાની અને ભારતના મોખરાના ક્રમના માનુષ શાહે શાનદાર રમત દાખવી હતી અને શામલ સ્કવોડ સામે ૧૩૭-૧૧૮થી વિજય હાંસલ કર્યો હતો. ૫૨૯ પોઈન્ટ સાથે કટારિયા કિંગ્સ પાંચમા ક્રમે છે જ્યારે શામલ સ્કવોડ ૫૧૫ પોઈન્ટ સાથે અંતિમ ક્રમે છે.

અગાઉ મંગળવારે સવારે વર્તમાન ચેમ્પિયન તાપ્તિ ટાઈગર્સે કટારિયા કિંગ્સ સામે ૧૪૨-૧૩૧થી વિજય હાંસલ કર્યો હતો જ્યારે ટેબલમાં મોખરે રહેલી મલ્ટિમેટ માર્વેલ્સે પોતાની અજેય આગેકૂચ આગળ ધપાવીને ટોપનોચ એચિવર્સ સામે ૧૪૦-૧૩૬થી વિજય મેળવ્યો હતો.

# કોલમેન વોંગ ઓપન યુગમાં મેચ જીતનારો હોંગકોંગનો પ્રથમ ખેલાડી બન્યો



હોંગકોંગના ૨૧ વર્ષીય ખેલાડી કોલમેન વોંગે મંગળવારે યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં પ્રથમ રાઉન્ડની મેચ જીતી હતી. આ સાથે તેણે ઈતિહાસ રચી દીધો હતો કેમ કે ઓપન યુગમાં કોઈ ગ્રાન્ડસ્લેમમાં પ્રથમ રાઉન્ડની મેચ જીતનારો તે હોંગકોંગનો પ્રથમ ખેલાડી બન્યો હતો. વોંગ આ મેચ રમતા અગાઉ સારી રીતે જાણતો હતો કે યુએસ ઓપનમાં તે જીતશે તો આમ કરનારો તે પોતાના દેશનો સૌપ્રથમ ટેનિસ ખેલાડી બનવાનો છે.

ટેનિસમાં ઓપન યુગનો પ્રારંભ ૧૯૬૮થી થયો હતો અને ત્યાર બાદ હોંગકોંગનો કોઈ ખેલાડી ગ્રાન્ડસ્લેમમાં એકેય મેચ જીતી શક્યો ન હતો. વોંગે જણાવ્યું હતું કે મારા અને મારા પરિવાર માટે આ મોટી ક્ષણ છે. હોંગકોંગનો લોકો અહીં છે અને મારા દેશમાં તમામ સ્થળે તેઓ આ ક્ષણની રાહ જોઈ રહ્યા હતા.

મારા માટે આ ગૌરવની ક્ષણ છે. વોંગે યુએસ ઓપનમાં પ્રથમ રાઉન્ડની મેચમાં અમેરિકાના એલેકઝાન્ડર કોવાસેવિકને ૬-૪, ૭-૫, ૭-૬થી હરાવ્યો હતો. વોંગ આ અગાઉ યુએસ ઓપન, ઓસ્ટ્રેલિયન ઓપનમાં એક એક વાર અને વિમ્બલડન તથા ફ્રેન્ચ ઓપનમાં બે બે વાર ક્વોલિફિકેશન રાઉન્ડથી આગળ વધી શક્યો ન હતો.

# કોમનવેલ્થ વેઈટ લિફ્ટિંગ: ભારતની કોયલ બારનું વિક્રમી પ્રદર્શન

## કોયલ બારે યૂથ ગર્લ્સમાં નવો વર્લ્ડ રેકોર્ડ અને જુનિયર વિમેન્સમાં કોમનવેલ્થ ગેમ્સ રેકોર્ડ સ્થાપ્યો

કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૫ના બીજા દિવસે ભારતીય વેઈટલિફ્ટર્સે શાનદાર સફળતા અને અનેક રેકોર્ડબ્રેક પ્રદર્શન કર્યા હતા. ભારતની ઉભરતી સ્ટાર કોયલ બારે ૫૩ કિલોગ્રામ વજન વર્ગમાં નવા યૂથ વર્લ્ડ રેકોર્ડ અને કોમનવેલ્થ રેકોર્ડ બનાવીને ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું હતું.

કોયલ બારે કુલ ૧૯૨ કિગ્રા વજન ઊંચક્યું જે ઉત્કૃષ્ટ પ્રદર્શન, યુવા અને જુનિયર વિભાગોમાં ભારતના સિનિયર લિફ્ટર કરતા વધુ છે. તેની આ સફળતા ભારતીય વેઈટલિફ્ટિંગના ભવિષ્ય માટે એક નોંધપાત્ર સંકેત છે. તેનો આ દેખાવ વિશ્વફલક પર ભારતના ઉજ્જવળ ભાવિનો અણસાર આપે છે. કોયલ બારે ૫૩ કિગ્રા વર્ગમાં સ્નેચમાં ૮૫, ક્લીન એન્ડ જર્કમાં ૧૦૭ સહિત કુલ ૧૯૨ કિલોગ્રામ વજન લિફ્ટ કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો તો આ વજન સાથે તેણે નવો વર્લ્ડ રેકોર્ડ પણ નોંધાવ્યો હતો જ્યારે સ્નેચમાં ૮૫ કિલો વજન લિફ્ટ કરીને તેણે નવો વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો. આ ઉપરાંત કોયલે જુનિયર વિમેન્સ કેટેગરીમાં ૫૩



### મંગળવારે યોજાયેલી વિવિધ ઈવેન્ટના પરિણામ

- યૂથ ગર્લ્સ: ૫૩ કિગ્રા સ્ટાન્ડર્ડ: ગોલ્ડ: કોયલ બાર. જુનિયર વિમેન્સ: ૫૩ કિગ્રા કેટેગરી: ગોલ્ડ: કોયલ બાર (ભારત), સિલ્વર: ચોલે પાર્કિન્સ (ઓસ્ટ્રેલિયા), બ્રોન્ઝ: લક્સારાની રાજિકા (શ્રીલંકા).
- સિનિયર વિમેન્સ: ૫૩ કિગ્રા કેટેગરી: ગોલ્ડ: ઓમોલોલા ઓનોમ દિદિહ (નાઈજીરીયા), સિલ્વર: સ્નેહા સોરેન (ભારત), બ્રોન્ઝ: બ્રેના કીન (ઓસ્ટ્રેલિયા).
- યૂથ બોયઝ: ૬૫ કિગ્રા કેટેગરી: ગોલ્ડ: અનિક મોદી (ભારત), સિલ્વર: વેનુરા કરિયાવાસમ બિવિથંથ્રી (શ્રીલંકા), બ્રોન્ઝ: ટાયરેલ મિશેલ સ્ટુઅર્ટ (સાઉથ આફ્રિકા).
- જુનિયર મેન્સ: ૬૫ કિગ્રા કેટેગરી: ગોલ્ડ: યશ ખંડાગલે (ભારત), સિલ્વર: અનોશ એશેન સચિન્થના કરુણારત્ને (શ્રીલંકા), બ્રોન્ઝ: થાપેલો મોસ માલતજી (સાઉથ આફ્રિકા).
- સિનિયર મેન્સ: ૬૫ કિગ્રા કેટેગરી: ગોલ્ડ: મુહમ્મદ અઝનિલ બિન બિદિન (મલેશિયા), સિલ્વર: રાજા મુથુપંડી (ભારત), બ્રોન્ઝ: મોરિયા બારુ (પપુઆ ન્યૂ ગિની).

કિગ્રા વર્ગમાં પણ ૧૯૨ કિલોગ્રામ વજન લિફ્ટ કરીને કોમનવેલ્થ ગેમ્સનો વિક્રમ સ્થાપ્યો હતો. આ ઈવેન્ટમાં ઓસ્ટ્રેલિયાની ચોલે પાર્કિન્સે ૧૬૪ કિગ્રા વજન સાથે સિલ્વર અને શ્રીલંકાની લક્સારાની સચિનીએ ૧૪૬ કિગ્રા વજન સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. કોયલે કોમનવેલ્થ ગેમ્સની સ્નેચ ઈવેન્ટમાં ૮૫ કિગ્રા વજન સાથે ગેમ્સનો નવો રેકોર્ડ સ્થાપ્યો હતો. આ ઉપરાંત ક્લીન એન્ડ જર્કમાં પણ ૧૦૭ કિગ્રા વજન લિફ્ટ કરીને રેકોર્ડ સ્થાપ્યો હતો.

# યુએસ ઓપનમાં મેજર અપસેટ, મેડિસન કીઝ પ્રથમ રાઉન્ડમાં હારી

## ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન મેડિસનનો ૮૨મા ક્રમની મેક્સિકન ખેલાડી રેનાટા સામે પરાસ્ત

યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટની ૨૦૨૫ની સિઝનની શરૂઆતમાં જ મંગળવારે એક મેજર અપસેટ સર્જાયો હતો જેમાં આ વર્ષની ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન મેડિસન કીઝનો પરાજય થયો હતો. મેડિસન કીઝે હજી આ વર્ષે જાન્યુઆરીમાં જ તેની કારકિર્દીમાં પહેલી વાર ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યું હતું પરંતુ ન્યૂયોર્કના ફ્લશિંગ મેડોઝ ખાતે તે પ્રથમ રાઉન્ડમાંથી જ બહાર થઈ ગઈ હતી.

આર્થર એશ સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ રાઉન્ડની મેચમાં મેડિસન કીઝે ૮૯ અનફોર્સ્ડ એરર્સ નોંધાવી હતી અને સાથે સાથે તેના ૧૪ ડબલ ફોલ્ટ્સ પણ હતા. આમ છઠ્ઠા ક્રમની આ ખેલાડી વિશ્વમાં ૮૨મો ક્રમાંક ધરાવતી મેક્સિકોની રેનાટા ઝારાઝુઆ સામે ૬-૭, ૭-૬, ૭-૫થી હારી ગઈ હતી.

મેચ બાદ મેડિસન કીઝે જણાવ્યું હતું કે તાજેતરના ગાળામાં પહેલી વાર હું વધારે નર્વસ થઈ ગઈ હતી. મારી રક્તવાહિનીએ મારી ઉપર અંકુશ મેળવી લીધો હોય તેમ મને લાગતું હતું. ક્યારેક તો જાણે મને લકવો મારી ગયો હોય તેવી લાગણી થતી હતી.

૨૦૧૭માં યુએસ ઓપનની ફાઈનલમાં સલોને સ્ટિફન્સ સામે હારી જતાં રનર્સ અપ રહેલી તથા ૨૦૧૮ અને ૨૦૨૩માં ન્યૂયોર્કમાં જ સેમિફાઈનલ સુધી રમેલી કીઝ આ પરાજયથી અત્યંત નિરાશ થઈ ગઈ હતી. તેણે જણાવ્યું હતું કે મને એમ લાગતું હતું કે હું એકદમ ધીમી પડી ગઈ છું અને હું જે રીતે રમવા માગતી હતી તે રીતે રમી શકતી ન હતી. કદાચ મારા કેટલાક ખરાબ નિર્ણય અને કંગાળ ફૂટવર્કને કારણે આમ બન્યું હોય તેમ મને લાગી રહ્યું છે.

મેડિસન કીઝ મેજર ચેમ્પિયન બની ત્યાર બાદ તે પહેલી વાર યુએસ ઓપનમાં રમી રહી હતી. અગાઉ જાન્યુઆરીમાં તેણે મેલબોર્ન પાર્ક





ખાતે રમાયેલી ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં મોખરાના ક્રમની આર્યના સબાલેન્કાને હરાવીને ટાઈટલ જીત્યું હતું. જોકે ચેમ્પિયન બન્યા પછીની તેની પ્રથમ યુએસ ઓપન ટુર્નામેન્ટમાં તેના અભિયાનનો પ્રારંભ થયો તે સાથે જ અંત આવી ગયો હતો. તેણે જણાવ્યું હતું કે તમે હંમેશાં પ્રથમ રાઉન્ડમાં દહેશત અનુભવતા હો છો અને આ મેચમાં મારી સાથે આમ જ બન્યું હતું. હું જેમ જેમ રમત આગળ ધપતી ગઈ તેમ તેમ વધુને વધુ નર્વસ બનતી જતી હતી. મેડિસન કીઝ આ મેચમાં ઈજાની સમસ્યા સાથે જ રમી રહી હતી કેમ કે તેના ડાબા પગની જાંઘ પર બેન્ડેજ બાંધેલી હતી. આ સાથે તે વારંવાર ભૂલો કરતી પણ જોવા મળી હતી. બીજી તરફ મેક્સિકન ખેલાડી રેનાટા ઝારાઝુઆ આક્રમક બની રહી હતી. આ મેચ જીતવા માટે રેનાટાને માત્ર આઠ વિનર્સની જરૂર પડી હતી. રેનાટા ઝારાઝુઆ આ અગાઉ આઠ વખત ગ્રાન્ડસ્લેમ ટુર્નામેન્ટમાં રમી ચૂકી છે પરંતુ તે પ્રથમ અથવા તો બીજા રાઉન્ડથી આગળ વધી શકી નથી.

આ મેચમાં રેનાટાએ પોતાની હરીફ કરતાં વધુ સારી રીતે દબાણનો સામનો કર્યો હતો અને તેની હરીફ સંઘર્ષ કરી રહી હતી ત્યારે આ મેક્સિકન ખેલાડી આરામથી અને સરળતાથી રમી રહી હતી. સવા પાંચ ફિટની ઉંચાઈ ધરાવતી રેનાટા આ અગાઉ મોખરાના દસ ક્રમમાં હોય તેવી હરીફ સામે આઠ મેચ રમી હતી અને તે તમામમાં તેનો પરાજય થયો હતો પરંતુ આ દિવસ તેનો હતો કેમ કે તેની ઉપર પરાજયનું દબાણ ન હતું અને તે મુક્તપણે રમી રહી હતી. રેનાટાએ મેચ બાદ ટેનિસના સૌથી મોટા એવા આર્થર એશ સ્ટેડિયમ ખાતે જણાવ્યું હતું કે ઉંચાઈમાં હું થોડી નાની છું અને અહીં આવી ત્યારે હું વિચારતી હતી કે ઓહ.. આ તમામ સામે તો હું ઘણી નાની છું પરંતુ ૨૪ હજાર પ્રેક્ષકો સામે મારે મારી રમત દાખવવાની હતી અને તેમાં મને સફળતા સાંપડી તેનાથી ખૂબ ખુશ છું.



# અશ્વિનને આઈપીએલમાંથી નિવૃત્તિ લીધી

ટીમ ઈન્ડિયાના અનુભવી સ્પિન બોલર આર. અશ્વિને હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પછી આઈપીએલમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. અશ્વિન આઈપીએલ ૨૦૨૫ માં ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમનો ભાગ હતો, જોકે તેનું પ્રદર્શન બહુ સારું નહોતું. તે જ સમયે, અશ્વિન કેટલાક દિવસોથી સીએસકે સાથેના વિવાદને કારણે પણ સમાચારમાં હતો. આર અશ્વિને IPLમાં અલગ અલગ ફ્રેન્ચાઈઝી માટે ૨૨૦ મેચ રમી હતી. આ સમય દરમિયાન, તેણે બોલિંગ કરતી વખતે ૧૮૭ વિકેટ લીધી હતી. આ સમય દરમિયાન, તેનું બેસ્ટ બોલિંગ પ્રદર્શન ૩૪ રન આપીને ૪ વિકેટ લેવાનું હતું. બેટિંગ કરતી વખતે, અશ્વિને ૮૩૩ રન બનાવ્યા, જેમાં ૧ અડધી સદીનો સમાવેશ થાય છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરતા આર અશ્વિને લખ્યું, ખાસ દિવસ અને તેથી એક ખાસ શરૂઆત. એવું કહેવાય છે કે દરેક અંતની એક નવી શરૂઆત હોય છે, IPL ક્રિકેટર તરીકે મારો સમય આજે સમાપ્ત થાય છે, પરંતુ વિવિધ લીગમાં રમતના સંશોધક તરીકેનો મારો સમય આજથી શરૂ થાય છે. તેમણે આગળ લખ્યું, હું બધી ફ્રેન્ચાઈઝીઓનો વર્ષોથી અદ્ભુત યાદો અને સંબંધો માટે આભાર માનું છું, અને સૌથી અગત્યનું, IPL અને BCCIનો તેમણે અત્યાર સુધી મને જે આપ્યું છે તે માટે આભાર માનું છું. આગળ જે કંઈ છે તેનો આનંદ માણવા અને તેનો મહત્તમ ઉપયોગ કરવા માટે આતુર છું. આઈપીએલ ૨૦૨૫ આર અશ્વિન માટે કંઈ ખાસ નહોતું. આ સિઝનમાં અશ્વિનને ૯ મેચ રમવાની તક મળી, જેમાં અશ્વિન બોલિંગ કરતી વખતે માત્ર ૭ વિકેટ લઈ શક્યો. આ ઉપરાંત, તેણે બેટિંગ કરતી વખતે માત્ર ૩૩ રન બનાવ્યા.

# ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને એશિયા કપ ૨૦૨૫ પહેલા થશે કરોડોનું નુકસાન? આ નિર્ણયથી બોર્ડ હેરાન!



ભારત સરકારે તાજેતરમાં સંસદમાં ઓનલાઈન ગેમિંગ બિલ ૨૦૨૫ પસાર કર્યું છે. જેના કારણે હવે ડ્રીમ૧૧ જેવી એપ્સ પર પ્રતિબંધ લગાવી શકાય છે. ડ્રીમ૧૧ લાંબા સમયથી ટીમ ઈન્ડિયાની જર્સી સ્પોન્સર હતી.

સરકારના નિર્ણયને કારણે આ ડીલ લગભગ ૧ વર્ષ પહેલા સમાપ્ત થઈ ગઈ હતી. આ સિવાય ખેલાડીઓ ઓનલાઈન ગેમિંગ એપ્સથી પણ કમાણી કરતા હતા, જે હવે બંધ થઈ શકે છે. ભારત સરકારના આ નિર્ણયને કારણે BCCIને હવે કરોડોનું નુકસાન થવાનું છે.

ડ્રીમ ૧૧ અને બીસીસીઆઈ વચ્ચેની ડીલ હવે સમાપ્ત થઈ ગઈ છે. જેના કારણે બોર્ડને પણ મોટું નુકસાન થઈ શકે છે. માત્ર બીસીસીઆઈ જ નહીં પરંતુ ખેલાડીઓને પણ મોટું નુકસાન થશે. ટીમ ઈન્ડિયાના લગભગ તમામ ખેલાડીઓ ઓનલાઈન ગેમિંગ એપ્સનો પ્રચાર કરી રહ્યા હતા.

આ પરિસ્થિતિમાં આ બિલ આવવાથી ખેલાડીઓને નુકસાન સહન કરવું પડશે. મીડિયા રિપોર્ટ મુજબ આ બિલ પસાર થવાથી ભારતીય ખેલાડીઓને લગભગ ૧૫૦ થી ૨૦૦ કરોડનું નુકસાન સહન કરવું પડી શકે છે. વિરાટ કોહલીને અંદાજે ૧૦ કરોડનું નુકસાન સહન કરવું પડી શકે છે જ્યારે ધોની-રોહિતને ૬ થી ૭ કરોડનું નુકસાન સહન કરવું પડી શકે છે.

ટીમ ઈન્ડિયાના જર્સી સ્પોન્સર ડ્રીમ ૧૧ સિવાય ઘણી અન્ય એપ્સ પણ બંધ થઈ શકે છે. જેના કારણે આઈપીએલ પણ જોખમમાં છે. માય ૧૧ સર્કલ આઈપીએલ સીઝન માટે બીસીસીઆઈને ૧૨૫ કરોડ રૂપિયા ચૂકવે છે. આ પરિસ્થિતિમાં આ ડીલ પણ હવે સમાપ્ત થઈ શકે છે. જેના કારણે બીસીસીઆઈને બે તરફી નુકસાન સહન કરવું પડી શકે છે. આ સિવાય KKR, LSG ને SRH જેવી ટીમોને પણ નુકસાન સહન કરવું પડી શકે છે. અન્ય ટીમોને પણ નુકસાન થવાની ધારણા છે.

સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ કેપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, જીતેશ શર્મા (વિકેટકીપર), જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ, સંજુ સેમસન (વિકેટકીપર), રિંકુ સિંહ, હર્ષિત રાણા.

## પ્રેમમાં ભંગાણ થતા ત્રણ વર્ષનો કાનૂની જંગ

# સહમતી સાથેના જાતિય સંબંધ બાદ લગ્નનો ઈન્કાર બળાત્કાર નથી : સુરત સેશન્સ કોર્ટ

### ભોગ બનનારે આરોપી સાથે જતી વખતે કોઈ પણ દબાણ વિના હોટલ અને રેસ્ટોરન્ટમાં ઓળખ કાર્ડ આપ્યા છે, જેથી તેણી સાથે કોઈ બળજબરી થઈ નથી : કોર્ટનું તારણ

**સુરત તા.૨૭**

ત્રણ વર્ષ ચાલેલા એક કેસમાં સહમતી સાથેના જાતીય સંબંધ બાદ લગ્નનો ઈન્કાર બળાત્કાર નથી એવી બચાવ પક્ષની દલીલ માન્ય રાખી સેશન્સ કોર્ટે યુવાનને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

કોર્ટ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ડીંડોલી વિસ્તારમાં રહેતી અને બીબીએનો અભ્યાસ કરતી રીટા (નામ બદલેલ છે) એ પ્રેમ મૂંધવા (રહે. કતારગામ) નામના એમ.ટેક નો અભ્યાસ કરતાં યુવાન સામે જુલાઈ ૨૦૨૨માં બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ઈન્સ્ટાગ્રામ મારફતે મિત્રતા થયા બાદ આરોપીએ લગ્નની લાલચ આપી અનેક વખત તેણી સાથે શારીરિક સંબંધ બનાવ્યા હતા, અને બાદમાં લગ્નનો ઈન્કાર કરી દીધો હતો. જેમાં પોલીસે પ્રેમ મુંધવાની ધરપકડ કરી અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરી હતી. બચાવ પક્ષે એડવોકેટ અશ્વિન જે. જોગડિયાએ દલીલ કરી હતી કે આરોપીએ ફરિયાદી સાથે કોઈ બળજબરી કરી નથી. પ્રેમ સંબંધોમાં ભંગાણ પડતા હાલની ખોટી ફરિયાદ થઈ છે. વધુમાં વડી અદાલતનો ચુકાદો ટાંકીને તેમણે દલીલ કરી હતી કે, લગ્નની લાલચ આપીને શરીર સંબંધ બાંધવામાં આવ્યાનો આક્ષેપ હોય તો તે બળાત્કાર નથી. જે દલીલ માન્ય રાખીને સેશન્સ કોર્ટે આરોપીને છોડી મુકયો હતો.

વધુમાં કોર્ટે ટાંક્યુ હતું કે, ફરિયાદી પોતે શિક્ષિત વ્યક્તિ છે, અને પોતાનું સારા નરસુ સમજી શકે છે. ભોગ બનનાર અને આરોપીની જાતિ અલગ હોવાથી આરોપી અને તેની માતાએ લગ્ન કરવાનો ઈન્કાર કર્યો હતો. તેમ છતાં તેણીએ આરોપી સાથે સંબંધો ચાલુ રાખ્યા હતા. ભોગ બનનારે આરોપી સાથે જતી વખતે કોઈ પણ દબાણ વિના હોટલ અને રેસ્ટોરન્ટમાં ઓળખ કાર્ડ આપ્યા છે. જેથી તેણી સાથે કોઈ બળજબરી થઈ નથી.

## ઘણી વાર પુરુષો કરતાં સ્ત્રીઓમાં સેક્સ કરવાની ઈચ્છા વધુ હોઈ શકે : તબીબી સાહેદની ઉલટ તપાસ

**સુરત, તા.૨૭**

ફરિયાદમાં ભોગ બનનાર યુવતીને આરોપી સાથેના સંબધોથી પેટમાં ગર્ભ રહયાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. પરંતુ કેસની ટ્રાયલ દરમિયાન ગર્ભપાતનો પુરાવો રેકર્ડ પર આવ્યો ન હતો. તથા આરોપી અને ભોગ બનનારના કપડાં અનેક વખત ધોવાઈ ગયા હતા. જેનો લાભ આરોપીને મળ્યો હતો. આ વાતને સમર્થન આપતાં આરોપી ના એડવોકેટ જોગડિયાએ જણાવ્યું હતું કે, અન્ય તબીબી પુરાવા ઉપરાંત ડીએનએ રિપોર્ટમાં પણ ભોગ બનનાર અને આરોપીના સેમ્પલ મેચ થયા ન હતા. વધુમાં ડોક્ટર સાહેદની જુબાનીમાં એ વાત રેકર્ડ આવી હતી કે ભોગ બનનારે તબીબી તપાસ દરમિયાન પોતે ૩૦ થી ૩૫ વખત શારીરિક સંબંધો બનાવ્યા હોવાનું જણાવ્યું છે. જેથી બચાવ પક્ષે ભોગ બનનારને નિમ્ફોમેનિયાની બીમારી હોવાની શંકા વ્યક્ત કરી હતી. ભોગ બનનારની મેડિકલ તપાસ કરનાર ડોક્ટર સાહેદે બચાવ પક્ષે ઉલટ તપાસમાં પૂછેલા પ્રશ્નોના જવાબમાં જણાવ્યું કે ઘણી વાર પુરુષો કરતાં સ્ત્રીઓમાં સેક્સ કરવાની ઈચ્છા વધુ હોઈ શકે. જે સ્ત્રીઓમાં વધુ સેક્સ કરવાની ઈચ્છા હોય તેને મેડિકલ ની ભાષામાં નિમ્ફોમેનિયા કહેવાય છે, અને આ એક પ્રકારની માનસિક બીમારી કહેવાય. આવી બીમારીમાં સ્ત્રી પોતાના પર કંટ્રોલ કરી શકતી નથી.

# સાયણ-શેખપુર રોડ પહોળો કરવા ૫૮૦ લાખ મંજૂર કરાવતા મંત્રી મુકેશભાઈ પટેલ

### સ્થાનિક પ્રજાજનો રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલ સહિત સરકાર નો આભાર માન્યો

સુરત, તા.૨૭

સાયણ-સુગર શેખપુર રેલ્વે ઓવરબીજ નજીક નાં વળાંક નાં જેને લઈ રાહદારીઓને અકસ્માત થવાની જેવી સમસ્યા નું કાયમી નિરાકરણ લાવવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ અનેક લોકોની રજૂઆત ધ્યાને લઈ સ્થાનિક લોકોની રજૂઆત ધ્યાને લઈ રાજયના વન પર્યાવરણ મંત્રી મુકેશ પટેલના પ્રયત્નો લઈ ૫૮૦ લાખ જેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.



સમગ્ર ગુજરાત ની અંદર વિકાસ નાં કાર્યો માં સરકાર ની વધુ ગ્રાન્ટ નો ઉપયોગ ઓલપાડ તાલુકા ની અંદર કરનાર ઓલપાડ તાલુકા નાં ધારાસભ્ય ગુજરાત સરકાર નાં વન પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ નેમ છેકે ઓલપાડ તાલુકા નાં એકપણ ગામો ને વિકાસ થી વંચિત રહેવા દેવો નથી.અને લોકો ની સમસ્યા નો કાયમી નિરાકરણ આવે તેવો પ્રયત્નો કરતાં રહે છે.ત્યારે સાયણ વિકાસ નાં કાર્ય માં વધુ એક મોર પીંછ ઉમેરવા જાઈ રહયું છે.સાયણસુગર-શેખપુર રેલ્વે ઓવરબીજ નાં રોડ સાંકડો હોવાથી તદ ઉપરાંત લેન્ડિંગ ખુબ જ ભયજનક હતું.ત્યારે આ ઓવર બીજ ઉપર થી વાહનો ચાલકો અને રાહદારીઓને ધણી તકલીફ પડતી હતી.અકસ્માત નો ભય પણ રહેતો હતો.વળી રોડ ની લગોલગ નહેર ની કાસ હોવાથી પાણી ને લીધે રોડ તૂટી જવાની સમસ્યા પણ ઉદ્ ભવતી ત્યારે આ સમસ્યા નો કાયમી નિકાલ આવે જેને સાયણ ગામ નાં મહિલા સરપંચ ભાવનાબેન પટેલ,ડે.સરપંચ શૈલેષભાઈ પટેલ,સાયણ તાલુકા પંચાયત સદસ્ય દીપેશ પટેલ,સામાજિક ન્યાય સમિતિ નાં અધ્યક્ષ સાયણ સીટ નાં તાલુકા પંચાયત હેમુભાઈ પાઠક,સ્થાનિક લોકો દ્વારા રાજ્ય નાં મંત્રી મુકેશભાઈ પટેલ આ સમસ્યાનો કાયમી નિરાકરણ આવે જેને લઈ રાજયના મંત્રી મુકેશભાઈ પટેલ ને રજૂઆત કરી હતી.માર્ગ મકાન વિભાગ નાં અધિકારી ઓ દ્વારા સ્થળ તપાસ કરી એસ્ટીમેન બનાવી ગુજરાત સરકાર ને મોકલવામાં આવ્યો હતો.જેને લઈ વન પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ સરકાર ની અંદર ભલામણ કરતાં તેમની ભલામણ થી ૫૮૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરાવી છે.જે કામોમાં રેલવે ઓવરબીજ બન્ને બાજુ ૩.૭૫ મીટર નો આર.સી.સી સર્વિસ રોડ તથા સાયણ કિમ રોડ સુધી હયાત ૩.૫ મીટર નો ડામર ને ૭.૫મીટર પોહળો કરી આર.સી.સી રોડ બનાવી નહેર ની બાજુમાં કાંસમાં ૧૨૦૦ એમ.એમ નાં મોટા નાળા નાંખી ગળનાળુ બનાવવામાં આવશે જેને લઈ સરપંચો,ચૂંટાયેલા પ્રતિનિધિઓ,સંગઠન નાં હોદેદારો સ્થાનિક લોકો મંત્રી મુકેશભાઈ પટેલ અને સરકાર નો આભાર માન્યો હતો.





# ઓલપાડ પોલીસ મથક દ્વારા તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ યોજાયો



સુરત, તા.૨૭

ઓલપાડ વિસ્તારમાંથી ગુમ થયેલ કુલ ૨૦ મોબાઈલ તેમજ બે ટુ-વ્હિલર એમ કુલ મળીને આશરે રૂ.૫,૪૫,૮૮૬ ની કિંમતનો મુદ્દામાલ શોધી કાઢી અરજદારોને પરત આપતી ઓલપાડ પોલીસ તેમજ સાયણગામમાં આવેલ એક સોસાયટી માંથી ગુમ થયેલ ત્રણ વર્ષની બાળકીને શોધી કાઢવામાં મદદ કરનાર નાગરીકને પ્રોત્સાહીત કરતી સુરત પોલીસ.પોલીસ ઈન્સ્પેકટર સી.આર.જાદવના નેતૃત્વ હેઠળ તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ"ઓલપાડ પોલીસ સ્ટેશન ખાતે યોજાયો હતો.આ કાર્યક્રમમાં સુરત ગ્રામ્ય DYSP સરવૈયા પણ હાજર રહ્યા હતા.

વિગત મુજબ ઓલપાડ પો.સ્ટે.ના અ.લો.ર.પ્રતિકભાઈ પ્રવિણભાઈએ"ઝઈંઈ"પોર્ટલનો ઉપયોગ કરી"ઝઈંઈ"માં એન્ટ્રી કરી સતત મોનીટરીંગ રાખી ટેકનીકલ વર્કઆઉટ કરી કુલ-૧૯ જેટલા મોબાઈલ ફોન જેની આશરે કિંમત રૂ. ૪,૨૦,૮૮૬ તેમજ બે ટુ-વ્હીલર જેની કિંમત આશરે રૂ. ૧,૨૫,૦૦૦ એમ કુલ્લે મળી રૂ.૫,૪૫,૮૮૬ નો મુદ્દામાલ શોધી કાઢી અરજદારો ને આપવામાં આવ્યો હતો.તેમજ તા-૨૨.૦૭.૨૦૨૫ ના રોજ સાયણ ગામની એક સોસાયટી માં રહેતા એક ફરીયાદીની દીકરી ઉ.વ.૦૩ની સાંજના છ એક વાગ્યે પોતાના ઘરની નીચે રમવા માટે ગયેલ અને ત્યાંથી રમતા-રમતા કયાંક જતી રહેલ જે બાબતે ઓલપાડ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરેલ.આ ગુમ થનાર બાળકીને શોધી કાઢવામાં તેમજ તેને આશરો આપી માનવતાવાદી અભિગમ દાખવનાર કાંતી (કાંતુ) છગન ડિંડોર(ધંધો-કડીયાકામ રહે.હાલ.રસુલાબાદ સી.એન.જી.પંપની સામેની ગલીમાં સાયણગામ (મૂળ રહે,ડેટકીયા સોટા પોસ્ટ આંબાપુરા જી.બાંસવાડા)ને રૂ.૫૦૦૦ નો ચેક આપી આવી સંવેદનશીલ બાબતમાં પોલીસને મદદ કરનાર નાગરીકના કામને પ્રોત્સાહન રૂપે બિરદાવવામાં આવી હતી.

# બાળકોના વિકાસમાં માતા-પિતાનું સંતુલિત વર્તન જરૂરી : ડો. વિંચુરકર

### ચેમ્બર દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત પેરેન્ટીંગ વિશે વર્કશોપ યોજાયો

સુરત, તા.૨૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત રવિવાર, તા. ૨૪ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે પેરેન્ટીંગ પર વર્કશોપ યોજાયો હતો, જેમાં ડો. સ્વાતિ વિંચુરકર, ડો. દીપા પટેલ અને ડો. કેતન ભરડવાએ વિસ્તૃત જાણકારી આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા સમાજોપયોગી વિવિધ વિષયો પર વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. પેરેન્ટીંગ જેવા વિષય પર નિષ્ણાતો દ્વારા અપાતું માર્ગદર્શન નિશ્ચિતપણે માતા–પિતાને ઉપયોગી સાબિત થાય છે અને તેના થકી સમાજ માટે યોગ્ય નાગરિકનું ઘડતર થશે. ડો. સ્વાતિ વિંચુરકરે Balanced Parenting અંગે સમજણ આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે માતા–પિતાનું સંતુલિત વર્તન અત્યંત આવશ્યક છે. સંતાન પર અતિશય દબાણ કરવાને બદલે તેમને પ્રોત્સાહિત કરીને તેમની ક્ષમતાઓ બહાર લાવવી જોઈએ.

ડો. દીપા પટેલે Adolescent Parenting અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, કિશોરાવસ્થાના બાળકો સાથે વ્યવહાર કરતા સમયે માતા–પિતાએ વિશેષ સંવેદનશીલતા દાખવવી જરૂરી છે. આ ઉંમરે બાળકોમાં શારીરિક તથા માનસિક પરિવર્તનો ઝડપી ગતિએ થતા હોવાથી તેમને સમજવા, યોગ્ય માર્ગદર્શન આપવા અને મિત્રતાપૂર્ણ વાતાવરણ પૂરું પાડવું આવશ્યક છે.

ડો. કેતન ભરડવાએ Media Literacy & Food Literacy અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં બાળકો મીડિયા દ્વારા ઘણી માહિતી મેળવતા હોય છે, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કરવાની સમજ જરૂરી છે. માતા–પિતાએ બાળકોને સાચા–ખોટા માહિતી સ્ત્રોત વચ્ચે તફાવત સમજાવવા સાથે તેમને સંતુલિત અને પૌષ્ટિક આહાર પ્રત્યે પ્રોત્સાહિત કરવું જોઈએ. ખોરાકની આદતો અને મીડિયાના પ્રભાવનો તેમના શારીરિક તથા માનસિક વિકાસ પર સીધો અસરકારક પ્રભાવ પડે છે. ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટીના કો–ચેરમેન ડો. રાજન દેસાઈએ વર્કશોપનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આ વર્કશોપમાં હાજર રહેલા વાલીઓએ પ્રશ્નોત્તરી દ્વારા નિષ્ણાતો પાસેથી પોતાની શંકાઓનું નિરાકરણ મેળવ્યું હતું.

# કાપોદ્રા ખાતે વૃક્ષારોપણ અને સ્વચ્છતાનો કાર્યકમ યોજાયો

### સ્કૂલની વિદ્યાર્થીનીઓ, બેંક તથા મનપા કર્મીઓ દ્વારા સફાઈ અભિયાન

સુરત, તા.૨૭

કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળના માય ભારત-સુરત અને ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંકના સંયુક્ત ઉપક્રમે શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યા સંકુલ-કાપોદ્રા ખાતે 'એક પેડ માં કે નામ' અંતર્ગત પર્યાવરણ જાળવણીના સંદેશ સાથે શાળા તેમજ કાપોદ્રા પોલીસ સ્ટેશન મળી ૮૦ જેટલા વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ સાથે સ્વચ્છતાનો સંદેશ આપવાના હેતુસહ 'પ્રોજેક્ટ સ્વચ્છ નેબરહુડ' હેઠળ જાહેર સ્થળોએ સાફ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

કાર્યક્રમમાં શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યા સંકુલની ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયનની એનસીસી કેડેટ્સ, માય ભારત-સુરતના સ્વયંસેવકો, ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંકના કર્મચારીઓ અને સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે માય ભારત-સુરતના નાયબ નિયામક સચિન શર્મા શાળાના કેમ્પસ ડાયરેક્ટર પ્રવીણભાઈ, બ્રાન્ચ મેનેજર ભાવિન વાડીવાળા, કસ્ટમર રિલેશન મેનેજર અલ્પેશ સુરતી, સેનિટરી ઈન્સ્પેક્ટર અલ્પેશ મહંત, મનોજભાઈ દેવીપુજક, ગૌરવભાઈ પંડયા અને જૈવિક રૈયાણી સહિત એનસીસી ઓફિસર સરિતાબેન ઉપસ્થિત રહ્યા હતા.

# સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવારમાં સત્યનારાયણ કથા

સુરત, તા.૨૭

સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવાર ની સભા ઈશિતા પાર્ક ખાતે યોજાય જેમાં સત્ય નારાયણ ભગવાન ની કથા માં વ્યાસ પીઠ પર થી મહારાજ સંકેત જોશી એ વરિષ્ઠ નાગરિકો ને કથા સાથે જીવન જીવવાની ચાવી આપી ધાર્મિક શ્રધ્ધા અને અંધ શ્રદ્ધા પર ધાર્મિક સામાજિક વ્યવહાર પર સમજ આપી. પરિવાર ના પ્રમુખ નિરંજન પારેખ એ સ્વાગત પ્રવચન કર્યું, હીરાલાલ ચોખાવાળા એ શંખ નાદ અને અવની પંડ્યા એ પ્રાર્થના કરી વાતાવરણ પવિત્ર કર્યું હતું. સભા નું સંચાલન ઉપ પ્રમુખ શીલા ભૂતવાળા અને સભાના અંતે પરેશ ભાટિયા એ રાષ્ટ્ર ગાન કરી સભાનું આભાર વિધિ સાથે સમાપન કર્યું હતું.

**પંજાબમાં**

**પહેલા પાનાનું ચાલુ**

૧૨ પરિવારો રહેતા હતા.પંજાબમાં ભારે વરસાદને કારણે, ૩૦ ઓગસ્ટ સુધી તમામ સ્કૂલો બંધ રાખવામાં આવી છે. રાજયના ૭ જિલ્લાઓ પૂરથી અસરગ્રસ્ત છે. NDRF, SDRF અને સેનાની ટીમો બચાવ કામગીરી કરી રહી છે. અત્યાર સુધીમાં ૯૨ લોકોને વિવિધ સ્થળોએથી બચાવવામાં આવ્યા છે.આજે, રેલવેએ જમ્મુ અને કટરા રેલવે સ્ટેશનો પર રોકાતી અથવા ઉપડતી ૨૨ ટ્રેનો રદ કરી છે. મંગળવારે અગાઉ, ૨૭ ટ્રેનોને રસ્તામાં અધવચ્ચે જ રોકી દેવામાં આવી હતી. મુસાફરોને અન્ય સ્ટેશનો પર ઉતરવું પડ્યું હતું.જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા ૪ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. મંગળવારે ઘણી જગ્યાએ વાદળો ફાટ્યા હતા. કટરા સ્થિત વૈષ્ણોદેવી મંદિર જતા રસ્તા પર ભૂસ્ખલન થયું હતું. અત્યાર સુધીમાં ૩૦ લોકોના મોત થયા છે. ડોડામાં વાદળ ફાટવા અને ભૂસ્ખલનને કારણે ૪ લોકોના મોત થયા છે.ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં યમુના નદીના વધતા જળસ્તરને કારણે ડઝનબંધ ઘરો અને હોટલો પહેલા માળ સુધી પાણીમાં ડૂબી ગયા છે. હિમાચલ પ્રદેશમાં, મંગળવારે કુલ્લુ-મનાલી અને મંડીમાં રેસ્ટોરાં અને ૨૦થી વધુ ઘરો અને દુકાનો બિયાસ નદીમાં ડૂબી ગયા હતા.

**વસઈમાં**

**પહેલા પાનાનું ચાલુ**

બચાવી લેવામાં આવ્યા છે અને વિરાર અને નાલા સોપારાની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.'

આ ઘટના ત્યારે બની જ્યારે ચોથા માળે એક વર્ષની બાળકીના જન્મદિવસની ઉજવણી ચાલી રહી હતી, ત્યારે અચાનક રમાબાઈ એપાર્ટમેન્ટનો એક ભાગ તૂટી પડ્યો હતો. આ બિલ્ડિંગમાં લગભગ ૧૨ પરિવારો રહેતા હતા. હજુ પણ ૨૦-૨૫ લોકો કાટમાળમાં ફસાયેલા હોય શકે છે.નિકોએ જણાવ્યું કે, આ બિલ્ડીંગ એટલી જૂની હતી અને વરસાદના કારણે દીવાલમાં તિરાડ પડી ગઈ હતી. અધિકારાઓ દ્વારા સુરક્ષાના ધોરણને ધ્યાને રાખીને બીજી વિંગને પણ ખાલી કરી દેવામાં આવી છે.

**ભારત પર**

**પહેલા પાનાનું ચાલુ**

લેવાય તેની અસર પડતા પણ લાંબો સમય થશે. સરકાર પણ આ તબકકે કેટલું કરી શકે છે તે મહત્વનું છે. ખાસ કરીને રોજગારનો પ્રશ્ન ઉભો થશે.બીજી તરફ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાનો રીસર્ચ સપોટ કહે છે. ૫૦% ટેરીફથી ૪૫ અબજ ડોલરની નિકાસ પ્રભાવિત થશે. ભારત હાલ વ્યાપાર સરપ્લસ છે જે બાદમાં બદલાઈ જશે.

ભારતીય ઉત્પાદનો સ્પર્ધાત્મક સ્થિતિમાં રહેશે નહી અને ચીન, ઈન્ડોનેશિયા, વિયેટનામ, જાપાન જેવા દેશો લાભ લઈ જશે. જેમ્સ-જવેલરી ક્ષેત્ર ૨૮.૫ અબજ ડોલરની નિકાસ કરે છે જે અડધી થઈ જશે.

**ભારત-પાકને**

**પહેલા પાનાનું ચાલુ**

થઈ રહ્યું છે મે પછી પાકિસ્તાન સાથે વાત કરી હતી અને વ્યાપાર મુદ્દે ચેતવણી આપી હતી. તેઓએ પાકને ઉંચા ટેરીફની ધમકી આપી હોવાનું ટ્રમ્પે જણાવ્યું હતું. કહ્યું કે તમારું માથું ફરી જશે. તમો પરમાણું યુદ્ધ કરવા માંગો છો પણ હું તે થવા દઈશ નહી. ટ્રમ્પે અગાઉ ભારત-પાક યુદ્ધમાં સાત વિમાનો તોડી પડાયાનો દાવો કર્યો હતો પણ તેના કોઈ પુરાવા આવ્યા ન હતા.

**રાહુલ ગાંધીની**

**પહેલા પાનાનું ચાલુ**

તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિન પણ દરભંગામાં યાત્રામાં જોડાશે. તેઓ દરભંગા શાહી દરબાર પાસે જોડાશે. સપા સાંસદ અખિલેશ યાદવ પણ યાત્રામાં જોડાશે તેવી ચર્ચા છે.

રાહુલ, પ્રિયંકા સાથે, CPI(ML) નેતા દીપાંકર ભટ્ટાચાર્ય, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રણદીપ સુરજેવાલા, VIP વડા મુકેશ સાહની પણ બિહાર વિધાનસભામાં હાજર રહેશે.

દરભંગામાં લગભગ ૩૦ કિમીનું અંતર કાપ્યા પછી, તેઓ સાંજે ૪ વાગ્યે મુઝફ્ફરપુરના ગાયઘાટ પહોંચશે. આ યાત્રા અહી ૪ સીટોના ક્ષેત્રમાંથી પસાર થશે - ગાયઘાટ, બોચાહાન, મીનાપુર, ઔરાઈ.

આ ઉપરાંત, નગર વિધાનસભા મતવિસ્તારનો મોટો ભાગ પણ આ યાત્રાથી પ્રભાવિત થશે. નગર બેઠક કોંગ્રેસ પાસે છે. વિજેન્દ્ર ચૌધરી અહીથી ધારાસભ્ય છે.

**સંશોધન માટે**

**પેજ-૨ પાનાનું ચાલુ**

જરૂરી છે. સમાજશાસ્ત્રીય, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવવાથી સમાજની ઘટના/સમસ્યાનો અભ્યાસ સરળ બનશે એમ જણાવી વિદ્યાર્થીઓને શિક્ષણ અને સંશોધન વિષે ઊંડાણપૂર્વક સમજૂતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. મોસમ ત્રિવેદી અને ડૉ. જીતેન્દ્ર વસાવાએ તેમજ આભારવિધિ ડૉ. દિક્ષીતાબેન પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં વિભાગના સૌ અધ્યાપકોએ સહયોગ આપ્યો હતો.

**વીટી ચોક્સી**

**પેજ-૨ પાનાનું ચાલુ**

ગાંધીજીની પ્રેરણાથી 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ' તૈયાર કરવામાં આવ્યો. હાલમાં બહુ ઓછા ગુજરાતીઓ 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ' ઉપયોગ કરે છે, તેને કારણે લેખનમાં અપાર અશુદ્ધિઓ જોવા મળે છે. અંગ્રેજી સ્પેલિંગ કરતાં ગુજરાતી જોડણી અઘરી છે, એવું લોકો માને છે; પણ હકીકત એ છે કે ગુજરાતી જોડણી ઘણી સહેલી છે. ગુજરાતી જોડણી અઘરી લાગવાનાં ઘણાં કારણો છે. ભાષા શિક્ષણને તેમજ શુદ્ધલેખનને મહત્ત્વ ઓછું આપવામાં આવે છે. સાચી જોડણી શીખવવા માટે પૂરતા પ્રયત્નો કરવામાં આવતા નથી. અંગ્રેજી લેખનમાં ભૂલ જોવા મળે તો લોકો તરત સુધારી લે છે, જયારે ગુજરાતીમાં ભૂલ હોય તો કહે ''ચાલે' ! 'શું ફરક પડે ?' દર અઠવાડિયે ભાષાસજ્જતા માટે એક તાસ ફાળવવામાં આવે તો વિદ્યાર્થીઓને સહેલાઈથી સાચી જોડણી શીખવી શકાય. હાલમાં ટૅક્નૉલૉજીના ફળ સ્વરૂપે મોબાઈલમાં 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ' અને 'ભગવદ્ગોમંડળ' ઉપલબ્ધ છે, તેનો સદુપયોગ કરવામાં આવે તો પણ ભાષાસજ્જતાનું ખૂબ મોટું કાર્ય થઈ શએ તેમ છે.

કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થીઓને 'સાચી જોડણી લાગે વહાલી' પુસ્તિકા ભેટમાં આપવામાં આવી હતી.

**સુરમતાં એક વર્ષ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

આફત આવે જ. કોઈ ઓનલાઈન કામ કરીને પૈસા કમાવી શકો છો? કહે ત્યારે થોડુંક વિચારીને, શાંતિથી, લોકો સાથે ચર્ચા કર્યા બાદ કોઈપણ નિર્ણય લો.'

શ્રી ડી.વી. ગામિતે જણાવ્યું હતું કે, 'સમગ્ર વિશ્વમાં પ્રતિ ૩ સેકન્ડે ૧ સાયબર ક્રાઈમ થાય છે. જ્યારે ભારતની વાત કરવામાં આવે તો દેશમાં પ્રતિ ૭ મિનિટે એક સાયબર ક્રાઈમનો કેસ નોંધાય છે. વિશ્વમાં સૌથી વધુ સાયબર ક્રાઈમ રશિયામાં થાય છે. ભારત આ યાદીમાં ૧૦ માં ક્રમાંકે આવે છે. વર્ષ ૨૦૨૪માં સુરતમાં સાઈબર ક્રાઈમના ૨૫ હજાર કેસ નોંધાયા હતા, જેમાં સુરતીઓએ આશરે રૂ. ૧૭૦ કરોડ ગુમાવ્યા હતા. તેમણે વધુમાં સાયબર બુલિંગ તેમજ સાયબર સ્ટોકિંગ વિશે વિસ્તૃતમાં સમજ આપી હતી.'

લેડિઝ વિંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપતા કહ્યું હતું કે, 'આપણી સુરક્ષા આપણા હાથમાં છે.'

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી ઋછ મિતિષ મોદી, ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ અને ચેમ્બરના લેડિઝ વિંગના સભ્યો તેમજ સીનિયર સિટીઝન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.. જ્યારે લેડિઝ વિંગના સભ્ય શ્રીમતી જ્યોતિબેન લાલવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતે, ઉપસ્થિતોને મુંઝવતા તમામ પ્રશ્નોના વક્તાશ્રીઓ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. લેડિઝ વિંગના એડવાઈઝર શ્રીમતી રેશ્માબેન માંડલેવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યાર બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

**આહિર સમાજ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

રહ્યાં હતાં, આ પ્રસંગે સુરત જિલ્લા રાજપૂત કરણી સેનાના પ્રવક્તા તેમજ ૨૮ વર્ષ ની વયે સામાજીક ખ્યાતિ મેળવી ને લોકો ના હદય માં સ્થાન મેળવ્યું હોય એવા પ્રિન્સ મહિડા ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી તેમજ સમગ્ર આહીર સમાજ વતી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું,આ પ્રસંગે પ્રિન્સ મહિડા એ આહીર સમાજ ને સંબોધતા જણાવ્યું હતું કે આહીર સમાજ સાહસિક અને પરાક્રમી સમાજ છે,આ સમાજ પ્રકૃતિ પ્રેમી સમાજ છે,ખાસ કરીને અભ્યાસ પર ધ્યાન આપવામાં આવે અને આવનારા સમય માં આહીર સમાજ ના યુવાનો અભ્યાસ માં આગળ વધે.

**નવસારીની**

**પેજ-૨ પાનાનું ચાલુ**

એન્જિનિયરિંગ કોલેજના, આચાર્ય ડૉ. એચ. એસ. પાટીલ મારફતે બધાજ ખેલાડીઓ અને એમને તૈયાર કરનાર અધ્યાપકો ધવલ પટેલ, પ્રીતેશ રાઠોડ, દક્ષ ટંડેલ, બ્રિજેશ પટેલ તથા કેનાલ ટંડેલને કોલેજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા..

**પશ્ચિમ રેલ્વે**

**પેજ-૨ પાનાનું ચાલુ**

સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૫. ટ્રેન નંબર ૦૪૧૨૬ બાંદ્રા ટર્મિનસ - સુબેદારગંજ સુપરફાસ્ટ સ્પેશિયલ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૪૧૨૫ સુબેદારગંજ - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૬. ટ્રેન નંબર ૦૪૧૫૬ ઉધના - સુબેદારગંજ સ્પેશિયલ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૪૧૫૫ સુબેદારગંજ - ઉધના સ્પેશિયલ ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫.

૭. ટ્રેન નંબર ૦૯૦૨૫ વલસાડ-દાનાપુર સ્પેશિયલ ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૨૬ દાનાપુર - વલસાડ સ્પેશિયલ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૮. ટ્રેન નંબર ૦૯૦૦૭ વલસાડ - ખાટીપુરા સ્પેશિયલ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૦૮ ખાટીપુરા - વલસાડ સ્પેશિયલ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૯. ટ્રેન નંબર ૦૯૦૫૯ ઉધના - ખુર્દા રોડ સ્પેશિયલ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૬૦ ખુર્દા રોડ - ઉધના સ્પેશિયલ ૨ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

૧૦. ટ્રેન નંબર ૦૯૧૧૭ ઉધના - સુબેદારગંજ સ્પેશિયલ ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૧૮ સુબેદારગંજ- ઉધના સ્પેશિયલ ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૧૧. ટ્રેન નંબર ૦૯૦૩૯ ઉધના-ધનબાદ સ્પેશિયલ ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૪૦ ધનબાદ- ઉધના સ્પેશિયલ ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૧૨. ટ્રેન નંબર ૦૯૦૩૧ ઉધના-જયનગર સ્પેશિયલ ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૩૨ જયનગર- ઉધના સ્પેશિયલ ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૧૩. ટ્રેન નંબર ૦૯૦૪૫ ઉધના-પટના સ્પેશિયલ ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૪૬ પટના-ઉધના સ્પેશિયલ ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૧૪. ટ્રેન નંબર ૦૯૧૯૫ વડોદરા-મૌ સ્પેશિયલ ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૯૬ માઉ - વડોદરા સ્પેશિયલ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૧૫. ટ્રેન નંબર ૦૯૩૪૩ ડૉ. આંબેડકર નગર - પટના સ્પેશિયલ ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૩૪૪ પટના - ડૉ. આંબેડકર નગર સ્પેશિયલ ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

**પંસુરી**

**પેજ-૨ પાનાનું ચાલુ**

જુદીજુદી શિષ્યવૃત્તિ મેળવતી પરીક્ષાઓ જેવીકે NMMS, PSE, જ્ઞાન સાધના, ચિત્રકામ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓની કલાને કંડારીને ઉત્તમ પરિણામ મેળવ્યા છે. હાલ તેઓ અંગ્રેજી વિષયને સરળતાથી અને ક્ષતિરહિત કેવી રીતે શીખવી શકાય તે દિશામાં ઉચ્ચ કોટિનું શિક્ષણ શાળામાં આપી રહ્યાં છે. વિદ્યાર્થીઓ માટે ઉપયોગી શૈક્ષણિક ઉપકરણોની વાત કરતાં તેમણે વિવિધ વિષયોનાં TLM તથા શૈક્ષણિક રમકડાઓ દ્વારા વર્ગખંડમાં સચોટ શિક્ષણ પૂરું પાડ્યું છે. વિદ્યાર્થીઓને મજા પડી જાય અને શાળામાં હસતાં-રમતાં શિક્ષણ મેળવે તે દિશામાં નક્કર કામગીરી બાબતે તેમણે પુંસરી ગામને અને પોતાનાં સમાજને ગૌરવ અપાવી દાહોદ જિલ્લાનું નામ રાજ્યભરમાં રોશન કર્યું છે જે અભિનંદનને પાત્ર છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

બુધવાર, તા.૨૭ ઓગષ્ટ ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

સાંધ્ય દૈનિક **પ્રતાપ દર્પણ**

॥ वक्रतुण्ड महाकाय सूर्यकोटि समप्रभ । निर्विघ्नं कुरु मे देव सर्वकार्येषु सर्वदा ॥







ખટોદરા સુમન દેસાઈની વાડી ખાતે વિસત યુવક મંડળ દ્વારા ગણપતિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વિસત યુવક મંડળના શ્રીજી મહારાજ તસ્વીરમાં નજરે પડે છે.



આજથી શ્રીજી મહારાજની ઘર આંગણે વાજતે-ગાજતે પધરામણી થઈ રહી છે. ભાગળ ચાર રસ્તા પાસેથી ગણપતિની ભવ્ય શોભાયાત્રા આજે સવારે નીકળી હતી.

# ઈચ્છાપૂર્તિ શ્રી ગણેશ: જ્યાં ગજકર્ણના કાનમાં કહેલી ઈચ્છા પૂર્ણ થાય છે

## ભટાર કોમ્યુનિટી હોલ ખાતે સાંઈરામ યુવક મંડળના પંડાલમાં ઈચ્છાપૂર્તિ થતા લોકો મંગળમૂર્તિ મૂકી જાય છે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭**

અલથાણ-ભટાર કોમ્પ્યુનિટી હોલ ખાતે સાંઈરામ યુવક મંડળ દ્વારા છેલ્લાં ૧૮ વર્ષથી ધામધૂમથી ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. આ ગણપતિ ઉત્સવમાં ગણેશજીને કાનમાં પોતાની ઈચ્છા કહેવાથી પુરી થતી હોવાની માન્યતા છે. છેલ્લાં ૨ દિવસ દરમિયાન શ્રદ્ધાળું ઓ પોતાની ઈચ્ચા ગણેશજીના કાનમાં કહે છે. જેમની ઈચ્છા પુરી થાય તેવા ૫૦થી ૮૦ લોકો દર વર્ષે મંડપમાં ગણેશજીની મંગલમૂર્તિ મંડપમાં મુકી જાય છે. ગણેશ ઉત્સવમાં ભવ્ય ગણેશ મંડપ બનાવવામાં આવે છે. દર વર્ષે ગણેશ ઉત્સવ દરમિયાન રોજ ૧૦ દિવસ દરમિયાન રોજ ૨૦થી ૨૫ હજાર લોકો દર્શન માટે આવે છે. દર વર્ષે મંડપ અલગ થીમ પર બનાવાવમાં આવે છે. જેને બનાવતા ૧ મહિનાનો સમય થાય છે. ગણેશજીની ભવ્યશોભા યાત્રાનું પણ આયોજન કરવામાં આવે છે.

### આયોજકો જ તમામ ખર્ચ ઉઠાવે છે : કમલ મેવાવાળા

સાંઈરામ યુવક મંડળના આયોજક કમલ મેવાવાલાએ કહ્યું હતું કે, અમારું મંડળ છેલ્લાં ૨૭વર્ષથી ગણપતિ ઉત્સવનું આયોજન કરે છે. મંડળ દ્વારા સ્થાપન કરવામાં આવતા ગણપતિજીમાં લોકોને ખુબ જ શ્રધ્ધા છે, જેને લઈને દર વર્ષે દર્શન કરનાર લોકોની સંખ્યામાં વધારો થતો જાય છે. મંડળમાં આગેવાન ૧૦થી ૧૨ લોકો દ્વારા જ તમામ ખર્ચ કરવામાં આવે છે. અન્ય લોકો પાસેથી ફંડ લેવામાં આવતું નથી.

### ગણેશજીની આરતી ઓરકેસ્ટ્રાથી થાય છે

ગણપતિ ઉત્સવ દરમિયાન મંડપ સહિત આસપાસ ભક્તિભાવનું વાતાવરણ બને તે માટે ગ્રુપ દ્વારા પ્રયાસ કરવામાં આવે છે. શહેરમાં ગણપતિ ઉત્સવમાં ગણેશજીની આરતી ઓરકેસ્ટ્રાથી કરવાની શરૂઆત શહેરમાં પ્રથમ વખત સાંઈરામ યુવક મંડળ દ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત શોભાયાત્રામાં નાસિક ઢોલ લાવાવની શરૂઆત પણ આ ગ્રુપ દ્વારા જ કરવામાં આવી હતી.

### ગજરાજ થીમ પર પેલેસ

મંડળ દ્વારા દર વર્ષે વિશેષ થીમ પર મંડપ તૈયાર કરવામાં આવે છે. ગત વર્ષે પેલેસ બનાવવામાં આવ્યો હતો. આ વર્ષે ગજરાજ થીમ પર મહેલ બનાવવાનું આયોજન મંડળ દ્વારા કરવામાં આવ્યું છે. જેના માટે મુંબઈ અને કલકત્તાથી ખાસ કારીગરો આવ્યા છે. ગજરાજ થીમ પર મંડપ બનાવવા માટે એક મહિનાનો સમય લાગશે. મંડપ ૬૦ ફૂટ પહોળો, ૧૫૦ ફૂટ લંબાઈ અને ૫૦ ફૂટની ઉંચાઈ વાળો છે. ૫૦ કારીગરો એક મહિનો મહેનત કરીને ગજરાજ થીમ પર મંડપ બનાવશે.

### ભક્તિ સાથે સેવાનો ભાવ

ગણપતિ ઉત્સવના ૧૦ દિવસ દરમિયાન વિવિધ સેવાકિય પ્રવૃતિ સાંઈરામ યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને બ્લડ ડોનેશન કેમ્પ અને સ્કૂલના વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ પણ કરવામાં આવે છે. દર વર્ષે બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા ૩૦૦ બ્લડની બોટલ એકત્ર કરવામાં આવે છે. આ ઉપરાંત ૧ હજારથી વધારે નોટબુકનું વિતરણ કરવામાં આવે છે.

# ગણેશોત્સવનો પ્રારંભ : વહેલી સવાર સુધી શહેરના માર્ગો પર ડીજેના તાલે શ્રીજીની પ્રતિમાની પધરામણી

## ઠેર ઠેર લોકો ઉમટી પડ્યાં : પોલીસે કડક બંદોબસ્ત જાળવ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭**

માયા નગરી મુંબઈ બાદ સુરતના ગણેશોત્સવને મોટો માનવામાં આવે છે. હજારોની સંખ્યામાં નાની મોટી શ્રીજીની પ્રતિમાઓનું દર વર્ષે સુરતમાં સ્થાપન કરવામાં આવે છે ત્યારે આ વર્ષે છેક છેલ્લી ઘડી સુધી ગણપતિની પ્રતિમાઓ યુવક મંડળો લાવતા નજરે પડ્યા હતા. ગઈકાલે સાંજથી મોડી રાત્રિ સુધી શહેરના માર્ગો ઉપર રોનક જોવા મળી હતી. જાણે દિવાળી હોય તેમ શહેરનું આકાશ શ્રીજી આગમન સમયે થતી સતત આતાશબાજીથી રંગાયું હતું. ખાસ કરીને કોટ વિસ્તારમાં ગણેશ પંડોળ સુધી પ્રતિમાને લાવવા માટે ભવ્ય આગમન યાત્રા કાઢવામાં આવી હતી. દરમિયાન આજે વહેલી સવારથી વિવિધ મૂહુર્ત પ્રમાણે ગણેશ ચર્તુથીના પાવન દિવસે દુંદાળા દેવની ભક્તિ ભાવ ભર્યા માહૌલમાં શ્રીજી ભક્તોએ સ્થાપના કરીને આરતી કરી હતી. લાડુ સહિતના પ્રસાદો ભગવાનને ધરાવીને આજથી ગણેશ ચર્તુથીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સતત ૧૦ દિવસ સુધી ભક્તો વિઘ્નહર્તા અને શાસ્ત્રોમાં સૌ પ્રથમ પુજ્ય ગણેશજીની પુજા અર્ચના કરશે.

ગણેશ ચર્તુથીની પુર્વ સંધ્યાથી લઈ મોડી રાત્રિ સુધી શહેરના રાજમાર્ગ સહિતના વિસ્તારોમાં શ્રીજીની આગમન યાત્રાને જોવા માટે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. પોલીસ દ્વારા પણ છેલ્લી ઘડી સુધી ચુસ્ત બંદોબસ્ત જાળવીને ટ્રાફિક સહિતની તમામ બાબતો ઉપર ધ્યાન આપવામાં આવ્યું હતું. મોડી રાત્રિ સુધી ઢોલ-નગારા ડી.જેના તાલ ગુંજતા રહ્યા હતા. વિઘ્નહર્તાને આવકારવા માટે ભક્તોએ અવ-નવા ટ્રેન્ડમાં પોશાક તેમજ યાત્રામાં વિશેષ રીતે કંઈક નવી ઝલકો બતાવી હતી. શહેરનું આકાશ પણ આતાશબાજીના રંગોથી રંગાયું હતું.

### મોડી રાત્રી સુધી શહેરમાં ખાણી-પીણીની લારીઓ ધમધમતી રહી

ગણેશ ચર્તુથીની આગલી રાત્રે શહેરનાં માર્ગો ઉપર આગમન યાત્રાઓ નિકળવા સાથે તેને જોવા માટે આખુ શહેર જાણે રસ્તા પર ઉતર્યું હોય તેમ દરેક ઠેકાણે મોડી રાત્રિ સુધી લોકોની ચહલ પહલ જોવા મળી હતી. દરમિયાન રાત્રિના સમયે ખમણ સહિતની લારીઓ ઉપર તેમજ ટી-સ્ટોલ ઉપર સુરતીઓ નાસ્તાની મજા માણતા પણ નજરે પડ્યા હતા. ખાણી પીણીના શોખીન ગણાતા સુરતીલાલાઓ મોડી રાત્રે ખમણ ખાવાનું પણ ચૂક્તા નથી તેમ દરેક જગ્યાએ નાસ્તાની લારીઓ તેમજ ટી-સ્ટોલ ઉપર લોકોની લાઈનો લાગી હતી.

# રિધ્દ્રિ સિધ્દ્રીના સ્વામી વિઘ્નહર્તાનું આગમન, ૭૫ હજાર મૂર્તિની સ્થાપના

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭**

શહેરમાં આજથી ગણેશ ચર્તુથીનો પ્રારંભ થયો છે ત્યારે સુરત શહેરની શ્રી ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા પરિમીટનું વિતરણ પણ શરૂ કરાયું છે અત્યાર સુધીમાં ગણેશ ઉત્સવ સમિતિ પાસેથી ૩૫૦૦ જેટલી પરમીટો ઈસ્યુ કરવામાં આવી છે. શહેરમાં દર વર્ષે ૭૦ હજારથી વધુ નાની મોટી શ્રીજી પ્રતિમાનું સ્થાપન કરવામાં આવે છે ત્યારે આ વર્ષે એક અંદાજ પ્રમાણે મૂર્તિઓની સંખ્યા વધી છે શહેરમાં આ વર્ષે ૭૫ થી ૮૦ હજાર પ્રતિમાઓનું સ્થાપના કરવામાં આવ્યું છે.

સુરત શહેર ગણેશ ઉત્સવ સમિતિના પ્રમુખ અનિલ બિસ્કીટવાળાએ જણાવ્યું હતુ કે સુરત શહેરનો ગણેશોત્સવ પણ ખુબ ધામ ધુમથી ઉજવાય છે મુંબઈ બાદ આપણે ત્યાં સૌથી વધુ પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવે છે ત્યારે આ વર્ષે ૭૫ થી ૮૦ હજાર જેટલી ગણેશ પ્રતિમાઓનું અલગ-અલગ પંડાળોમાં સ્થાપન કરવામાં આવ્યું છે. જેમાં માટીની ૫ ફુટની પ્રતિમા અને પીઓપીની ૯ ફુટ સુધીની પ્રતિમાઓને પરમીટ ઈસ્યુ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા ૩૫૦૦ પરમીટ ઈસ્યુ કરવામાં આવી છે. વધુમાં અનિલ બિસ્કીટવાલાએ જણાવ્યું હતુ કે, મોટી પ્રતિમાઓનું ડુમસ તેમજ હજીરાના દરીયા કાંઠે વિસર્જન કરવામાં આવશે.

# લાજપોર જેલમાંથી ચાર મોબાઈલ ફોન મળી આવ્યા

## ઝડતી સ્કવોર્ડનું ચેકિંગ, જેલ પ્રશાસનને ફરિયાદ નોંધાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭**

લાજપોર મધ્યસ્થ જેલમાં ગઈકાલે શિસ્ત અને સલામતિના ભાગરૂપે જેલ ઈન્ચાર્જ દ્વારા સ્ટાફ સાથે જેલ બેરેક અને યાર્ડમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ત્યારે વોશબેસીન, ટોઈલેટ તેમજ ખુણે ખાચરેથી ચાર મોબાઈલ મળી આવતા આ મામલે સચીન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

સચીન પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર લાજપોર મધ્યસ્થ જેલ સ્ટાફ કમ્પાઉન્ડમાં રહેતા અને ઈન્ચાર્જ જેલર ગ્રુપ-૨માં ફરજ બજાવતા રાકેશ સવજીભાઈ કુડેચા તેમની ગઈ તા.૨૫મીના રોજ જેલર તરીકેની ડ્યુટી હતી. દરમિયાન રાત્રિના ૧૦ વાગ્યાની આસપાસ જેલ સલામતીના ભાગરૂપે ઝડતી સ્કવોડના ઈન્ચાર્જ જેલર દિપક બી.ભાભોર અને ટીમ સાથે જેલમાં તપાસ કરાઈ હતી. દરમિયાન જેલના યાર્ડ નં.બી-૯ની પાછળના ભાગે ખુણામાંથી એક મોબાઈલ તેમજ યાર્ડ નં.એ-૧૧ની બેરેક નં.૬માંથી ટોઈલેટ પાસેથી એક મોબાઈલ તેમજ યાર્ડ નંબર સી-૩ની બેરેક નં.૧ના વોશબેશીનની બાજુમાંથી તેમજ વોશબેસેનની પાળીના ઉપરના ભાગેથી મોબાઈલ ફોન તેમજ બેટરી અને ડેટા કેબલ મળી આવ્યા હતા. મળેલા તમામ મોબાઈલ કેચોડા કંપનીના હતા. આ મામલે સચીન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, જેલમાંથી છાશવારે મોબાઈલ ફોન મળી આવે છે પરંતુ મોબાઈલ અંદર આવે છે ક્યાંથી તેના મુળ સુધી કોઈ પહોંચી શક્તુ નથી.

# જૈન દેરાસરોમાં સંવત્સરી પર્વ ભવ્યાતિભવ્ય આંગી

## પર્યુષણ મહાપર્વની પુર્ણાહૂતિ સાથે ઉપાશ્રયોમાં ક્ષમા યાચના

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭**

જૈન સમાજના સૌથી પવિત્ર તહેવાર પર્યુષણ પર્વની આજે પુર્ણાહૂતિ સાથે સંવત્સરીની ઉજવણી કરવામાં આવી છે. જૈન ધર્મ પરંપરા મુજબ પર્યુષણ પર્વને આત્મસુદ્ધિ અને ક્ષમાપના માટેનો પાવન દિવસ ગણવામાં આવે છે. આજના સંવત્સરી અવસરે વર્ષ દરમિયાન જાણે અજાણે થયેલા મતભેદ તથા મન દુઃખ અંગે મિચ્છામી દુક્કડં કહીને ક્ષમા માંગવાની ધાર્મિક પરંપરા છે. આજે સવારથી જ ઉપાશ્રયોમાં જૈન લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે. અને મિચ્છામી દુક્કડં કહીને ક્ષમાપના પર્વની ઉજવણી કરી રહ્યા છે. જ્યારે વિવિધ ઉપાશ્રયોમાં સંવત્સરી પર્વ એ સામૂહિક પ્રતિકાયણ પણ કરવામાં આવી રહ્યું છે. અને દેરાસરોમાં ભગવાનની ભવ્યાતિભવ્ય આંગી પણ કરવામાં આવી છે.

# અંકલેશ્વરમાં શ્રીજી આગમન યાત્રામાં બે ઘટના : આઠ ઘાયલ, બાળકીનું મોત

## ડીજેનો ટેમ્પો ભક્તો પર ફરી વળ્યો, આખલો ઘૂસી જતા અફડા તફડી

**પ્રતાપ પ્રતિનિધિ, અંકલેશ્વર, તા.૨૭**

અંકલેશ્વરમાં ગણેશ મહોત્સવના પ્રારંભ પૂર્વે જ શ્રીજીની આગમનયાત્રા દરમિયાન બે અલગ-અલગ દુર્ઘટના સર્જાઈ છે, જેમાં એક બાળકીનું કરુણ મોત થયું છે અને અન્ય આઠથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાઓએ ગણેશ મહોત્સવની ઉજવણીની શરૂઆતમાં જ ચિંતાનો માહોલ ઊભો કર્યો છે.

અંકલેશ્વરના ગડખોલથી અંદાડાને જોડતા રોડ પર હરિકૃપા સોસાયટીની આગમનયાત્રામાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ડી.જે.ના ટેમ્પાની પાછળ નાચી રહેલા બાળકો પર અચાનક જ રિવર્સ આવતો ટેમ્પો ફરી વળ્યો. આ ઘટનામાં પાંચ વર્ષની બાળકી નવ્યા પ્રવીણસિંહનું ગંભીર ઈજાઓને કારણે કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણ બાળક, દિયાન, જનક અને કૃષ્ણાને ઈજા પહોંચતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ટેમ્પોના અસલી ચાલક રાકેશે વાહન ચલાવવાની જવાબદારી ચિરાગ વ્યાસ નામના વ્યક્તિને સોંપી હતી. ચિરાગ વ્યાસે ટેમ્પો પરથી કાબૂ ગુમાવતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અન્ય એક ઘટનામાં, અંકલેશ્વર GIDCના COP-7 ગ્રુપની આગમનયાત્રામાં ઢોલના મોટા અવાજથી ભડકીને એક આખલો ઘૂસી આવ્યો હતો. આખલાના આતંકના કારણે યાત્રામાં અફરાતફરી મચી ગઈ હતી. આખલાએ ચાર મહિલા સહિત આઠથી દસ લોકોને અડફેટે લીધા હતા, જેના કારણે તેમને નાની-મોટી ઈજાઓ થઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે જયાબેન મોદી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

# ડીંડોલી ખાતે રોડ કોન્ટ્રક્ટરની ગંભીર બેદરકારી, ફાયર વિભાગની ગાડી ખાડામાં ખાબકી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭**

સુરત ડિંડોલી ખાતે રોડ-રસ્તા બનાવનાર કોન્ટ્રાક્ટરની ગંભીર લાપરવાઈ સામે આવી હતી. કુદરતી અથવા આકસ્મિક હોનારત સમયે બચાવ કામગીરી માટે દોડી જતી ફાયરની ઈમરજન્સી ગાડી જ આજે ડિંડોલીના બિસ્માર રોડ ઉપર ફસાઈ જતા પાલિકા તંત્રની ઘોર બેદરકારી ઉજાગર થઈ હતી.

દર વર્ષે ચોમાસાની ઋતુમાં પહેલા જ વરસાદમાં પાલિકાના તંત્રની પોલ ઉઘાડી પડતી હોય છે. વરસાદમાં રોડ-રસ્તા ધોવાઈ જાય છે. જેના કારણે રોડ રસ્તાઓ ઉપર મોટા-મોટા ખાડા પડી જાય છે. જ્યારે હજુ પણ શહેરના મોટા ભાગના વિસ્તારોમાં ખાડાઓ છે જ. જેના કારણે નાના-મોટા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. થોડા દિવસ પહેલા ખાડાના કારણે બાઈક ચાલકને અકસ્માત થતા એક વ્યક્તિનું મોત પણ થયું હતું.

જ્યારે એક વિડીયો સોશિયલ મિડીયમાં ખુબ જ વાયરલ થયો રહ્યો છે. જેમાં ડિંડોલી વિસ્તારમાં કચરાના પ્લાન્ટ પાસે કાચા રોડ ઉપરથી એક ફાયર વિભાગની ઈમરજન્સી ગાડી પસાર થઈ રહી હતી. ત્યારે કાચા રોડ ઉપર આ ફાયરની ગાડી ફસાઈ ગઈ હતી.

સાંધ્ય દૈનિક **પ્રતાપ દર્પણ**

**પ્રતાપ દર્પણને શ્રીજીની સ્થાપનાનો ફોટો મોકલો**

**ગૌરીપુત્ર શ્રી ગણેશજીની ઠેર ઠેર સ્થાપના કરવામાં આવે છે. વિવિધ મંડળો, શેરી-મહોલ્લાના શ્રીજીની પ્રતિમાનો ફોટો પ્રતાપ દર્પણમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી ગણેશ આયોજકોએ વ્હોટ્સએપ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫ ઉપર શ્રીજીની પ્રતિમા, મંડળનું નામ, વિસ્તાર લખીને મોકલવા.**

# લોનના નામે વરાછાના યુવક સાથે છેતરપિંડી

## બે અજાણ્યા ઓનલાઈન ચીટરો રૂા.૩૮ હજાર પડાવી ગયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૭**

વરાછા વિસ્તારમાં રહેતા યુવકને લોન અપાવવાનાં બહાને અજાણ્યા મોબાઈલ નંબર તેમજ વોટ્સએપથી સંપર્ક કરીને બે ઠગબાજોએ પ્રોસેસીંગ ફી પેટે ગૂગલ પે મારફતે રૂ.૩૮ હજાર ટ્રાન્સફર કરાવી લઈ છેતરપિંડી કરી હોવાની ફરીયાદ ભોગબનનાર યુવાને વરાછા પોલીસ મથકે નોંધાવી હતી.

વરાછા પોલીસ પાસેથી મળતી વિગત અનુસાર મુળ ભાવનગર જિલ્લાનો વતી અને હાલ વરાછા લંબે હનુમાન રોડ અભયનગરમાં રહેતો હિરેન બાબુભાઈ મકવાણા ઉ.વ.૨૫ હીરા મજુરીનું કામ કરે છે.

દરમિયાન ગઈ તા.૪ જુન ૨૦૨૫ના રોજ તેને બપોરના સમયે એક મોબાઈલ નંબર ઉપરથી પ્રમોદ સર તેમજ વોટ્સએપથી વાત કરનાર ભેજાબાજે લોન અપાવવાને બહાને વાતોમાં ભોળવીને લોનની પ્રોસેસ ફીના બહાને હીરેન મકવાણા પાસેથી ૩૮ હજાર બેંક લીંક ગુગલ પે મારફતે ટ્રાન્સફર કરાવી લીધી હતા. સાયબર ફ્રોડ અંગે વરાછા પોલીસ સ્ટેશનમાં હીરેન મકવાણાએ ફરીયાદ નોંધાવી હતી.



સુરત શહેરમાં વિતેલા દિવસોમાં દેમાર વરસાદને કારણે ઠેર ઠેર રસ્તાઓનું ધોવાણ થયું હતું. ત્યારે ગણેશોત્સવ પ્રારંભ થતા વિસર્જન વેળા આ ખાડાઓને કારણે કોઈ દુર્ઘટના ન બને એ માટે સુરત મનપા તંત્ર દ્વારા રસ્તા રિકાર્પેટિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. (તસવીર : હનીફ મલેક)